
# વિદ્યા વાહિની



ભગવાન શ્રી સત્ય સાઇ બાબા

Scanned with

# વિદ્યા વાહિની

{ઉન્નત કરતા વિચારોનો પ્રવાહ }

# પ્રસ્તાવના

બાબાએ સ્પષ્ટ કહ્યું છે કે વિદ્યા શબ્દ આ વાહિની {વિચારના પ્રવાહ} માટે વપરાયો છે, તેનો અર્થ {યા} તે જે {વિદ} 'ઉન્નત કરે' છે તે. આ અર્થમાં આત્મા વિદ્યા, બ્રહ્મ વિદ્યા, વિગેરે ...., શબ્દપ્રયોગોને આગળ લાવવામાં આવ્યા છે તેમજ પ્રશાંતિ નિલયમના પટાંગણને વિદ્યાગિરી નામ સુધ્ધા આપવામાં આવ્યું છે કારણ તે ઇન્સ્ટિટ્યૂટ ઓફ હાયર લર્નિંગથી બનેલું છે તેથી તે શબ્દો વપરાયા છે. લોવર લર્નિંગ {દુન્યવી શિક્ષણ}. જેનો વ્યવહાર સિધ્ધાંતો, અનુમાનો, કલ્પનાઓ, નિષ્કર્ષો અને રચનાઓ સાથે છે તે તુલનાત્મક રીતે ઓછું ઉપયોગી છે તે વિષેની જાગૃતતા બાબા આપણામાં લાવે છે. ઉન્નત શિક્ષણ સત્યમ, શિવમ, સુન્દરમ, સત્ય, શ્રેષ્ઠત્વ અને સુંદરતાને જાણવા અને બનવા માટે સાર્વત્રિક ઉત્કટ ઈચ્છાને ઉજાળીને વિસ્તૃત કરે છે. માનવજાતિ ઉપર જે ખોટા ખ્યાલો લાદવામાં આવ્યા છે જેનાથી તે અંધ બની જુસ્સાથી દુન્યવી શિક્ષણ પ્રાપ્ત કરવા મથી રહ્યો છે તેને સુધારવા માટેના મિશનનું કાર્ય જાતે પોતાના ઉપર લાદીને પુરુષો વચ્ચે પુરુષ બનીને આવ્યા છે. નીચલી કક્ષાનું શિક્ષણ માનવજાતને તળિયા વિનાના ખાડા તરફ નીચે ધકેલી રહ્યું છે, જે તેની કબરની ઘોર ઢળતો ભય બતાવી રહ્યું છે તેને માટે તેણે વહાણને તળિયે પણ સફર કરવી પડશે. વિદ્યા માત્ર તેનો ઉપાય છે.

બાળપણથી બાબા કેળવણીકાર તરીકે મોખરે છે, ગ્રામવાસીઓ તેમને પ્રેમથી ગુરુ તરીકે સંબોધે છે. તેમને ખચકાયા વિના પુટ્ટપર્તીમાં વડીલોને, શાળામાં શિક્ષકોને, જ્ઞાતિના મુખીઓને પ્રાણીઓ તરફ નિર્દયતા અને શ્રમજીવીઓનું શોષણ, વ્યાજવટું અને જુગાર, પંડિતાઈનો ડોળ અને નિરક્ષરતા, દંભ અને ખોટા આડંબરની સામે ચેતવણી આપી છે. તે નાના કિશોર શિક્ષકે ઉપહાસ અને મશ્કરી, વિડંબન અને ટીકા, કાવ્યો અને નાટકો દ્વારા સમાજ જેણે આવા દ્રષ્ટોને માન આપી અથવા તેને સહન કરી લીધેલા તેને સુધાર્યો છે. ઈ.સ. ૧૯૪૩માં, જયારે તેઓ માત્ર સત્તર વર્ષની ઉંમરના હતા ત્યારે તેમણે સ્ત્રીઓ અને પુરુષોના સમૂહ ભજનો ધ્વારા સત્ય, નીતિ, શાંતિ, પ્રેમ અને અહિંસાના સર્વ સામાન્ય માનવ મૂલ્યોને યાદ કરાવ્યા હતા. વિદ્યા, ઉચ્ચ શિક્ષણ, આ પાયાની પ્રાપ્તિઓ તેના ઉપાસકો ઉપર બક્ષી શકે છે.

જેમ કૃષ્ણ ભગવાને અર્જુનને કહ્યું હતું, 'આધ્યાત્મ વિદ્યા, વિદ્યાનામ' 'બધી વિદ્યામાં હું આત્મા વિદ્યા છું' આત્માના સત્યને શોધ. આ વિદ્યા જ દુનિયાને આત્મહત્યા માંથી બચાવી શકે તેમ છે. સત્ય અને સંપૂર્ણતા અથવા સમગ્રતાની શોધ માટે એકતા અને પવિત્રતા સાધનો છે. તે એકની જાગૃતતા અથવા જ્ઞાન આખી પ્રક્રિયાની પરિપૂર્ણતા છે. આ સંદેશો જ તેમના છેલ્લા પાંચ દસકાના દરેકે દરેક પ્રવચનોનો હેતુ અને સાર છે.

આ મૂલ્યવાન પુસ્તકના ઓગણીસ લેખો આપણને અધ્યયન કરવાની તક પુરી પડે છે. પૃથ્વી ઉપર તેમજ આપણી અંદર શાંતિ અને સ્વતંત્રતાને સ્થાપવા માટેનું અસરકારક સાધન શિક્ષણ છે, જેને ફરીથી તેની અસલ મોભાની સ્થિતિ ઉપર લાવવા માટે તેના સિધ્ધાંતોનું સ્પષ્ટીકરણ કરી આપણને માર્ગદર્શન આપે તેવી વિનંતીઓના જવાબમાં તેમણે લખ્યા છે.

એન. કસ્તુરી
સંપાદક, સનાતન સારથી
પ્રશાંતિ નિલયમ
૧૪ જાન્યુઆરી, ૧૯૮૪

# અનુક્રમણિકા


પ્રકરણ ૧ ....................................................૫

પ્રકરણ ૨ ....................................................૯

પ્રકરણ ૩ ....................................................૧૩

પ્રકરણ ૪ ....................................................૧૭

પ્રકરણ ૫....................................................૨૧

પ્રકરણ ૬....................................................૨૫

પ્રકરણ ૭....................................................૨૮

પ્રકરણ ૮....................................................૩૨

પ્રકરણ ૯ ....................................................૩૬

પ્રકરણ ૧૦ ..................................................૪૦

પ્રકરણ ૧૧ ..................................................૪૪

પ્રકરણ ૧૨ ..............................................૪૮

પ્રકરણ ૧૩ .................................................૫૨

પ્રકરણ ૧૪ .................................................૫૬

પ્રકરણ ૧૫ .................................................૫૯

પ્રકરણ ૧૬ ..................................................૬૩

પ્રકરણ ૧૭ ..................................................૬૬

પ્રકરણ ૧૮ ..................................................૭૦

પ્રકરણ ૧૯ ..................................................૭૨

## પ્રકરણ ૧

તેને જેને ઉગમ નથી તેને  આરંભની ખબર નથી. દરેક વસ્તુ અથવા કંઈપણ ના હતું તે પહેલાં તે હતું. તેની પહેલાં કશું હતું નહીં, તે મુખ્ય કારણને લઈને, તેનો અંત નથી. તેની ઈચ્છા કરે તેટલું ફેલાઈ શકે છે, તેને લાગે તે પ્રમાણે વિવિધ રીતે પ્રગતિ કરી શકે, અને તેની પૂર્ણતાથી વિશ્વને પણ ભરી દે છે. આ સર્વોચ્ચ તત્વનું જ્ઞાન વિદ્યા, જ્ઞાન, ડાહપણ, જાગૃકતા તરીકે ઓળખાય છે.

વિશ્વની મોહક સુંદરતાની અંદર રહેલા સર્વોપરી રહસ્યને ઘણા ઋષિઓએ  તેમના ઉન્નત થયેલા હૃદયોમાં આ અનુપમ ચેતનાના નાનાવિધ દ્રશ્યોને અનુભવ્યા છે. તે પરમાનંદમાં ડૂબી જવાની આત્માની જન્મજાત તરસ ને જાગ્રત કરવા, માનવજાતિ તરફેની કરુણાએ તેમને માનવીની ભાષા દ્વારા તે દ્રશ્યોની માહિતી આપવા પ્રેર્યા છે. વિદ્યાએ ઋષિઓના હૃદયમાં આ ઉત્કટ ઈચ્છાને ઉત્પન્ન કરી છે.

ધ્વનિ એ વેદોનો મૂળ હાર્દ છે. ધ્વનિ એકરાગતા અને મધુર સ્વર સાથે જોડાયેલા છે અને તેથી વેદોને સાંભળવાના અને તેમાંથી મળતી તન્મયતાને લેવાના છે. તેના ઉપર કોઈ પૃથક્કરણ કરવાનું કે વાદવિવાદ કરવાનો કે નિર્ણય કરવાનો નથી. આ કારણથી વેદોને શ્રુતિ કહેવાય છે {તે જે સાંભળેલું છે }. તેના ઉચ્ચારણને માત્ર સાંભળવાથી, આત્મા અને પરમાનંદની જાગૃકતા તે જે બક્ષે છે તેને પ્રાપ્ત કરી શકાય છે. આ રીતે જે પરમાનંદ મેળવાયો હોય છે તે શબ્દો અને કાર્યોમાં  પ્રગટ થઈને ચારે બાજુએ શાંતિને બક્ષે છે.

ઘણા લોકો જુદીજુદી તત્વજ્ઞાનના વિચારોની શાખાઓને દર્શાવવા માટે સામાન્ય રીતે વેદાંત શબ્દનો ઉપયોગ કરે છે. પરંતુ વેદાંત તો ફક્ત વેદિક સાહિત્યનો વિશિષ્ટ વિભાગ છે. ઉપનિષદોને લગતા બધા શાસ્ત્રો પણ વેદાંતનો એક વિભાગ બને છે. વેદિક વિચારોનું નિષ્કર્ષ વેદાંત છે. વેદો પોતે જ પરમ તત્વ તરફની અમૂલ્ય માર્ગદર્શિકા છે. જયારે માણસ પોતાનાથી બહારની પ્રકૃતિની સુઘડતા અને સુંદરતા ઉપર ચિંતન કરે છે ત્યારે આનંદ ઉદ્ભવે છે અને તેનું ગુણગાન કરે છે તે સમયે તેના આત્મામાંથી હર્ષોન્માદનો પ્રવાહ વહે છે - તે ઋગ્વેદની ઋચાઓ છે. સામવેદ કિંમતી શાબ્દિક ખજાનો છે જે મનુષ્યને તેના સર્જક અને સર્જનની પ્રશંસાને ગીતોમાં ગાવા શક્તિમાન કરે છે. આ દુનિયાના અને પરની દુનિયાના ગૂઢ રહસ્યોને જે વિગતવાર ઝીણવટથી વિસ્તાર પૂર્વક સમજાવેલા છે તે અથર્વવેદ કહેવાય છે. વિધિઓ અને રિતીરિવાજોની

વ્યાખ્યાઓ પછી તે લાભકારક હોય કે પુણ્ય કમાનાર હોય કે બલિદાનને લગતી હોય તે બધાને એકત્રિત કરી વ્યવસ્થિત કરેલું શાસ્ત્ર યજુર્વેદ છે.

વૈદિક સાહિત્યનો ચાર વિભાગમાં સંગ્રહ કરાયો છે - દરેકને જુદું નામ અપાયું છે - તેને ચાર વધુ શાખાઓ છે - મંત્રો, બ્રાહ્મણો, અરણ્યકો અને ઉપનિષદો. મંત્ર પુસ્તકને સંહિતા પણ કહેવાય છે; બધા પવિત્ર સૂત્રોને તેમાં સાથે એકત્રિત કરાયા છે. તેમના ઉપયોગ અને સાધનોની પદ્ધતિઓને અને તેમના યોગ્ય ઉચ્ચારણથી મળતા લાભોને જે પુસ્તકમાં  વર્ણવાયા છે તેને બ્રાહ્મણો તરીકે ઓળખાય છે. બ્રહ્મ શબ્દના ઘણા અર્થો છે. બ્રાહ્મણો શબ્દ પ્રયોગનો અર્થ મંત્ર થાય. બ્રાહ્મણો મોટે ભાગે વિધિઓ અને તેની સમાન બાહ્ય પ્રવૃતિઓ સાથે વ્યવહાર કરે છે. તેમછતાં, અરણ્યકો અંદરના ભાવાર્થ તથા ભીતરની શિસ્ત જેવી કે ઇન્દ્રિયોને અંદર ખેંચવી અને આસક્તિને દૂર કરવી, સાથે વ્યવહાર કરે છે. ઉપનિષદો બે માર્ગોનો સુમેળ કરવાનો, તત્વજ્ઞાનની રીતે પૃથક્કરણ કરી, પ્રયત્ન કરે છે. તેઓ વૈદિક અભ્યાસનો અંતિમ તબક્કો બનાવે છે, અને તેને વેદાંત કહેવાય છે. વૈદિક  ઉપદેશોના અર્ક તરીકે પણ તેમની ગણતરી કરી શકાય છે. તેઓ આખા વૈદિક શાસ્ત્રનો સારતત્વ છે. જયારે જ્ઞાન દ્વારા વેદોને આત્મસાત કરાય છે, ત્યારે દૂધને વલોવી માખણ બહાર આવે છે તેના જેવું છે.

અત્યાર સુધી વૈદિક સાહિત્યના જુદા જુદા સ્વરૂપોનો ઉલેખ કર્યો છે તે અત્યંત પ્રાચીન જ્ઞાનનો વિદ્યાનો સંગ્રહ છે, 'ઉપ-નિ -ષદ' -મૂળ શબ્દ 'સદ' ધાતુમાંથી બનેલો છે તેને બે શબ્દો 'ઉપ' અને 'નિ' ઉપસર્ગ તરીકે જોડાયા છે. 'સદ' નો અર્થ બેસવું. તેનો બીજો પણ અર્થ 'નાશ કરવો' થાય છે. 'નિ' નો અર્થ 'સ્થિર' , 'શિસ્ત'. 'ઉપ' નો અર્થ 'નજદીક' છે. આચાર્ય કે ઉપદેશકની નજીક શિષ્યએ બેસવાનું છે, અને તેને જે માહિતી આપાય છે તેના ઉપર સ્થિર ધ્યાન આપવાનું છે. ત્યાર પછી જ જ્ઞાનનો ખજાનો અને વિવેકનું કૌશલ્ય તે શીખી શકશે.

ઉપનિષદો. બ્રહ્મસૂત્રો અને ભગવદગીતા - આ ભારતીય તત્વજ્ઞાનના વિચારના પાયાના મૂળિયાં છે. તે ત્રણ ભેગા પ્રસ્થાન ત્રય, ત્રણ આધારસ્થંભો તરીકે જાણીતા છે.

આ ભૌતિક પદાર્થોની દુનિયા જે આપણી આંખોને દ્રશ્યમાન બને છે, જે આપણી ઇન્દ્રિયોને ખુશ કરે છે, જે આપણા મનને મોહિત કરી, મગજને માહિતી આપે છે તે આવી છે. પરંતુ આજ દુનિયામાં અને તેની દ્વારા પહોંચી શકાય તેવી એક અભૌતિક આંતરિક દુનિયા છે. જયારે તેની જાણ થાય છે, ત્યારે બંને દુનિયા પોતાની જાતને પ્રગટ કરે છે કે તેઓ એકજ અવિભાજિત

ચૈતન્યની આંશિક અભિવ્યક્તિ છે. એકજ પૂર્ણના તેઓ એક બીજાના પૂરક છે. પરબ્રહ્મ જે પૂર્ણ છે તેમાંથી જીવ {વ્યક્તિ, તે જે પૂરક છે} ઉત્પન્ન થાય છે. જયારે જીવ આ ભૌતિક દેહ જેમાં તે પુરાયેલો છે તેને ત્યજી દે છે, ત્યારે શાશ્વત વૈશ્વિક ચેતના ફરી પરિપૂર્ણ બને છે, જે પરબ્રહ્મ સિદ્ધાંત છે, પૂર્ણમ અદમ (તે પૂર્ણ છે), પૂર્ણમ ઇદં (આ પૂર્ણ છે), પૂર્ણાત્ત પૂર્ણમ ઉદ્દચ્યતે(પૂર્ણમાંથી પૂર્ણ ઉદ્દભવે છે), પૂર્ણસ્ય (પૂર્ણમાંથી) પૂર્ણમ આદય (જયારે પૂર્ણ લેવામાં આવે ) પૂર્ણમ એવ (ત્યારે માત્ર પૂર્ણ જ ) અવશિષ્યતે (રહી જાય છે).

વિદ્યા અથવા શિક્ષણની ક્રિયા વ્યક્તિને શીખવે છે કે વિશ્વ એ ઈશ્વરની લીલાનું પ્રગટીકરણ છે અને બીજું કશું નથી. ઉપનિષદો આ સત્યને આ રીતે વ્યક્ત કરે છે. ઈશાવાસ્યમ ઈદમ જગત. આ દુનિયા ઈશ્વરનું રહેઠાણ છે. તેથી કોઈપણ વ્યક્તિ અંગત માલિકીની ભાવના અથવા તો અહંકારની ભાવનાનો અંશ માત્ર પણ મનમાં લાવી નહિ શકે. આસક્તિની લાગણીને ત્યજી દો; ઈશ્વર ની હાજરી ને દરેક જગ્યાએ મહેસૂસ કરો. ઈશ્વર જે આનંદના મૂર્ત સ્વરૂપ છે, તે જે આનંદ તમારા ઉપર બક્ષે છે તેને આવકારો અને કોઈપણ ઈચ્છાથી બંધાયા વિના તેને આભારની લાગણી સાથે અનુભવો. આ ઋષિઓ, સાધુઓ અને દ્રષ્ટાઓનો સંદેશો છે.

'હું ' અને 'તમે' એ લાગણીઓ છોડી દો; ત્યાર પછી જ 'તે' જે 'હું' કે 'મારુ' નથી તેના મહિમાને સમજી શકશો. આનો અર્થ એવો નથી કે બધી વસ્તુને ત્યજી દેવી. સાચી વિદ્યા (તમને) દોરે છે કે જંજાળમાં ફસાયા વિના, નિર્મોહી બની, કર્તવ્યની અપેક્ષા પ્રમાણે દુનિયામાં વ્યવહાર કરો. તમારી પ્રવૃત્તિ શુદ્ધ કે પવિત્ર છે તેની ખાતરીની અગ્નિપરીક્ષા તે બંધનને અવગણે છે કે આસક્તિને વધારે છે તેના ઉપરથી થાય છે. પ્રવૃત્તિ અશુદ્ધ કે પાપયુક્ત છે તેને ચકાસી જોવાનું કે તે લોભમાંથી ઉત્પન્ન થાય છે કે તે લોભને વધારે છે તે અગ્નિપરીક્ષા નક્કી કરશે. વિદ્યામાંથી આ પાઠ શીખાય છે. તમારી કાયદેસરની ફરજોને પુરી કરવાના હેતુથી, તમે ઈશ્વરને પ્રાર્થના કરી શકો કે તમને સો વર્ષ જીવતા રાખે. તમે દોષને માથે વહોરી નહિ લેશો. તેથી, વિદ્યા તમને સલાહ આપે છે કે પ્રવૃત્તિમાં તેના લક્ષણો અને પરિણામને પુરા સમજ્યા પછી જોડાવાનું.

પ્રાણીઓ માત્ર બીજા પ્રાણીઓને જ મારી નાખે છે. પરંતુ જેને આત્માની દ્રષ્ટિ કે તે પોતે આત્મા છે, તે પ્રાપ્ત કરી નથી તેવો અંધજન પોતાનીજાતને મારી નાખે છે. અને વિદ્યા ચેતવણી આપે છે કે જે વ્યક્તિ આ ગુન્હો કરે છે તે વ્યક્તિ ગાઢ રાત્રિમાં ડૂબેલા ભયાનક પ્રદેશમાં ચાલી જાય છે. વિદ્યા, સર્વોપરી જ્ઞાન, મનુષ્યને માટે આત્માના 'લક્ષણો' ને વર્ણવવાનો પ્રયત્નો કરે છે. આત્માને ગતિ કે હલચલ નથી પરંતુ તે દરેક જગ્યાએ હાજર છે. દેવો ગમે તેટલા ઝડપી

હોવાછતાં પણ તેની સાથે કદમ મિલાવી શકતા નથી. આપણે તેના અસ્તિત્વની અપેક્ષા કરીએ તેની ઘણા પહેલાં તે તેને પ્રગટ કરે છે. આત્મા અવિકારી છે અને સર્વવ્યાપી છે. વિદ્યા વ્યક્ત કરે છે કે તેનો નિર્ણય કરી માર્યાદિત કરવાનું કાર્ય અશક્ય છે.

જયારે વ્યક્તિ સર્વોપરી જ્ઞાન અથવા ઉચ્ચ સ્તરની વિદ્યા પ્રાપ્ત કરે છે, ત્યારે 'દ્વન્દ્વો' જેવા કે - આત્મા અને અનાત્મા, વિદ્યા અને અવિદ્યા, વિકાસ અને વિનાશ વચ્ચેના તફાવતો લુપ્ત થાય છે. ઋષિઓ અને સાધકોએ ઊંચા સ્તરની એકતાને પ્રાપ્ત કરી છે તેને માટેનો સંઘર્ષ અને સફળતાનો ઇતિહાસ વિદ્યાની પ્રેરણાથી સાહિત્યમાં સાચવી રખાયો છે. એ સ્તરવાળા ઋષિઓ માટે, વિદ્યા અવિદ્યા જેટલી જ ભયજનક છે. તેઓ તે બંનેના ગૂઢ ઉગમો અને પરિણામોથી જાગ્રત છે. અવિદ્યા દ્વારા તેઓ મૃત્યુને જીતવા અને વિદ્યા દ્વારા અમૃતત્વને પ્રાપ્ત કરવાને શક્તિમાન બને છે.

## પ્રકરણ ૨

જયારે શુદ્ધ મન પોતાના પ્રકાશને પ્રગટ કરે છે ત્યારે જ ફક્ત વ્યક્તિ વિદ્યા અથવા ઉચ્ચ શિક્ષણના ઉમદા ભાવાર્થને ગ્રહણ કરી શકે અથવા તો તેની માહિતી બીજાને પહોંચાડી શકે છે. ઓરડો અત્યંત સાફ રાખ્યો હોય જેથી તેની અંદર સાપ, વીંછી, કે કોઈપણ ઝેરી જંતુ દાખલ નહિ થઇ શકે. તેમને અંધારી ગંદી જગ્યામાં જ રહેવાનું ગમે છે. તેવા જ કારણથી, જે હૃદયોમાં અંધકાર અને ગંદવાડો હોય, ત્યાં પવિત્ર જ્ઞાન ઉદભવી ન શકે. તેને બદલે, ક્રોધ જેવા ઝેરી સંતાનો જ તેવા હૃદયોને અનુકૂળ આશ્રયસ્થાન તરીકે સ્વીકારશે.

વ્યક્તિ કોલસાને તેના રંગથી મુક્ત કરવાની ઈચ્છા કરતો હોય, પણ સાબુ અને પાણી શું કરી શકે? તેમજ દૂધથી તે ટુકડાને ધોવાથી કોઈ મદદ નહિ થઇ શકે. માત્ર એકજ સાધન છે, તેને અગ્નિમાં મૂકી દો. તે જ રીતે, જયારે વ્યક્તિ અંધકારના અજ્ઞાનને અને ઈચ્છાઓના ગંદવાડનો નાશ કરવા આતુર હોય, તો આત્મજ્ઞાન અથવા આત્માની જાગૃકતા, અથવા બીજા શબ્દોમાં, બ્રહ્મનું જ્ઞાન (બ્રહ્મ વિદ્યા) ને પ્રાપ્ત કરવી જોઈએ. પ્રકાશની મદદથી જ અંધકારનો અંત લાવી શકાશે. અંધકારને વધુ અંધકારના પ્રહારથી દબાવી દેવાશે નહીં. અંદરના અંધકારનો નાશ કરવા વ્યક્તિને વિદ્યાના પ્રકાશની જરૂર છે. વિદ્યા આંતરિક પ્રકાશ પૂરો પાડે છે. ગીતામાં જે સર્વોત્તમ પુરુષના યોગની વાત કરી છે તે વિદ્યા પ્રમાણભૂત પુરુષોત્તમ યોગ છે, તે જ સર્વોત્તમનું જ્ઞાન, ઉચ્ચ શિક્ષણ વિદ્યા છે. આ વિદ્યા ને પૈસાથી ખરીદી શકાય નહીં અથવા મિત્રો પાસેથી મેળવી શકાય નહીં કે લાગતી વળગતી કંપનીઓ પાસેથી ઓર્ડર કરી મેળવી શકાય નહીં. દરેક વ્યક્તિએ પોતે પોતાને માટે  જાતે તેને આત્મસાત કરી દ્રઢ શ્રદ્ધા અને પ્રખર ભક્તિ દ્વારા મેળવવાની છે.

'ઈશ્વર કોઈપણ ઠેકાણે નથી (God is no where)' એ શબ્દો બદલાયા વિના રહી શકે; તેનો સામનો કરવાનો કે વિરોધ કરવાનો રહેતો નથી. વાંચવા માટે ફક્ત એટલું જ જરૂરનું છે કે 'વ્હેર' નો જે 'ડબ્લ્યુ' છે તેને આગળ 'નો' ની સાથે જોડવાથી તે 'હવે ઈશ્વર અહીં છે (god is now here )' એમ બનશે. નકારાત્મક એકાએક હકારાત્મક બની જશે. તેજ પ્રમાણે, માત્ર વિવિધ દિશાની દ્રષ્ટિને હવે એક જ દિશા વિશ્વ તરફ એકત્રિત કરી વાળવાથી, તફાવતો અને ભેદો અદ્રશ્ય થઇ અને અનેક એક બની જશે.

'રામકૃષ્ણ પરમહંસ ' જયદેવ, ગૌરાંગ, તુકારામ, તુલસીદાસ, રામદાસ, કબીરદાસ, શારદાદેવી, મીરા, સકુબાઈ, મલ્લમ્મા - આ બધાઓએ બાહ્ય પદાર્થો ના વિવેચનો ઉપર અને ઘણા વિજ્ઞાનના અને ધર્મગ્રંથોના સ્પષ્ટિકરણો ઉપર પ્રભુત્વ મેળવ્યું ન હતું; તેમછતાં આજે પણ, બધા ધર્મોના અનુયાયીઓ, બધી માન્યતાના આશ્રયદાતાઓ અને બધા દેશના વતનીઓ તેમને પૂજે છે. આત્મામાં દ્રઢ શ્રદ્ધા, જે તેમણે મનના  શુદ્ધિકરણ દ્વારા પ્રાપ્ત કરી છે તેમાં દેખીતી રીતે તેનું કારણ રહેલું છે. ફક્ત વિદ્યાએ જ તેમને પવિત્રતા અને સ્પષ્ટતા તેમના ઉપર બક્ષેલી હતી.

તે પવિત્ર પુરુષોએ તેમના હૃદયમાં જે હતું, તેમને જે લાગેલું અથવા અનુભવેલું બરોબર તે જ કહ્યું છે. તેમછતાં, આજના વિદ્યાનો દાવો કરનારાઓનો વિચાર કરો. શું એ સત્ય નથી કે તે લાખોમાંનો એક, પણ બરાબર, તે જ બોલશે જે તેના હૃદયમાં છે ? તેઓ વર્ષમાં એક દિવસ સત્ય સ્વરૂપના ભગવાન, અથવા નારાયણ, અથવા સત્યનારાયણની, અસત્યના ભગવાનની પૂજા કરે છે. આ જાતની પૂજાથી બાહ્ય પદાર્થોની વિદ્વતા માટેની ભૂખ પેદા થાય છે. શું આ જ્ઞાનને વિદ્યા કહેવાય? ના. કદાપિ નહીં.

થાળીમાં મુકેલી વાનગી, જયારે આપણે તેને ખાધી ના હોય અથવા તો તે કોઈ ભૂખ્યા માણસને અપાઈ હોય, પરંતુ તે વાપર્યા વિના જ પડી રહી હોય, તો તે બગડી જાય છે. તે જ પ્રમાણે, જયારે આપણા દોષો અને ઊણપોને, ક્યાં તો આપણા પોતાના પ્રયત્નોથી અથવા જેઓ શુદ્ધિકરણની ક્રિયામાં સફળ થયા છે તેવા પરોપકારી આત્માઓની સલાહને માની સુધારવામાં ન આવે, તો આપણી જિંદગીના ભાવિનો વિચાર કરો કે તે શું હોઈ શકે? જે રીતે ઉકાળેલી દાળનું વાસણ લાંબી સમય બાજુ ઉપર રાખવાથી વાસ મારશે તે પ્રમાણે જિંદગી વાસ મારશે. એક પિતા તેના પુત્રની સિદ્ધિઓને વખાણે છે અને અંતમાં કહે છે , ' તેનામાં માત્ર બે નાના અવગુણો છે. તે બે છે; (૧) તેના દોષોની તેને તેને ખબર નથી અને (૨) જો બીજા તેને તે દોષો બતાવે તો તે સાંભળવા માટે તૈયાર નથી ,'તેના જેવું તે છે. આ તે ભૂતકાળમાં બનેલું છે. પરંતુ આજે, એક જ દીકરો નહીં પણ એકેએક દીકરાઓ તેવી કરુણા અવસ્થામાં છે. આ રીતે ફરિયાદ કરવાનું દરેક પિતા માટે બહુ સ્વાભાવિક બની ગયું છે. તેઓ જે વિદ્યા મેળવવાનો દાવો કરે છે તેની શું આ કિંમત છે ?

બાળકો પ્રકૃતિથી ઘણા સારા  છે; પરંતુ દોષ તેમને અપાતી વિદ્યાની પદ્ધતિમાં છે. બેશક, બધા તે હકીકતથી જાણકાર છે, પરંતુ દરેક જણ તેને સુધારવાના કામથી અચકાય છે. આ મોટામાં મોટી નબળાઈ છે. લાખો રીતે સલાહ આપવાનું સહેલું છે, પરંતુ એક વસ્તુનું પણ

આચરણ થતું નથી. 'પ્રાથમિક શાળાથી માંડીને વિશ્વવિદ્યાલય સુધીની પદ્ધતિનું રૂપાંતર કરવાની જરૂર છે' - છાપાઓમાં આની જાહેરાત કરી સૂચનાઓ પણ અપાઈ ગઈ છે; પરંતુ કોઈપણ તેને ફેરફાર કરતો દેખાતો નથી અથવા તો ચોકકસ રીતે ક્યાં ફેરફારો કરવાના અને કેવી રીતે કરવાના તેને બતાવતા દેખાતા નથી. પદ્ધતિની ખામીઓને કોઈપણ આગળ લાવી બતાવતું નથી.

સત્ય એ છે કે આધ્યાત્મિક, નૈતિક અને આચરણના મૂલ્યો જે માનવ સિદ્ધિના તાજ સમાન છે તેની કોઈ ગણના જ નથી. જયારે વ્યક્તિઓ કોઈ પદવી ધરાવતા નથી, ત્યારે તેઓ શિક્ષણ ઉપર નિબંધો અને લેખો લખે છે અથવા મંચ ઉપરથી પોપટના જેવી વાતો કરે છે. જયારે તે જ વ્યક્તિ કોઈ સત્તાની પદવી પ્રાપ્ત કરે છે, તેમને આગળ જે જાહેર કર્યું છે તેનાથી વિરુદ્ધના જ કાયદાઓ ઘડે છે.

લોહચુંબક લોખંડ ને પોતાની તરફ આકર્ષે પરંતુ તે લોખંડના ટુકડા જે ધૂળ અને કાંટાથી ઢંકાયેલા હોય તેને તે આકર્ષી શકે નહીં. ચોકકસ, મંચ ઉપરના ભાષણો સારા હોય છે; આચરણ જ પંગુ બને છે. જ્યાંસુધી, આ બીમારીને સાજી નહીં કરાય, ત્યાંસુધી શિક્ષણ અને સાચી વિધ્વતા તેના મૂલ્યને પ્રગટ કરી નહીં શકે. લોખંડના ટુકડા ઉપરની ધૂળ અને કાટને સાફ કરી દેવા જોઈએ જેથી લોહચુંબક તેને આકર્ષી શકે. જયારે મન આ રીતે ચળકે તેવું સાફ કરી દેવાય, ત્યારે તેના ઉપરની અસર, જેમ કવિ કહે છે તેમ, 'મહાત્માની નિશાની, એક વિચાર, એક શબ્દ, એક વર્તન છે તે દેખાય છે.' જયારે આ ત્રણેની સંવાદિત હોય તો તે મનુષ્યની કિંમતનો સાચો પૂરાવો છે. મનુષ્યએ પોતાની સ્વેછાથી, આ અમૂલ્ય હક્કનો હવે ઇન્કાર કર્યો છે. કારણ, આત્મ વિદ્યા જે સાચી અસલી વિદ્યા શીખવા જેવી છે તેનાથી તે અણજાણછે.

રામકૃષ્ણ પરમહંસના સમકાલીન તરીકે ઘણા વિદ્વાનો, પંડિતો અને નિષ્ણાતો ફાલી નીકળ્યા છે. પરંતુ આત્માની જાગૃકતાએ તેમને કોઈપણ હદ સુધી પ્રકાશમાન કર્યા નથી. પરિણામે, વિદ્વાનો, પંડિતો અને નિષ્ણતોના નામ આજે સંભળાતા નથી. રામકૃષ્ણનું નામ, જેઓ કોઈ પણ ભૌતિક અથવા પદાર્થોના ક્ષેત્રની વિદ્વત્તાના જ્ઞાનનો દાવો કરી શકતા નથી, તેમછતાં પણ તેમનું એકલાનું નામ આખી દુનિયામાં પ્રસરી ગયું છે. તેનું કારણ શું છે ? ખાંડ ભેળવેલું પાણી અને સાદું પાણી, બંનેને જોતા તો એક સરખા લાગે છે. પીઓ, પછી તમે એકને શરબત તરીકે અને બીજાને ખાલી પાણી તરીકે જુદા પડી શકો છો.

પરમહંસ ના શબ્દો સર્વોચ્ચ જ્ઞાનથી ભરપૂર છે. વિદ્વાનોના શબ્દો પુસ્તકીય વિદ્વતામાં તરબોળ થયેલા છે. બડાઈ હાંકનાર પંડિતોએ પુસ્તકોના પાનાનું કાળજીપૂર્વક અધ્યયન કરી આર્થિક લાભ પાછળ પડેલા છે. તેઓ દિવ્ય તરફ દોડતા નથી. તમે ગમે તેટલો જોરદાર પ્રયત્ન કરો પણ પાણીમાં ભીંજાઈ ગયેલી દિવાસળીને ઘસો પણ તે અગ્નિ ઉત્પન્ન કરશે નહીં. તે ઉપરાંત, તેઓ જે ડબ્બીમાં રહે છે તેને પણ ખરાબ કરશે. તે જ રીતે, દુન્યવી ઈચ્છાઓ અને વિચારોમાં તરબોળ હૃદયવાળા પોપટિયા - ઉપદેશોને આપશે પરંતુ તેમની પાસે માત્ર સાંભળનારા જ રહેશે, આચરણ કરનારા નહીં. તેઓ સલાહને મેળવશે પરંતુ તેનો સ્વીકાર નહીં કરે અથવા તે પ્રમાણે વર્તન નહીં કરે.

દુનિયામાં દરેક ઘટનાની પાછળ વિશેષ કારણ હોય છે જે જ્ઞાનને લાવે છે. ચોક્કસ, વસ્તુઓને જાણ્યા સિવાય હોઈ શકે નહીં. જ્ઞાન પોતે બે જાતનું છે: દેખીતું અને છૂપું, સીધું અને આડકતરું, પ્રત્યક્ષ અને પરોક્ષ, સાચું અને સ્પષ્ટ. પ્રત્યક્ષ અથવા અપરોક્ષ (દેખીતું જ્ઞાન) બીજાના શબ્દોમાંથી કાન અને બીજી ઇન્દ્રિયો દ્વારા મેળવાય છે. પરોક્ષ (અથવા છૂપું), સાચા જ્ઞાનને અનેક્તાની ખબર નથી; તે પદાર્થો અને આકર્ષણો જે મનમાં અડ્ડો જમાવે છે તેનું પૃથક્કરણ કરી સમજે છે. તે મનને શુદ્ધ કરે છે અને હૃદયની દ્રષ્ટિને વિશાળ બનાવે છે.

આજે શિક્ષણ પદ્ધતિ ઘણી ખર્ચાળ અને જટિલ હોવા છતા તેણે નૈતિક શિક્ષણ ને અવગણ્યું છે. સદાચારી જીવન, આધ્યાત્મિક પ્રગતિ, અને નૈતિક વર્તણુંક અને ચાલચલગતની સૂચનાઓ ભૂતકાળના ગુરૂકુળોમાં અપાતી હતી. તે દિવસો માં વિદ્યાર્થીઓને વિનમ્રતા, ઇન્દ્રિય-નિયંત્રણ, ગુણ અને શિસ્ત પૂર્વક જિંદગી જીવવાને કેળવવામાં આવતા હતા હવે, આ ગુણોની તેમનામાં કદર થતી નથી. ઇન્દ્રિય-નિયંત્રણ અર્થે અથવા એના સાધનો માટે તેઓ જાગૃત નથી. બાળપણથી, જ તેઓ દરેક તરંગો અને ધૂનમાં રચ્યાપચ્યા રહે છે. ઇન્દ્રિયોના મુક્ત વ્યવહારમાં તેમને આનંદ મળે છે અને ફક્ત ભૌતિકવાદમાં જ રસ ધરાવે છે. એના પરિણામે, જયારે કોલેજનું વાતાવરણ જોવામાં આવ્યું ત્યારે તેઓ ચોંકી ઊઠયા. કલકત્તાના આરોગ્ય વિભાગના વડાએ સંશોધન કર્યું કે કલકત્તા યુનિવર્સિટીના સોમાંથી એંસી વિદ્યાર્થીઓ નાદુરસ્ત તબિયતથી પીડાય છે. મુંબઈ વિભાગમાં પરિસ્થિતિ તેનાથી પણ ખરાબ છે, દરેક સોમાંથી નેવુંને અસર કરે છે. તેનું કારણ શોધી કાઢ્યું કે વિદ્યાર્થીઓ વિષયાસક્ત જીવન, અનિયંત્રિત ઇન્દ્રિયગમ્ય સુખ અને ખરાબ આદતોમાં પરોવાયેલા છે. આની ગણતરી શું શિક્ષણના લાભ તરીકે કરી શકાશે? અથવા વિપરીત અજ્ઞાનતાથી સંગ્રહ કરેલી 'સંપત્તિ' શું તેને કહી શકાય?

શિક્ષકોએ તેમની ભૂમિકા અને તેમની જવાબદારીઓને ઓળખવી જોઈએ. તેમના સગીર ભોળા બાળકોની શારીરિક અને માનસિક તંદુરસ્તીની જાળવણી અને પોષણ માટે તેમણે મોટી જવાબદારી લેવી જોઈએ.

દરેક જીવંત પ્રાણી તેની આસપાસની દુનિયાને જુએ છે. પરંતુ દરેક માણસ પોતાની ખાસ પદ્ધતિથી દુનિયાને અનન્ય રીતે જુએ છે. દસ જુદા જુદા માણસો એકજ પદાર્થની તરફ દસ જુદી જુદી ભાવનાથી જુએ છે. એક વ્યક્તિની તરફ તેનો દીકરો પિતાની લાગણીથી જુએ છે. પત્ની તેની તરફ પતિ તરીકે જુએ છે. પિતા તેની તરફ પુત્ર તરીકે જુએ છે. તેના મિત્રોમાં તેની તરફ વહાલા સોબતીની લાગણી છે. તે એક જ વ્યક્તિ હોવાછતાં, શા માટે તે બધામાં એક જ પ્રકારની પ્રતિક્રિયા જાગ્રત કરતો નથી? જેઓ જુદી રીતે જુએ છે તેઓ જુદી રીતે અસર પામેલા છે. તે સત્ય છે.

એકવાર, બ્રહ્મ મઠમાં રહેતા ગુરુએ, પાનની લહેજાતના આનંદિત મૂડમાં, તેમના શિષ્યને પૂછ્યું, ' વ્હાલા શિષ્ય, દુનિયા કેવી છે?' શિષ્યએ ઉત્તર આપ્યો, 'ગુરુજી દરેકને માટે તેની

પોતાની દુનિયા છે.' જો કે બધા એકજ દુનિયામાં રહે છે, છતાંપણ, દરેક પોતાની ક્રિયા અને પ્રતિક્રિયા દ્વારા રચાયેલી પોતાની દુનિયમો રહે છે, આ કારણથી શંકરાચાર્ય એ જાહેર કર્યું છે, 'તમારી દ્રષ્ટિ જ્ઞાનથી ભરાઈ જશે, ત્યારે સૃષ્ટિ બ્રહ્મમય દેખાશે.

આજના શિક્ષણના શબ્દભંડોળમાં, ધન એ ધર્મ છે. પૈસો એકત્રિત કરવો તે સાચો 'માર્ગ ' છે. ધન એ કર્મ છે. દરેક પ્રવૃત્તિનો ધ્યેય પૈસા એકત્રિત કરવાનો છે. ધન એ અતિ ઉત્તમ પદ છે. પૈસા મેળવવા સિવાય બીજો કોઈ વધારે ઈચ્છનિય આદર્શ નથી. અહીં એક ટૂંકી વાર્તા દ્રષ્ટાંત રૂપે છે. નારાયણ (ઈશ્વર) ને સોળ કળાઓ છે અને છતાંપણ, તે અંતર્ભૂત અપ્રત્યક્ષ વાસ્તવિકતા છે. તે જ પ્રમાણે, ભૌતિક નારાયણ, રૂપિયાને પણ સોળ આના ભાગ તરીકે હતા. જયારે માણસ રૂપિયાને દ્રશ્ય ભગવાન તરીકે પૂજે છે, ત્યારે નારાયણ તેમને માટે પહોંચની બહાર રહે છે. તેમાંથી તેમણે મેળવેલી ખોટાની વિશાળતાનો અંદાજ કાઢવાનો થોડા લોકો પ્રયત્ન કરે છે.

એક દિવસ, લક્ષ્મી, દિવ્ય સહચારિણી અને સંપત્તિની દેવીએ નારાયણને સંબોધન કર્યું, 'પરમાત્મા, આખું વિશ્વ મને પૂજે છે; સો માં પણ એક, અરે શા માટે, લાખોમાં પણ એક તમને પૂજતા નથી?' આ કથન કહી તેમણે એક યોજના મૂકી. તેમણે કહ્યું,'પરમાત્મા, સત્યો કેટલા સાચા છે તે આપણે પોતે જ શોધી કાઢીએ. તેના જેવું ઉત્તમ કશું નથી. ચાલો, આપણે બન્ને દુનિયામાં સાથે જઈએ અને શોધી કાઢીએ.'

નારાયણ તૈયાર થયા. તેમને મોટા પંડિતમાં રૂપાંતર કર્યું, પ્રખ્યાત વિદ્વાન સભાના મૂલ્યાંકન અને પ્રશંસાના પુરાવા રૂપે હાથમાં સોનાના કડાં પહેરી લીધા. તેમના ગળામાં રુદ્રાક્ષના મણકાનો હાર અને કપાળ ઉપર જાડી વિભૂતિની રેખાઓ કાઢી. પૃથ્વી ઉપર એક પ્રખર પંડિત તરીકે તેઓ મૂર્ત થયા. તેઓ ગામે ગામ ફર્યા અને તેમના અત્યંત ખુશ કરતા પ્રવચનો દ્વારા લોકોને મોહિત કરાવવાનું શરુ કર્યું. તેમનું ભવ્ય વ્યક્તિત્વ અને ઊંડી વિધ્વતાએ લોકોને આકર્ષ્યા. હજારો તેમને સાંભળવા એકત્રિત થતા અને એક સ્થળેથી બીજે સ્થળે તેમને અનુસરતા. બ્રાહ્મણો તેમના રહેઠાણ ઉપર તેમને આમંત્રણ આપી માન આપતા હતા. તેમનું આગમન ખર્ચાળ ભોજન સાથે ઉત્સવ તરીકે ઉજવાતું.

જયારે નારાયણનું આ રીતે સન્માન થતું ત્યારે લક્ષ્મી પણ પૃથ્વી ઉપર એક મહાન યોગીની તરીકે પ્રત્યક્ષ થયા. તેઓ પણ એક ગામથી બીજે ગામ લોકોને આત્મા ઉપર પ્રવચનો આપી બોધ આપતા હતા. ગંજાવર સંખ્યામાં સ્ત્રીઓના ધાડા એક પછી એક તેમના આકર્ષક

પ્રવચનો સાંભળવા એકઠા થતા હતા. તેઓ તેમને તેમના ઘરો તેમની મુલાકાતથી સન્માનીત કરવા અને તેમના ઘરે ભોજન કરાવવા આતુર હતા અને તે સ્વીકારવા પ્રાર્થના કરતા. તેના જવાબમાં, તેમણે તેમને જણાવ્યું કે તેઓ કેટલીક પ્રતિજ્ઞાઓથી બંધાયેલા છે જેનાથી તેમના આમંત્રણને સ્વીકારવાનું તેમને માટે મુશ્કેલ છે. ઘરમાં વપરાયેલી થાળીમાં તેઓ ભોજન લઇ નહિ શકે. તેમણે કહ્યું કે તેમને તેમની થાળી અને કપને લાવવાની મંજૂરી મળે તો આવે. તેઓ એટલા ઊંડાણથી તેમને મહેમાન બનાવવા માટે આતુર હતા, તેથી તેમણે તેમની શરત સ્વીકારી લીધી. જે પણ તેમની પ્રતિજ્ઞા હોય, તેને સ્વીકારવા તેઓ તૈયાર હતા. દરેક સ્થળેથી દરેક સ્ત્રી પાસેથી તેમને આમંત્રણ આવવા લાગ્યા.

પહેલે દિવસે યોગીની જે ઘરે તેમને ભોજન લેવાનું હતું ત્યાં પહોંચી ગયા અને તેમની પાસે થેલી હતી તેમાંથી સોનાની થાળી, થોડા સોનાના વાડકા અને પીવાના પાણી માટે સોનાનો લોટો બહાર કાઢ્યા. ભોજનની જુદી જુદી વાનગીઓ માટે તેમને તે વાસણોને તેમની સામે ગોઠવી દીધા. જયારે ભોજન પૂરું થયું, ત્યાર પછી તે કિંમતી સોનાની વસ્તુઓ ત્યાં જ યજમાનને માટે મૂકી તેઓ ચાલી ગયા. તેમણે કહ્યું કે દરેક દિવસને માટે તેમની પાસે નવા વાસણો હતા.

સમાચાર ફેલાઈ ગયા. ગામોમાં જ્યાં નારાયણ તેમના મનોરંજક પ્રવચનો આપતા હતા ત્યાં લોકોએ યોગિનીની અજાયબ ભેટોની વાત પણ સાંભળી. બ્રાહ્મણો જેઓ તે પ્રખ્યાત વિદ્વાનના ભારે પ્રશંસકો હતા તેઓ પણ યોગિનીને તેમને ઘરે ભોજન માટે આમંત્રણ આપવા દોડવા લાગ્યા. યોગિનીએ તેમને કહ્યું કે તે તેમના નિવાસમાં પ્રવેશ કરે તે પહેલાં પંડિતને તેની બહાર મોકલી દેવા પડે. જ્યાંસુધી તેઓ ત્યાં રહેતા હશે ત્યાંસુધી તેઓ ત્યાં પગ પણ નહિ મૂકે. તેઓ તે મુદ્દા ઉપર મક્કમ હતા. સોના માટેનો તેમનો લોભ એટલો મજબૂત હતો કે તે પંડિત જેમની તેઓ અત્યાર સુધી ભપકાથી પૂજા કરતા હતા, તેમને જ ગામની બહાર જવાને આગ્રહ પૂર્વક ફરજ પાડી.

ત્યાર પછી, યોગિનીએ બ્રાહ્મણોના રહેઠાણમાં પ્રવેશ કર્યો, પ્રવચનો આપ્યા, તેમના મનમાં ગોઠવાયેલા ભોજનોમાં ભાગ લઇ, દરેક યજમાનને સોનાની થાળી અને વાડકાઓ ભેટ આપ્યા. આ રીતે જ્યાં જ્યાં પંડિતને માન અને આદર મળ્યા તે દરેક સ્થળેથી તેમને હાંકી કાઢવામાં યોગીની સફળ થયા. તેને બદલે, દરેક સ્થળે લોકો પાસે પોતાની પૂજા કરાવવા યોગીની સહમત થયા, આખી દુનિયામાંથી થતા અપમાનને સહન ન કરી શકતા. પંડિતે ભજવેલા પાત્રના પોશાકને દૂર કરી અને નારાયણ પૃથ્વી ઉપરથી અદ્રશ્ય થઇ ગયા. યોગિનીને આ વાતની ખબર

પડતા, તેમણે પણ જે પાત્રનો પોશાક ગ્રહણ કરેલો તેને ઉતારી નાખી અને મૂળ સ્વરૂપ ધારણ કરી, તેઓ પાછા નારાયણ સાથે જોડાયા. એકબીજા સાથે વાતો કરતા તેમણે પરમાત્માને કહ્યું, 'હવે મને કહો, તમે શું શોધી કાઢ્યું? આપણા બેમાંથી પૃથ્વી ઉપર કોને વધારે માન અને પૂજા મેળવ્યા?' નારાયણ તેમના પ્રશ્ન ઉપર હસ્યાં, તેમણે જવાબ આપ્યો,'હા, તમે જે કહ્યું તે સાચું છે.'

હા, આજે, શિક્ષણ અને પ્રાપ્ત કરેલું જ્ઞાન બજારુ વસ્તુ બની ગઈ છે. પૈસામાં બધું જ આવી જાય છે. ભિક્ષુકની જેમ પૈસાની શોધમાં ભણેલા લોકો તેમની માતૃભૂમિને ત્યજી દે છે. શું આ યોગ્ય શિક્ષણની નિશાની છે?

## પ્રકરણ ૪

ભારત તેના આધ્યાત્મિક સિદ્ધાંતો જે તેણે લાલન કરી પોષ્યા છે તેના દ્વારા બધા દેશના લોકોને પેઢીઓ સુધી શાશ્વત સુખ અને શાંતિને બક્ષી રહ્યું છે. ' લોકા સમસ્તા સુખીનો ભવંતુ' અને બધા દુનિયામાં સુખી અને સમૃદ્ધ થાય' ના આદર્શ માટે આ દેશ પ્રયત્ન કરી રહ્યો છે.

આ ઉચ્ચતમ ધ્યેય ભારતના લોકોનો રહ્યો છે. આ પવિત્ર આદર્શને પોષવા અને સિદ્ધ કરવા પ્રાચીન યુગના રાજાઓ, ઋષિઓ, પંથોના સંસ્થાપકો, વિદ્વાનો, પંડિતો, ગૃહમાતાઓ અને માતાઓએ ઘણો ભોગ આપી સહન કર્યું છે. તેમણે  માન અને ખ્યાતિને અવગણી, તેમની માન્યતાને વળગી રહેવા અને આ વૈશ્વિક દ્રષ્ટિની સાથે જિંદગીને એકરૂપ કરવા ભારે જેહમત ઉઠાવી હતી.

વિરલ અને કિંમતી વસ્તુઓ તેમની સુંદરતાથી આકર્ષિત કરી શકે, પરંતુ જે આંખો આધ્યાત્મિક પ્રક્ષથી તેજસ્વી બની છે તેને તે તુચ્છ કિંમતની લાગશે. શારીરિક મોહકતા અને શક્તિ આત્માની મોહકતા અને શક્તિને કદાપિ દબાવી નહિ શકે. રાજસનો ગુણ અહંકાર પોષે છે અને જ્યાં પણ સ્વાર્થ અને અભિમાનને પ્રદર્શિત કરાય છે ત્યાં તેને ઓળખી કઢાય છે. જ્યાંસુધી આ પ્રકારના વિચાર અને વર્તનને દબાવી દેવામાં નહિ આવે, ત્યાંસુધી સત્વનો ગુણ સ્પષ્ટ બની નહિ શકે. સત્વ ગુણની ગેહાજરીમાં, દિવ્ય, શિવ, સર્વોચ્ચ શક્તિને પ્રસન્ન કરી, ખુશ કરી અને જીતી ન શકાય.

પાર્વતી, કૈલાશ પતિ ની પુત્રી, શારીરિક સુંદરતાના શિખર પર હતી. તે બધું હોવાછતાં, તેણેતેના શારીરિક સુંદરતાના મદનો નાશ કરી અને જન્મથી આવેલા અહંકારનો પ્રખર સન્યાસ દ્વારા નાશ કરી સત્વ ગુણને પ્રાપ્ત કરવો પડ્યો હતો. તેણે આત્માની સુંદરતામાં પ્રકાશવું પડયું હતું. પ્રેમના ઈશ્વર, મનમથની  દંતકથા બતાવે છે કે તેણે શિવનું ધ્યાન ખેંચવા માટે પાર્વતીની માત્ર જુવાનીની સુંદરતાને આગળ કરવાની યોજના કરી, તે કારણે તે બળીને ભસ્મ થયા. આ પ્રસંગ તે સત્યનો સંકેત કરે છે કે જ્યાંસુધી વ્યક્તિ અહંકારના વમળમાં ફસાયો હોય છે ત્યાંસુધી તે આ દિવ્ય જ્ઞાનને પ્રાપ્ત કરી શકતો નથી. જયારે વ્યક્તિ પોતાની જાતને વિદ્યાથી સજ્જ કરે છે, ત્યારે અભિમાન અદ્રશ્ય થાય છે.

પરંતુ, હમણાના સમયમાં, અહંકાર અને મદ જ્ઞાનની તીવ્રતામાં વધારો કરે છે એમ મનાય છે. બાહ્ય જગતની બાબતમાં વિદ્વતા મળતું આકર્ષણ વ્યક્તિએ ત્યજી દેવું જોઈએ; ત્યાર પછી જ

ફક્ત સાચી આંતરિક દિવ્યતા આપો આપ પ્રગટ થશે. પછી જ માત્ર વ્યક્તિનું વ્યક્તિત્વ, તે જે આત્મા છે, તે દિવ્યતા ને સ્વીકારી શકે છે. આપણી અંદરનો અહંકાર મનમથ છે, 'મનનો ખળભળાટ મચાવનારો છે', તેને દિવ્ય દ્રષ્ટિના પ્રભાવથી ભસ્મમાં ભસ્મિભૂત  કરી દેવો જોઈએ. દિવ્ય, ઈશ્વર પોતે ભૌતિક સુંદરતા. દુન્યવી સત્તા, અથવા શારીરિક અથવા બૌદ્ધિક અથવા આર્થિક સત્તાને તાબે  થતા નથી. મનમથની પ્રાસંગિક કથાનો ગૂઢ ભાવાર્થ છે.

પાર્વતી પોતે ઊગ્ર તપશ્ચર્યામાંથી પસાર થયા અને પોતાની જાતને (એટલે એમ કહેવાનું, તેનો અહંકાર) તાપ, વરસાદ, ઠંડી અને ભૂખમાંથી પસાર કરી અને તે રીતે પોતાની જાતનું પરિવર્તન કર્યું. અંતે, ઈશ્વરે (શિવે) પોતાની જાતના અર્ધા ભાગ તરીકે સ્વીકાર કર્યો. આ અવસ્થા આધ્યાત્મિક પ્રગતિ સાયુજ્ય (વિલીનીકરણ) કહેવાય છે. મોક્ષ અને મુક્તિ, નિર્વાણ અને છૂટકારો તે આ બધું સમાન છે. સાચેસાચ, વિદ્યા નમ્રતા, સહિષ્ણુતા અને શિસ્તને સમાવિષ્ટ કરે છે. તે ઉદ્ધતાઈ, અદેખાઈ અને તેને લગતાં બધા દુર્ગુણોનો નાશ કરે છે. આ વિદ્યા સાચી આત્મ વિદ્યા છે.

મોક્ષનો અર્થ મુક્તિ છે. દેહધારી શબ્દ એમ સૂચન કરે છે કે બધા દેહધારીઓ મર્યાદામાંથી છૂટકારો ઈચ્છે છે. દરેક જીવંત  અનિવાર્ય પણે મુમુક્ષ છે. એટલે એમ, કહેવાનું કે, મુક્તિ માટે આકાંક્ષા રાખનાર, ત્યાગનું આચરણ કરનાર છે. વ્યક્તિએ ત્યાગી બનવું જોઈએ, અને વિરક્તમાં નિષ્ણાત બનવું પડે. આ અંતિમ સત્ય, નિર્વિવાદ સત્ય છે. જેઓ તેમનું શરીર ત્યજી દઈને જાય છે. તેઓ તેમની સાથે અહીંથી મુઠ્ઠી ભાર માટી પણ સાથે લઇ નથી જતા. જયારે વ્યક્તિ પોતે જાતે ત્યજી દેવાનું શીખતો નથી, ત્યારે કુદરત મહાન સત્યને શીખવે છે. તેથી, આ બને તે પહેલાં જ આ પાઠને શીખવો જરૂરી છે. જે વ્યક્તિ આ સત્યને શીખીને તેનું આચરણ કરે છે તે ખરેખર આશીર્વાદ પામેલો છે.

વિરક્તિ એ બીજો મૂલ્યવાન સદગુણ છે જેને વિદ્યા આપે છે. પાણીથી ભરેલા ઘડાને ખાલી કરો; આકાશની પ્રતિકૃતિ અથવા પડછાયાને વ્યક્તિ ઘડામાં જુએ છે તે પણ પાણી સાથે અદ્રશ્ય થાય  છે. પરંતુ સાચું આકાશ ઘડામાં દાખલ થાય છે. તે જ પ્રમાણે. જયારે તે જે આત્મા નથી એમ રદ કરવામાં આવે છે, આત્મા રહે છે અને મુક્તિ મેળવાય છે. પદાર્થોને  નડતર ગણીને રદ કરવાના નથી, પરંતુ વ્યક્તિ પોતાનામાં ત્યાગની ભાવના હોવી જોઈએ. ઘણાં લોકો ત્યાગનો અર્થ એવો કરે છે કે દાનમાં પૈસા અથવા જમીનને આપી દેવા અથવા યાગ અને યજ્ઞ કરવા અથવા બીજી વિધિઓ જેને બલિદાન કહેવાય તે કરાવવી, અથવા ઘર બહાર પત્ની અને

બાળકોને છોડી જંગલમાં ચાલ્યા જવું. પરંતુ ત્યાગનો અર્થ આવા નબળા મનના સંકેતનો નથી. આ મનાય છે તેટલું મુશ્કેલ નથી. જો તેવા મનનો હોય, તો વ્યક્તિ બહુ સરળતાથી આવા કાર્યો કરી શકે અને તે કાર્યો જેને નકામા ગણે તેને છોડી દઈ શકે છે. સાચો ત્યાગ તો ઈચ્છાઓને ત્યજી દેવી તે છે.

વ્યક્તિના અસ્તિત્વનો આ સાચો ધ્યેય છે, તેના બધા પ્રયત્નનો હેતુ છે. ઈચ્છઓને ત્યજી દેવામાં કામ, ક્રોધ, લોભ, ધિક્કાર, વિગેરેનો પણ ત્યાગ સમાઈ જાય છે. સૌથી મહત્વનો પ્રાથમિક ત્યાગ ઈચ્છાઓનો હોવો જોઈએ. બીજી બધી લાગણીઓ અને ઉદ્વેગો તેની અનુચર પ્રતિક્રિયાઓ છે. આપણે કહી છીએ 'કોદંડ પાની' (જેના હાથમાં કોદંડ ધનુષ્ય છે); તે શબ્દ એવું સૂચવે છે કે એના હાથમાં તીર પણ છે, બાણ તીરનું સૂચન પણ કરે છે. આ પગલાંઓ સાચેસાચ નરકના પ્રવેશદ્વારો છે. ઈર્ષા ત્યાંનો બંધ કરનારો આગળો છે, મદ ચાવી છે, તાળું ખોલી કાઢો અને આગળાને દૂર કરો - તમે તેમાં પ્રવેશી શકો છો.

ગુસ્સો માણસે જે વિવેકને મેળવ્યો છે તેને દુષિત કરે છે. નિરંકુશ ઈચ્છાઓ તેના બધા કાર્યોને ગંદા કરે છે; લોભ તેની ભક્તિ અને સમર્પણનો નાશ કરે છે. ઈચ્છા, ક્રોધ અને લોભ મનુષ્યના કર્મ, જ્ઞાન અને ભક્તિને ઉતરતી કક્ષાના કરી તેને અસંસ્કારી કરે છે. પરંતુ, ક્રોધનું મૂળ કારણ ઈચ્છા અને ઈચ્છા એ અજ્ઞાનનું પરિણામ છે. તેથી, મુખ્ય અજ્ઞાનથી મુક્ત થવાનું છે.

અજ્ઞાનએ પશુનું લક્ષણ છે. પશુ શું છે? 'પસ્યતિ ઇતિ પશુ', જે તે જુએ છે તે પશુ', એટલે એમ કહેવાનું કે, જેને બાહ્ય દ્રષ્ટિ છે અને બાહ્ય દ્રષ્ટિ જે કહે છે તેને સ્વીકારે છે તે પશુ છે. આંતર દ્રષ્ટિ વ્યક્તિને પશુપતિ, બધા જીવંત પ્રાણીઓનો ઈશ્વર, પશુઓના માલિક, તરફ દોરી જાય છે. જેણે તેની ઇન્દ્રિયોને કાબૂમાં કરી નથી તે પશુ છે. પશુની સાથે સાથ જ હાનિકારક ગુણો જન્મે છે. વ્યક્તિ તેમને રદ કરવાનો ગમે તેટલો પ્રયત્ન કરે, પણ તેઓ એટલા જલ્દી પરિવર્તન પામી શકતા નથી. પશુ તેમનાથી મુક્ત થઇ શકતો નથી. તેને આપેલી સલાહના અર્થને સમજવાની તેનામાં શક્તિ નથી. દાખલ તરીકે આપણે વાઘના બચ્ચાને પ્રેમાળ દરકારથી ઉછેરીએ અને તેને સાલસ અને આજ્ઞાંકિત થવાની કેળવણી આપીએ, પરંતુ તે જયારે ભૂખ્યો હોય, ત્યારે તે કાચું માંસ જ મોજથી ખાય શકે; તે પૂરી અને બટાકાને ખાશે નહીં. પરંતુ મનુષ્યને વધુ સારી રીતે કેળવી શકાય છે. તેથી, શાસ્ત્રોમાં જે કથન છે: 'બધાં જીવંત પ્રાણીઓમાં મનુષ્ય જન્મ વિરલ પ્રાપ્તિ છે.' ખરેખર મનુષ્ય બહુ ભાગ્યશાળી અને પ્રાણીઓમાં સૌથી વધુ પવિત્ર, કારણ તેના જન્મજાત ગુણોને શુદ્ધ કરી ઉંચે લઇ જઈ શકાય છે. તે જે પશુ તરીકે જન્મ્યો છે તે સ્વ-પ્રયત્નો

વડે પોતાનીજાતને ઉન્નત કરી અને પશુપતિમાં કેળવી શકે છે. પ્રાણી 'નિર્દય' તરીકે જન્મે અને 'નિર્દય' તરીકે મરે છે.

ઇન્દ્રિયો ઉપરના નિયંત્રણ વગરનું જીવન, જીવન શબ્દ એ યોગ્ય નથી. મનુષ્યને ઘણી બધી શક્તિઓની બક્ષિસ મળેલી છે અને જો, તે વડે તે તેની ઇન્દ્રિયોને કાબૂ કરી અને યોગ્ય રીતે વાળે નહીં, તો તેના જીવેલા વર્ષો વેડફાઈ ગયા છે. વિદ્યા અથવા પ્રમાણભૂત શિક્ષણ મનુષ્યને આ કાબૂ કરવાની પ્રક્રિયામાં સફળતા મેળવવામાં મદદ કરે છે. વિદ્યા વિનય આપે છે. શિક્ષણ નમ્રતાને ઉંચે ચડાવે છે. નમ્રતા દ્વારા વ્યક્તિ વ્યવસાયી ધંધામાં પ્રવેશવાનો હક્ક પ્રાપ્ત કરે છે. તે સત્તા સમૃદ્ધિ બક્ષે છે. સમૃદ્ધ વ્યક્તિ પાસે દાન અને યોગ્ય જીવન જીવવાની શક્તિ હોય છે. સમ્યક જીવન આ દુનિયા અને પર દુનિયાનું સુખ આપે છે.

## પ્રકરણ ૫

શિક્ષણ પૂર્ણ તત્વ  અથવા સર્વોપરી તત્વ અથવા પરમાત્મા માટેની આધ્યાત્મિક શોધ તેના મૂળસ્વરૂપ અને લક્ષણોમાં ઊંડા ઉતારી નક્કી કરવું જોઈએ. તેને તેના સાચા સ્વરૂપને ગુણોના સિદ્ધાંતોને પ્રસ્થાપિત કરી, નૈતિકતાના ઝરણાને મૂર્ત કરી પૂરવાર કરવો જોઈએ. વિદ્યા પોતે જ પોતાનો દ્રશ્યમાન પુરાવો છે. દરેક ધર્મમાં તે શ્રદ્ધાનું મૂળ છે. તે મનુષ્યના મનને તેના ધર્મની કદર કરવા અને વળગી રહેવા તૈયાર કરે છે અને મનુષ્યના જીવનને તે માર્ગે વાળવા દોરે છે. આને ફિલસુફી અથવા તત્વજ્ઞાનનું નામ અપાયું છે.

ફિલસૂફીનો અર્થ જ્ઞાન માટેનો પ્રેમ છે. જ્ઞાન એ અગણિત સમૃદ્ધિનો ખજાનો છે. શિક્ષણ જ્ઞાન પ્રાપ્તિ માટેનો અવિરત પ્રયત્ન છે, તેની કિંમતની સમજથી પ્રેરાઈ તે મુશ્કેલી સામે અટલ રહે છે. વિદ્યા, વસ્તુઓએ જે રૂપ ધારણ કર્યું અને જે દેખાવ તેમણે ઓઢી લીધો છે તેના તત્વની પાછળ બારીકાઈથી શોધ કરવાનો પ્રયત્ન કરે છે. અને વાસ્તવિકતાને શોધે છે ફક્ત તે (વાસ્તવિકતા) જ તેને સમજાવી શકે છે. સત્યને જાણવું જોઈએ અને તે પ્રમાણે જીવવું જોઈએ. સત્યની કલ્પના દ્રષ્ટિ સમક્ષ કરાવવી : આ વિદ્યાનું કાર્ય છે.

વિદ્યા પોતે પ્રકાશ છે જે આખી જિંદગીમાં વ્યાપે છે. પશ્ચિમમાં, વિદ્યા કલ્પનાઓ અને અનુમાનો સાથે વધુ વ્યવહાર કરે છે. પૂર્વમાં, વિદ્યા સત્ય અને પૂર્ણતા સાથે વધુ વ્યવહાર કરે છે. વિદ્યાએ જે મૂળભૂત તત્વ શોધી કાઢ્યું છે તે ઇન્દ્રિયોના ક્ષેત્રથી પરનું છે. મનુષ્ય શરીર, મન અને આત્મા એ ત્રણેનું મિશ્રણ છે. પરિણામે, તેના ઘડતરમાં ત્રણ પ્રકૃતિ : (૧) નીચલી કક્ષાની, પશુવૃત્તિ, (૨) માનવ સ્વભાવ, દુન્યવી જ્ઞાન અને કૌશલ્યથી ભરાયેલું, અને (૩) મનુષ્યનો મૂળભૂત સ્વભાવ, દિવ્ય, આત્માનો સ્વભાવ. આ ત્રીજા સ્વભાવથી સચેત થઇ અને પોતાનીજાતને તેમાં સ્થાપિત કરવી - તે વિદ્યા છે.

શરીર એ પાંચ તત્વો સાથેનું યંત્ર છે - અવકાશ, હવા, અગ્નિ, પાણી અને પૃથ્વી - તેના ઘટકો તરીકે છે. ઈશ્વર પોતે જાતે દેખાયા વિના તેની સાથે રમે છે.

શરીર વૃક્ષ છે. જાત માટેનો પ્રેમ મૂળિયાં છે; ઈચ્છાઓ તે બહાર મોકલાતી શાખાઓ છે. લાક્ષણિક ગુનો, ખાસિયતો અને વર્તુણકની ઢબ મૂળ પ્રકૃતિ ઉપર રહેલા ફળો તેમાંથી ઉત્પન્ન થયેલા છે. તે આનંદ અને દુઃખના ફાળો આપે છે.

દુનિયા માનવ શરીરની અંદર સમાયેલી છે. લોહી શરીરની અંદર વહીને દરેક અંગોને સજીવન કરે છે. ઈશ્વર તેમાં અને તેના દ્વારા વહીને દુનિયાના દરેક સ્થળને ક્રિયાશીલ કરે છે.

માત્ર  એક જ કાયદો દુનિયાને દોરે છે તેમજ રક્ષણ કરે છે - પ્રેમનો કાયદો. દરેક દેશ અથવા જાતિને પોતાનો આનંદ અથવા દુઃખ, સારી જિંદગી અથવા ખરાબ જિંદગી હોય છે જે તેમની પ્રવૃતિમાંથી ઉદ્ભવે છે અને નક્કી થાય છે. વિપરીતમાં તો 'ખરાબ' પણ 'સારું' છે. તે શું અવગણવું તે શીખવે છે. તે બધા સમય માટે 'ખરાબ' નથી હોતું; તે હંમેશા ટૂંક સમય માટે છે. 'ખરાબ' કે 'સારી' કોઈને પણ 'સંપૂર્ણ રીતે એક ની એક' અવસ્થા તરીકે જાહેર કરી ન શકાય. વિદ્યા તેને વ્યક્ત કરીને સ્પષ્ટ કરે છે કે 'સારા' અને 'ખરાબ' એ મનુષ્યના મનની લાગણીઓ અને ઊણપોથી પેદા થયેલી માત્ર પ્રતિક્રિયાઓ છે.

'સારી વસ્તુ' અને બીજી જે આપણને 'વધુ સારી' દેખાય છે તે બે વચ્ચેના તફાવતનો નિર્ણય કરવા વ્યક્તિ શક્તિમાન હોવી જોઈએ. પરંતુ જો વ્યક્તિ તેમ કરી ન શકે. તો વ્યક્તિને પહેલી જે વસ્તુ સારી તરીકે સૂઝે તેને પકડી રાખે અને બીજાને રદ કરે છે. પરંતુ એમ સમજી લેવું જોઈએ કે 'વધુ સારી' સારીને માટે હાનિકારક નથી. જેવી રીતે 'અપ્રમાણિકતા' મનુષ્યને 'પ્રામાણિક' બનવા માટે પ્રેરે છે, તેવી રીતે મુશ્કેલી મનુષ્યને કરુણા અને દાની સ્વભાવ વ્યક્ત કરવા જગાડે છે. દયાનું અનિવાર્ય બીજ પીડા છે. જો કઈ ખોટું બનતું ન હોય અને પીડા ન હોય, તો મનુષ્ય ક્યાં તો થડ કે પથ્થર બનો ગયો હોત. જો વ્યક્તિમાં વેદના અને દુઃખને માપીને પ્રતિકાર કરવાની શક્તિ ન હોય તો, તે સારું શું અને ખરાબ શું વચ્ચેનો ભેદને ઓળખી નહિ શકનાર અંધ જેવો છે. વિવેક શક્તિ વિહોણા લોકો આવી અંધ રીતે વર્તે છે.

ઈચ્છા વાંચ્છના પેદા કરે છે. વાંચ્છના જન્મ અને મૃત્યુનું પણ કારણ છે. જયારે મનુષ્ય ઈચ્છા રહિત હોય છે, ત્યારે તેને જન્મ અને મરણમાંથી પસાર થવું પડતું નથી. આ જિંદગીમાં અતૃપ્ત ઈચ્છાઓનું પરિણામ બીજો જન્મ અને તેનો નિર્ણય થાય છે. જેઓના ભૌતિક વસ્તુઓની ઈચ્છાઓનો અંશ પણ નથી હોતો તેઓ આત્મ તત્વની જાગૃતતાને મેળવી શકે છે.

ખરેખર, ઈશ્વરને જાણવાની, ઈશ્વરને પ્રેમ કરવાની અને ઈશ્વર દ્વારા પ્રેમ પામવાની ઈચ્છા બંધનકારક નથી. ઈશ્વરની જાગૃકતાનો તેની સંપૂર્ણ ભવ્યતાથી જયારે ઉદય થાય, ત્યારે દરેક દુન્યવી, ઇન્દ્રિયગમ્ય ઈચ્છાઓ તે જાગૃકતાની જ્વાળામાં ભસ્મ થઇ જાય છે. જેવી ઈચ્છાઓનો

અંત આવશે કે વ્યક્તિગત આત્મા વૈશ્વિક આત્મા તરફ વળશે અને પરમશાંતિ પામશે. આત્માએ અનાત્મા સાથેના બધા સંબંધો તોડી નાંખવાજોઈએ, જેથી તે અમરત્વને પ્રાપ્ત કરી શકે.

તમારા  વિચારો તમારી જિંદગી ઘડવામાં અગત્યનો ભાગ ભજવે છે. તે કારણથી તમને સલાહ આપવામાં આવે છે કે તમારા વિચારોનું નિરીક્ષણ કરો અને માત્ર સારા વિચારોને આવકારો. મનુષ્ય વિચારોનો ઢગલો છે. વિદ્યા મનુષ્યના મનમાં સારા વિચારોને સ્થિર કરી, અને આત્મા વિદ્યાની અવસ્થા ઉપર ઊંચે લઇ જાય છે. દાખલ તરીકે, ખુરશી શબ્દ  તમારા મનમાં ચોક્કસ આકાર અને ચોક્કસ નામના વિચારને જાગ્રત કરે છે. લાકડું શબ્દ તે વિચાર અને તે નામના આકારને ઉત્પન્ન કરશે નહીં. લાકડાને તમે જે ઉપયોગીતા આપો છો તેના ઉપર તે નામ રૂપની કિંમત આધાર રાખે છે. તમારો અને ભૌતિક દુનિયા વચ્ચેનો સંબંધ એવો હોવો જોઈએ કે તે ઈચ્છાઓને તમારામાંથી ભગાડી દે અને ઈચ્છાઓને વધુ ઊંડી અને વિસ્તૃત ન કરે.

ખરેખર કહીએ તો, કોઈપણ માણસ કોઈપણ પદાર્થ કે વસ્તુને તે જેવી છે તેવી વખાણીને પ્રેમ કે ઈચ્છા કરતો નથી. વ્યક્તિ તેને દરેક વખતે પોતાના સ્વાર્થી કારણથી, પોતાની જાતને માટે ચાહે છે. મનુષ્ય કોઈ પણ ચોકકસ હેતુ વિના કોઈપણ કાર્યમાં ગૂંથાતો નથી. વિદ્યામાંથી જે શિખામણ મળે છે તે વ્યક્ત કરે છે કે વ્યક્તિને જે હેતુ પ્રેરણા આપે છે તેને માટે તે વ્યક્તિ પોતે પૂર્ણ પણે જવાબદાર નથી. કર્મ અથવા પ્રવૃત્તિ સંપૂર્ણ રીતે વ્યક્તિની પોતાની હોતી નથી. વ્યક્તિના કર્મો વ્યક્તિના મોભાને ઊંચે ચડાવે કે નીચે પાડે છે.

મૃત્યુ (આગમન પહેલા) કેટલાક વિકાસોનો સમાવેશ કરે છે જે જિંદગીને નબળી કરી બૂઝાવી દે છે. તે આત્માને અસર કરતા નથી. આત્માને મૃત્યુ નથી. આત્માનો નાશ થઇ શકે નહિ. તેથી કોઈએ મૃત્યુથી ડરવું જોઈએ નહિ. મૃત્યુ ફકત જીવનનો બીજો તબક્કો છે. ગમે તેટલી લાંબી માંદગીમાં માણસ હેરાન થતો હોય અથવા ગમે તેટલી તીવ્ર ઇજા થઇ  હોય, પરંતુ યોગ્ય ક્ષણે જયારે સમય ઈશારો કરે માત્ર ત્યારે જ મૃત્યુ થઇ શકે છે. જયારે જીવવા માટેની જિજીવિષા પૂરી થાય છે, ત્યાર પછી બીજો કોઈ જન્મ નથી.

તે એક જ શક્તિ છે જે બધા હાથોને પ્રવૃત કરે છે, બધી આંખો દ્વારા જુએ છે, અને બધા કાનો દ્વારા સાંભળે છે. ખરેખર, બધી માનવજાતિ એક દિવ્ય તત્વમાંથી બનેલી છે. માનવ શરીર, પછી ભલે તે અમેરિકામાં, ચીનમાં, હિન્દુસ્તાનમાં કે આફ્રિકામાં હોય પણ તે માંસ, લોહી હાડકાના સરખા ઘટકો છે. સ્વાભાવિક ઈચ્છાઓ અને જાગૃકતા બધા જીવંત પ્રાણીઓમાં સમાન છે. જયારે

વૈજ્ઞાનિક સાધનો દ્વારા શોધખોળ થઇ, ત્યારે એ સત્ય સિદ્ધ કરી શકાય છે કે ધાતુ, પથ્થર અને વૃક્ષમાં જીવંત ચેતનાની નિશાનીઓ છે.

આત્મા એ દિવ્ય તત્વની ચિનગારી છે. શોધ કારનારાઓથી તેનું છૂપું અસ્તિત્વ જાણી શકાય છે. ઈશ્વર એક છે. જો વ્યક્તિ આત્મ વિદ્યાના વિજ્ઞાનમાં પ્રવીણતા મેળવે તો પછી તે ગમે તે રાષ્ટ્રનો હોય, તે ગમે તે ધર્મ પાળતો હોય, પરંતુ તે બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે. એક જ ઈશ્વરમાં શ્રદ્ધા એ મહત્વનો મુદ્દો છે, કેન્દ્ર બિંદુ છે. બીજી માન્યતાઓ, ખ્યાલો અને અનુમાનો પૈડાની કોરની જેમ પરિધ ઉપર ગોળ ગોળ ફરે છે.

## પ્રકરણ ૬

દરેક જીવંત પ્રાણીનું પૂર્ણતાને પ્રાપ્ત કરવું તે અનિવાર્ય પ્રારબ્ધ છે. કોઈ પણ રીતે તેને અવગણી શકાય કે નકારી શકાય નહિ. અત્યારની આપણી અપૂર્ણતાની પરિસ્થિતિ પાછલી જિંદગીઓમાં કરેલી પ્રવૃતિઓનું પરિણામ છે. એટલે એમ કહેવાનું કે, પાછલી જિંદગીના વિચારો, લાગણીઓ, મનોવિકાર અને કર્તવ્યોએ અત્યારની આપણી પરિસ્થિતિને પેદા કરી છે. તે જ પ્રમાણે, આપણા અત્યારના કામો અને ઈચ્છાઓ, વિચારો અને લાગણીઓના આધાર ઉપર આપણી ભાવિની પરિસ્થિતિ ઘડાઈ રહી છે. બીજા શબ્દોમાં, આપણે પોતે જ આપણા સદ્દભાગ્ય કે દુર્ભાગ્ય માટે કારણ છીએ. આનો અર્થ એવો નથી થતો કે આપણા સદ્દભાગ્યને વધારવા અને દુર્ભાગ્યને દૂર રાખવા બીજા પાસેથી મદદ ન લેવી જોઈએ. ખરેખર તો, આવી મદદ, કદાચ બહુ થોડા લોકો સિવાય બધાને માટે બહુ જરૂરી છે, જયારે વ્યક્તિને આવી મદદ મળે છે, ત્યારે વ્યક્તિની ચેતના શુદ્ધ થઇ ઊંચે ચડે છે, અને વ્યક્તિની આધ્યાત્મિક વિકાસની ગતિ વધે છે. અંતે, વ્યક્તિ પરિપૂર્ણતા અને પૂર્ણત્વ પ્રાપ્ત કરે છે.

આવી ઉલ્લાસિત કરતી પ્રેરણા પુસ્તકોના અધ્યયનમાંથી મેળવી શકાતી નથી. જયારે એક મનનું તત્વ બીજા મનના તત્વના સંપર્કમાં આવે ત્યારે જ ફક્ત તે પ્રાપ્ત કરી શકાય છે. જયારે વ્યક્તિ તેની આખી જિંદગી ચોપડાઓ પાછળ તલ્લીન થઇ અભ્યાસ કરે અને તેનાથી વ્યક્તિ બૌદ્ધિક રીતે ઘણો શક્તિશાળી બને, પરંતુ વ્યક્તિ આત્માના વિકાસમાં એક તસુભાર પણ આગળ વધી નહિ શકે. જો વ્યક્તિએ બુદ્ધિના શિખર ઉપર પહોંચી પ્રગતિ કરી હોય અને તે દ્વારા આધ્યાત્મિક જ્ઞાનમાં પ્રગતિ કરી સફળતાનાં શિખર ઉપર પહોંચે એવો દાવો કરવાને અધિકારી નથી. વિદ્વતા અને સંસ્કારિતા વચ્ચે કારણ અને પરિણામ જેવો કોઈ સંબંધ નથી. વ્યક્તિ દુન્યવી જ્ઞાનમાં ગમે તેટલો પારંગત હોય, પરંતુ જ્યાંસુધી એનું મન સંસ્કારી ન બને ત્યાંસુધી બધું ભણતર કચરા સમાન છે. જે શિક્ષણ પદ્ધતિ સંસ્કારિતા શીખવે અને સંસ્કૃતિને ફેલાવામાં મદદ કરે અને શિક્ષણને શુદ્ધ કરે તે સૌથી ઉત્તમ અને લાભદાયક છે.

પુસ્તકોના અધ્યનના પરિણામે, અથવા બીજા શબ્દોમાં, દુન્યવી શિક્ષણના પરિણામે. વ્યક્તિની બુદ્ધિ તીક્ષ્ણ અને વિસ્તૃત બની હોઈ શકે. વ્યક્તિ આધ્યાત્મિક વિષયો ઉપર આશ્ચર્ય - કારક પ્રવચનો આપી શકે. પરંતુ, વ્યક્તિની આદ્યાત્મિક જિંદગી તેના પ્રમાણમાં એટલી આગળ વધેલી હોય એમ માની નહીં શકાય. બીજી વ્યક્તિએ જે શિક્ષણ આપણને આપ્યું હોય તે આપણા

હૃદયમાં પ્રવેશ નહીં પણ કરી શકે અને આપણા સ્વભાવનું પરિવર્તન ન પણ કરી શકે. શા માટે આત્માની તીવ્ર સંસ્કારિતા વિનાનું શિક્ષણ નિરુપયોગી પૂરવાર થયું છે, તેનું આ કારણ છે.

જે વ્યક્તિના હૃદય ઉપર આત્મિક સત્યની છાપ પડી હોય તેવી વ્યક્તિને ગુરૂ તરીકે સ્વીકારાય છે. વ્યક્તિ જે આ સત્યને આવકારે અને તેને જાણવાને આતુર હોય, તેવા એકલાને જ શિષ્ય તરીકે સ્વીકારાય. બીજમાં જીવન સિંધ્ધાંત છુપાયેલા હોવોજ જોઈએ. ખેતરને બરોબર ખેડીને વાવણીને યોગ્ય તૈયાર કરવું જોઈએ. જો આ બંને પરિસ્થિતિઓ પૂર્ણ કરવામાં આવે તો વિપુલ પ્રમાણમાં આધ્યાત્મિક પાક મળશે. સાંભળનારની પાસે સ્પષ્ટ ગ્રહણશીલ બુદ્ધિ હોવી જરૂરી છે, નહીંતર તત્વજ્ઞાન સિદ્ધાંતો જે જ્ઞાનના પાયાને બનાવે છે તેને સમજી ગ્રહણ નહીં કરી શકાય. ગુરૂ અને શિષ્ય બંને આ કક્ષાના હોવા જોઈએ. બીજાઓ જેમની પાસે આવી યોગ્યતા અથવા સત્તા ન હોય તેઓ માત્ર આધ્યાત્મિક ક્ષેત્રમાં હેતુ વિનાના પછાડા મારી ફાંફા મારે છે.

આવા શિક્ષિત અને સંસ્કારી શિક્ષકો કરતાં વધુ ઊંચી કક્ષાના અને વધુ ઊંડી ક્ષમતાવાળા ઘણાં ગુરુઓ છે. તેઓ અવતારો છે, ઈશ્વરનું માનવ અવતરણ. તેઓ રાજીખુશીથી આધ્યાત્મિક શક્તિના આશીર્વાદ બક્ષે છે. તેમનું પ્રભુત્વ છે અને તે પ્રભુત્વના બળ માત્રથી, સૌથી નીચલામાં નીચલા સ્તરનો, જે વ્યક્તિએ આધ્યાત્મિક સાધનાના ધ્યેયને પ્રાપ્ત કર્યું છે તેવા (સિદ્ધ પુરુષ)ની કક્ષાએ ઊંચે ઊઠે છે. આવી વ્યક્તિઓ ગુરુઓના પણ ગુરુઓ છે. તેઓ સૌથી ઉન્નત કક્ષાના માનવ સ્વરૂપમાં ઈશ્વરનું પ્રગટીકરણ છે.

મનુષ્ય ઈશ્વરને માનવ રૂપ સિવાયના બીજા કોઈ રૂપમાં કલ્પી નહીં શકે. માનવ પ્રાર્થનાના પ્રત્યુત્તરમાં ઈશ્વર માનવ સ્વરૂપે પ્રગટ થાય છે, કારણ માનવ માત્ર તે દ્રષ્ટિ ચિત્રને જ સાચું અનુભવી શકે છે. જયારે તે ઈશ્વરની કલ્પના કરે છે અને તે ઈશ્વરને બીજા રૂપમાં વિચાર છે ત્યારે તેને કોઈ વિકૃત આકારનું ચિંતન કરવું પડે છે અને તે માનવ માટે ઘણાં પ્રયત્નો કરવા પડે છે કે તેનો કલ્પેલો આકાર એ વાસ્તવિક ઈશ્વરના આકાર કરતાં ઉતરતો છે. એક અજ્ઞાની માણસ શિવની મૂર્તિ બનાવવા માટે સમંત થયો અને તે બનાવવામાં ઘણાં દિવસો પસાર કર્યા. તેની સતત મહેનતના પરિણામ રૂપે ને તે સમયગાળાને અંતે વાંદરાની પ્રતિમા બનાવી. જ્યાં સુધી આપણે માનવ છીએ, ત્યાંસુધી આપણે માનવથી પરનું ઈશ્વરનું બીજા કોઈપણ સ્વરૂપમાં કલ્પના દ્વારા ચિત્ર કરવા અશક્તિમાન છીએ. તેથી, વ્યક્તિએ જાતે માનવ સ્તરથી ઊંચી અને પરની અવસ્થાએ પહોંચી, તે (અવતાર) વ્યક્તિની સચ્ચાઈને સમજવા માટે તકની રાહ જોવી પડે છે.

સામાન્ય કોટિની તર્કની ક્ષુલ્લક શોધખોળ, જે વિવેકથી તૈયાર થઇ નથી, તે આપણને માત્ર શૂન્યતાને સમજવાને મદદ કરી શકશે. જયારે આવી વ્યક્તિઓ અવતારને વખોડે, અને તમે ત્યાં હાજર હોવ અને સાંભળતા હોવ, તો તે વ્યક્તિને પૂછો, 'આદરણીય સર, તમે સર્વસ્થળે વસનાર, સર્વશક્તિમાન અને સર્વવ્યાપી શબ્દોના અર્થને સમજ્યા છો?' મનુષ્યો તેની ઇન્દ્રિયો દ્વારા સંપર્કમાં આવે તેટલી ભૌતિક પ્રકૃતિની મર્યાદાના સંપર્કમાં છે. તેથી, આ વિચારોને સમજવામાં તે મજબૂર છે. સામાન્ય અભણ માણસ કરતાં વધારે, આ વ્યક્તિ આ બધા ખ્યાલો વિષે કશું જ જાણતો જ નથી. વ્યક્તિને આ ખ્યાલો વિષે સામાન્ય અભણ માણસ કરતાં કંઈ વધુ જાણકારી નથી. તેઓ જોકે આ વિશાળ વિચારોની ક્ષિતિજથી અણજાણ, હોવા છતાં આવી જાતના વ્યક્તિઓ તેમના ઉપદેશ દ્વારા ગરબડ ગોટાળો અને પીડા ઉભી કરે છે.

વાસ્તવિકતામાં, તો આધ્યાત્મિક શિક્ષણ સત્ય અથવા તત્વનો અનુભવ, તેની જાગૃકતા છે. મનોરંજન વક્તૃત્વને ભૂલથી સત્યના અનુભવ તરીકે નહીં લેવાનું. તે અનુભવ તો વ્યક્તિના અંતર્ભૂત મંદિરમાંથી આવે છે.

અત્યારે તે જે રીતે સર્જાયો છે, તે સ્વભાવે બંધાયેલો છે અને તેથી, તે ઈશ્વરને મનુષ્ય રૂપે જ માત્ર જોઈ શકે છે. તેનો છૂટકારો નથી. જયારે ભેંસો ઈશ્વરની પૂજા કરવાની આકાંક્ષા કરે તેઓ તેમના ભેંસના સ્વભાવથી માર્યાદિત હોવાથી, તેઓ ઈશ્વરને વૈશ્વિક ભેંસ તરીકે જ કલ્પી શકશે. તે જ પ્રમાણે મનુષ્ય પણ દિવ્ય સિંદ્ધાંતને માનવ અંગો અને માનવ ગુણોવાળા વિરાટ પુરુષ તરીકે કલ્પના કરશે.

મનુષ્ય, ભેંસ, માછલી - આ બધાને પાત્ર કે વાસણ તરીકે સરખાવી શકાય. માનીલો કે આ પાત્રો પોતાની જાતને દિવ્ય અમર્યાદિત મહાસાગરમાં ભરવા જાય છે. તો તે દરેક પોતાના આકાર અને માપ જેટલું જ માત્ર લઇ શકે તેમ છે ને? તો મનુષ્ય પાત્ર ઈશ્વરનું મનુષ્ય રૂપ હોય ; ભેંસ પાત્ર, ભેંસનું રૂપ હોય ; માછલી પાત્ર , માછલીનું રૂપ હોય એવું માની સ્વીકારશે . આ બધા પાત્ર - સ્વરૂપો દિવ્યતાના મહાસાગરનું એક જ પાણી લેશે. જયારે મનુષ્ય ઈશ્વરની કલ્પના કરે છે ત્યારે તેઓ ઈશ્વરને માનવ તરીકે જોશે. દરેક પોતાના સ્વરૂપને ઈશ્વર ઉપર લાદે છે.

## પ્રકરણ ૭

મનુષ્ય બીજ જેવો છે. જેવી રીતે બીજમાંથી અંકુર ફૂટી તેમાંથી નાનો છોડવો નીકળશે અને સતત વધીને ઝાડ બને છે, તે જ પ્રમાણે મનુષ્યે પણ વિકસીને પૂર્ણતાને પ્રાપ્ત કરવાની છે. આ ધ્યેયને પહોંચવા માટે મનુષ્યએ જ્ઞાનના બે ક્ષેત્રોપર પ્રભુત્વ મેળવવાનું છે. પહેલું દુનિયાનું જ્ઞાન છે, એટલે એમ કહેવાનું કે, આ પ્રગટ દુનિયાને લગતું જ્ઞાન. બીજું પરની (બીજી) દુનિયાનું જ્ઞાન. પહેલું જીવન ઉપાધીનાં સાધનો આપે છે; બીજું જીવનના ધ્યેય (જીવન પરમાવધિ)નું જ્ઞાન આપે છે. જીવવા માટેના સાધનો રોજિંદા જીવનની વસ્તુઓને સંતોષે છે. વ્યક્તિએ તેને મેળવી અને એકઠી કરી રાખવી પડે. અથવા જયારે જરૂર પડે ત્યારે તેને મેળવવાની શક્તિ મેળવવી જોઈએ. જીવનના ધ્યેયના જ્ઞાનમાં આ પ્રશ્નોની પૃચ્છાનો સમાવેશ થાય છે જેવા કે, ' ક્યા અંત માટે વ્યક્તિએ જીવવું જોઈએ?' જે બધાથી એમ જાણકાર થયા છીએ તેનો સર્જક કોણ છે?', ' હું ખરેખર શું છું?, શું, આ વિશિષ્ટ વ્યક્તિ હું?'. આ પૃચ્છા આખરે તો ધ્યેયને પ્રગટ કરે છે. બધા જ ધર્મોના શાસ્ત્રો અને ઘણા નૈતિક નિયમો જે તેમાંથી ઉદ્ભવ્યા છે તે આ દુનિયાની મર્યાદાથી પરના પ્રશ્નો જેવા કે 'આપણે શા માટે અહિંયા છીએ?' 'આ જિંદગીની તક મળી છે તો તેને યોગ્ય આપણે ખરેખર શું કરવું જોઈએ?', અને 'આપણે શું બનવાનું છે?', સાથે સંકળાયેલા છે.

મનુષ્યને આ દુનિયામાં અતિ લાભકારી રીતે જીવવા માટે કયો રસ્તો છે? જવાબ એ છે કે નિયમિત અને શિસ્તબદ્ધ જીવવાનું. સાચું શિક્ષણ મનુષ્યને મર્યાદા અને બંધનોને પાળવા માટે કેળવે છે. દુનિયાના જ્ઞાનમાં પ્રવીણતા મેળવવા માટે આપણે ઘણું દુઃખ ભોગવીએ છીએ અને મુશ્કેલીઓ સહન કરીએ છીએ. આપણે શરીરના બાંધાને વિકસાવવા માટે કડક પથ્ય પાળવાની દરકાર કરીએ છીએ. આપણો જે કોઈ ઉદેશ્ય હોય, તેને યોગ્ય શિષ્ટને આપણે અનુસરીએ છીએ.

શિસ્તબદ્ધ વિચાર અને વર્તનથી ક્યા લાભ થાય છે? શરૂઆતમાં નિયમો અને ધારાઓ પ્રાથમિક દરજ્જાના હોય છે. પછીથી તેઓ વ્યક્તિ ઇંદ્રિયોની પહોંચની પરના ક્ષેત્રમાં જાગ્રત કરવાને શક્તિમાન કરે છે. આગળ ઉપર, વ્યક્તિ પોતાનું મન પહોંચે તેનાથી પાર અને માનવ શરીરમાં જે બધી શક્તિઓ ભરી છે તે પહોંચી શકે તે હદની દીવાલોની પણ પાર મુસાફરી કરી શકે છે. છેવટે, વ્યક્તિ તે સત્યના સત્યનો અનુભવ કરી સાક્ષાત્કાર કરે છે, કે તે એકનું એક જ બધામાં એટલે, સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત છે. જયારે વ્યક્તિ આ જાગૃતતામાં અને વિશ્વાસમાં સ્થિર થાય છે ત્યારે તે પરમાનંદથી ભરાઈ જાય છે. આ વિદ્યા, જે સાચા શિક્ષણને સંપાદન કરવાની

છે, જે સર્વોપરી શિક્ષણની પ્રક્રિયાની પરાકાષ્ઠા છે. તે પ્રક્રિયા દરમ્યાન, વિદ્યા આદર્શ સમાજની રૂપરેખા વિષે, માનવ માનવ વચ્ચેના અતિ ઇચ્છનીય જોડાણો, લોકો, જાતિઓ, રાજ્યો અને બિરાદરીઓ વચ્ચે અતિ લાભકારી સંબંધો, અને રોજિંદા જીવન માટે ઉત્તમ પ્રથા અને રીતભાત વિષે પ્રસંગોપાત સૂચનાઓ આપે છે. વિદ્યા આ બધાને માનવ હૃદયમાં માનવ પ્રગતિ માટે જેટલા જરૂરી છે તેટલા ઊંડા ઠસાવી દે છે.

બધા ધંધાઓમાંથી, શિક્ષકના ધંધાવાળાઓએ સત્યના આદર્શને વળગી રહેવાનું છે. જયારે શિક્ષકો સત્યના રસ્તાને ચૂકી જાય છે, ત્યારે સમાજમાં સંકટ આવી પડે છે. દુનિયાની રીતભાતથી અસંખ્ય હજારો કુમળા બાળકો તેમના હાથના ટોચેથી પસાર થાય છે. તેમના ઉપદેશની અને વ્યક્તિત્વની છાપ મહાન અને લાંબી ટકનારી પડે છે. તેથી, શિક્ષકે ખરાબ ટેવોથી મુક્ત રહેવાનું છે. કારણ બાળકો કુદરતી રીતે મોતની ટેવો અને રીતભાતને અપનાવે છે. આ ભય કાયમનો હાજર છે. જયારે દુષ્ટ અસર હજારો તરફ વાળેલી હોય અને તેની છાપ તેમના ઉપર પડે ત્યારે સમાજ દુષિત થઇ જાય છે. અને વખત જતા સામાજિક દુષણ, શિક્ષકને પણ કોઈ બીજી રીતે મલિન કરે છે, ઓ ભગવાન, તમે મને આ પાઠ શીખવ્યો છે.' એમ ગીત ગવાય છે. એક દિવસે શિક્ષક પોતે પોતાના વિદ્યાર્થીઓ દ્વારા હાંસીને પાત્ર બની પોતાને નીચું જોવડાવે છે. તેથી, શિક્ષકે પોતાનીજાતને સદ્ગુણોથી સજ્જ કરવી જોઈએ. રાજા એના રાજ્યની અંદર જ માન પામે છે. તેના રાજ્યની હદની અંદર જ તેના ગુણગાન ગવાય છે. પરંતુ ગુણવાન માણસ બધા દેશોમાં માન પામી વખણાય છે.

વ્યક્તિ પાસે આગળ પડતી શારીરિક સુંદરતા હોય; તેની પાસે તંદુરસ્ત શક્તિશાળી જુવાનીનો ચળકાટ હોય, તે ઘણા ઉમદા ઊંચા વંશનો છે તેવા બણગા ફૂંકતો હોય, તે પ્રખ્યાત વિદ્વાન હોય, પરંતુ, (વિદ્યા) જે આધ્યાત્મિક શિસ્તની ખાતરી આપે છે તે ગુણોનો તેનામાં અભાવ હોય, તો તેને એક સુગંધ વિનાના સુંદર ફૂલ તરીકે ઓળખવાનો.

મોહનદાસ કરમચંદ ગાંધી જયારે ખાસ્સા નાના હતા, ત્યારે તેમને તેમની માતાની સાથે 'શ્રવણ અને તેની તેમના માં-બાપ તરફની ભક્તિનું નાટક જોયું  અને તેમણે પણ શ્રવણ બનવાનો એવો નિશ્ચય કરી લીધો. તેમણે હરિશ્ચન્દ્રનો નાટક જોયો અને તે નાટકે તેમના મન ઉપર એટલી ઊંડી છાપ પાડી કે તેમણે નક્કી કરી લીધું કે પોતે હરિશ્ચન્દ્રની જેમ ગુણોને પરાક્રમી રીતે વરી જશે. આ બંનેથી તેમનામાં એટલું પરિવર્તન આવ્યું કે તેઓ મહાત્મા બન્યા. ગાંધી જ્યારે શાળામાં જતા હતાં ત્યારે તેમના એક શિક્ષક હતા જે તેમને અવળો માર્ગ શીખવતા હતા.

પરંતુ ગાંધીએ તેમની શિખામણ સ્વીકારી નહીં. પરિણામે, તેઓ આ દેશમાં સ્વરાજ્યને પાછું લાવવામાં સફળ થયા. આ ભારત દેશમાં અનેક હજાર મહાત્માઓ અપેક્ષિત છે. તે પુરુષો અને સ્ત્રીઓ જેમણે આત્મ વિદ્યા શીખી અને આચરણ કર્યું છે તેવાઓના દ્રષ્ટાંત તેમની સામે ઊભા કરી દેવાના છે.

સનાતન ધર્મ, ભારતની પ્રાચીન સંસ્કૃતિને માત્ર ભારતીયો જ નહીં પણ બીજા દેશના લોકો પણ તેની સર્વોપરી કિંમત હર્ષનાદથી કરતા હતા. તેની વૈશ્વિક વિખ્યાતિનું કારણ તે વેદો ઉપર આધારિત છે તેથી ' વેદોખીલો ધર્મ મૂલં'. વેદો જ બધા ધર્મ અથવા નૈતિકતાના સિદ્ધાંતોના સ્ત્રોત છે. મનુષ્યએ પશુઓમાં અને જીવંત પ્રાણીઓમાં પોતે સર્વોપરીનું જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તેને સાચવી રાખવા માટે જે કૃત્યો અને વલણ જરૂરી છે તેની યાદી ધર્મમાં સૂચિત કરી છે. મનુષ્ય એ બધી ફરજો અને અહેસાનો, હક્ક અને જવાબદારીઓ જેને મનુષ્યએ સ્વીકારી છે, જિંદગીમાં તેનાથી બંધાયેલા રહેવાનું છે તે ખજાનો વેદોમાં સમાયેલો છે.

પ્રાચીન ગુરુકુળોમાં, વિદ્યાર્થી તેના ગુરુના હાથ નીચે અભ્યાસક્રમને પૂરો કરે પછી ગુરુ તેમને આવી ઉત્તમ સલાહ આપે, જે બીજા કોઈપણ દેશમાં બીજા કોઈપણ વિદ્યાર્થીએ તેના ગુરુ પાસેથી મેળવી ન હતી. જેવી કે: 'માતૃ દેવો ભવઃ , પિતૃ દેવો ભવઃ, આચાર્ય દેવો ભવ', 'સત્યમ વદમ, ધર્મમ ચરમ'. 'નો ઈતરાની - બીજો કોઈ માર્ગ અપનાવો નહીં'. આ બધા હુકમો હતા. 'બધા દુરાચારી કાર્યો બંધ કરો. જે પ્રવૃતિઓ તમારી પ્રગતિ સાધે તેવી પ્રવૃતિઓમાં જોડાવ', આ સલાહ અપાતી હતી. વેદો અને ઉપનિષદો આ બધા હુકમોને ત્યારે સંબોધે છે જયારે આપણે તેમને અનુસરીને પૃથ્વી ઉપર શાંતિ માટે શાંતિ, શાંતિ, શાંતિની પ્રાર્થના કરીએ છીએ.

વિદ્યાર્થીને જે સલાહ આપવામાં આવે છે તેનો એકે એક કણ અત્યંત શક્તિશાળી છે. તેના માતા-પિતા તરફની પ્રેમ પૂર્વકની સેવાથી, ધર્મવ્યાધને શાશ્વત ખ્યાતિ મળી છે. સતત સત્યને વળગી રહેવાને કારણે રામ અને હરિશ્ચંદ્રએ તેમની જાતને અમર કરી. સદાચરણના વર્તનથી સામાન્ય માણસ મહાપુરુષની સ્થિતિએ પહોંચે છે. જીવંત પ્રાણીઓને નુકશાન કરવામાંથી બુદ્ધ પાછા હઠયા હતા. તેઓ અહિંસાને 'પરમો ધર્મ' તરીકે બોલ્યા. તેથી, તેઓ વિશ્વ ઉપદેશક તરીકે માન પામ્યા છે.

જિંદગીમાં સાચું તપસ અથવા વૈરાગ્ય જે શિસ્ત અને બંધનો નિશ્ચિત કરાયા છે તેને પાળવામાં છે. મનુષ્યની અંદર ત્રીકરણમાં મન સૌથી મોખરાનું છે. આપણે મનનું રક્ષણ કરવાનું છે. જેથી આસક્તિ, કામના અને આવેશો અંદર પ્રવેશે નહીં. આ એકાંતિકો મનને માટે સહજ છે. કામ, ક્રોધ, લોભ, આસક્તિ, અહંકાર અને ઈર્ષાના મોજા મનની અંદર આવેશમાં ઉત્પન્ન થાય છે. આ છ મનુષ્યના અંદરના દુશ્મનો છે. પહેલા બે તેમની પાછળ બાકીના ચારને ઢસડે છે. પહેલા બેમાંથી આપણી જાતને મુક્ત કરવા અને આધ્યાત્મિક માર્ગે આગળ વધવા, આપણે સાધના કરવાની છે. વિદ્યા દ્વારા આપણે આને શીખીએ છીએ.

પ્રકરણ ૮

જે કોઈ પણ કામ લેવાદેવા વિના અથવા તેમાંથી કોઈ લાભની ઇચ્છા વિના, ફક્ત પ્રેમથી અથવા ફરજની ભાવનાથી કર્યું હોય તે યોગ છે. આવો યોગ મનુષ્યની પાશવી વૃત્તિનો વિનાશ કરે તેનું દિવ્ય વ્યક્તિમાં રૂપાંતર કરે છે. બીજાઓને સગાવહાલાઓ સમજીને તેમની સેવા કરો. તે વ્યક્તિને  પ્રગતિ કરવામાં મદદ કરશે; તે આધ્યાત્મિક અવસ્થા જે પ્રાપ્ત કરી છે તેમાંથી સરકી પડવામાંથી બચાવશે. સેવા વ્રત અને પૂજા કરતાં વધુ લાભકારક છે. સેવા તમારી અંદર છુપાયેલા સ્વાર્થને કાઢી નાખે છે; તે હૃદયને ખુલ્લું કરી વિશાળ કરે છે; તે હૃદયને પાંગરવામાં મદદ કરે છે.

તેથી, કોઈ પણ ઈચ્છા વિના કરેલું કામ મનુષ્યને માટે સર્વ શ્રેષ્ઠ આદર્શ છે; અને જયારે તેના જીવનની ઇમારત તે પાયા ઉપર ચણાઈ હશે, ત્યારે આ નિષ્કામ સેવાના પાયાની સૂક્ષ્મ અસર દ્વારા, તેનામાં ગુણો એકત્રિત થશે. સેવા આંતરિક ભલાઈની અભિવ્યક્તિ છે. જેમ વ્યક્તિ વધુને વધુ સેવા કરશે, તેમ તેમ વ્યક્તિની ચેતના વિસ્તૃત થઇ ઊંડી અને વ્યક્તિનું આત્મ તત્વ વધુ સ્પષ્ટ રીતે જણાશે.

આ સેવાનો આદર્શ અને તેનું આચરણ કરવાની ઉત્કંઠા શિક્ષણના મધ્ય બિંદુને બનાવે છે. વિશુદ્ધ પ્રેમ, તેનું, મુખ્ય પ્રગટીકરણ - તે શિક્ષણ છે. બીજું કશું પણ હોઈ ન શકે. જેઓ માનવજાતિને માટે સારું કરે છે તેમને  ઈશ્વર પોતાના બાળકો તરીકે પ્રેમ કરે છે. તેમના દેશબંધુઓ માટે તેઓ આદર્શ ભાઈઓ છે. આત્માની જાગૃતતા પ્રાપ્ત કરવા તેઓ લાયક છે.

જે કોઈ તેમની સંપત્તિ, શક્તિ, બુદ્ધિ અને ભક્તિ માનવજાતિના વિકાસ અને પ્રગતિ તરફ વાપરે છે તે વ્યક્તિ માન પામવાને લાયક ગણાય છે. જેઓ સ્વાર્થના વિચારથી મલિન થયા વિના, સેવાના પવિત્ર વ્રતને પાળે છે, તેઓ ખરેખર ઉમદા હેતુને માટે જન્મેલા છે.

જયારે વ્યક્તિ તેની સંપત્તિ, કૌશલ અને બુદ્ધિ, તેની પ્રતિષ્ઠા અને મોભાને બીજાની પ્રગતિને આગળ વધારવા માટેની ઉત્કંઠાથી પ્રેરાઈ સમર્પણ કરે છે, ત્યારે તે ખરેખર મહાન બને છે. આવી વ્યક્તિ દુનિયા માટે હેતુકારી દ્રષ્ટા છે. તે સ્વાર્થ રહિત સેવાના વ્રતને કોઈપણ નિષ્ફળતા વિના પૂર્ણ કરે છે. જે કોઈ વ્યક્તિ તેની પ્રાથમિક જવાબદારી અને ફરજો માટે સભાન હોય અને આચરણમાં તેને પૂર્ણ કરવા માટે તેના દિવસો પસાર કરતો હોય છે તે પછી ભલે ગમે

ત્યાં હોય તે સર્વોપરી શાંતિમાં હોય છે. તેની અસરને કારણે તેના આડોશીપાડોશી પણ તે શાંતિના ભાગીદાર બને છે.

વિદ્યા મનુષ્યને ત્યાગના અગ્નિમાં તેના સંકુચિત અહંને હોમી દેવાની ફરજ પાડે છે અને તેની જગ્યા ઉપર વૈશ્વિક પ્રેમ, જે આધ્યાત્મિક વિજયની ઉપરની ઇમારતના મૂળ પાયાનો આધાર છે, તેને ઉત્તેજન આપે છે, પ્રેમ જેને મર્યાદાની ખબર નથી તે મનને શુદ્ધ કરી પવિત્ર કરે છે. (તમારા) વિચારોને ઈશ્વરની આજુબાજુ ફરવા દો, લાગણીઓ અને ભાવના પવિત્ર રાખો અને કર્મો અને પ્રવૃતિઓ દ્વારા નિઃસ્વાર્થી સેવાને વ્યક્ત કરો, આ રીતે મન, હૃદય અને હાથોને સારાપણાથી ભરી દો. વિદ્યાએ આ શુદ્ધીકરણના કાર્યને હાથમાં લેવાનું છે. તેણે પહેલાં સેવાના રહસ્યને સ્થાપવાનું છે. બીજાની કરેલી સેવા બધી રીતે પૂર્ણ આનંદને બક્ષે છે. સેવાને નામે બીજા ઉપર કોઈ નુકસાન, દુઃખ કે પીડા પહોંચવી નહીં તેના ઉપર વિદ્યાએ ભાર મૂકવાનો છે.

સેવા કરતી વખતે, તે પોતાના સંતોષ માટે કરવામાં આવે છે તે વલણને ઝાંખું પડવા નહીં દેવાનું. તે જિંદગી જીવવાના એક જરૂરી ભાગ તરીકે જ થવી જોઈએ. આ વિદ્યાનું સાચું હાર્દ છે. જેવી જરૂરિયાત બાંધેલા ઘર માટે ઈંટ અને ચુનાના ગારાની છે તેવી રીતે સેવાની પ્રવૃત્તિ માટે વિદ્યા જરૂરી છે. વિદ્યા આપણી ફરજો અદા કરવા માટે વિચાર, વાણી અને કર્મોને શુદ્ધ કરવાના આપણા નિશ્ચયને મજબૂત કરી શકે છે. આના જેવી વિદ્યા દેશની પ્રગતિ માટેની ચાવી છે.

ખરેખર માનવજાતિની શાંતિ અને સમૃદ્ધિની ખાતરી આપનારું રહસ્ય શું છે? બીજાને સેવા આપવી પરંતુ બદલામાં તેમની પાસે સેવાની આશા ન રાખવી. કર્મ અથવા પ્રવૃત્તિ જે બંધન કારક છે તે વિશાળ ઝડપી વધનારું વૃક્ષ છે. આ વૃક્ષને કાપનારી કુહાડી આ છેઃ દરેક કાર્યને ઈશ્વરની પૂજાના કાર્ય તરીકે કરવું. આ સાચો યજ્ઞ છે, અત્યંત મહત્વની વિધિ છે. આ ત્યાગ બ્રહ્મ વિદ્યાને આપે છે. નોંધ કરો કે સેવા કરવાની આકાંક્ષા શરીરની દરેક નસમાં વહેવી જોઈએ, દરેક હાડકાંમાંથી ભેદીને પસાર થાય અને દરેક કોષને ક્રિયાશીલ કરે. જેઓ આધ્યાત્મિક સાધનામાં પ્રવૃત થયેલા છે તેઓ સેવા તરફના વલણમાં પ્રવીણ થયા હોય છે.

પ્રેમનું પાંગરેલું ફૂલ સેવા છે, તે ફૂલ મનને આનંદથી ભરી દે છે. નિરુપદ્રવીતા તે ફૂલની સુવાસ છે. તમારા નાના કૃત્યો પણ દયા અને પૂજ્યભાવના સૂચક હોવા જોઈએ. ખાત્રી રાખજો કે તેનાથી તમારું ચારિત્ર્ય વધુ સારી રીતે પ્રકાશશે. સૌથી ઉચ્ચ સુખ સંતોષ છે. જ્યાં નિર્દયતા કે

કઠોરતા નથી, ત્યાં પવિત્રતાની ચડતી થશે અને ગુણો પાંગરશે. જ્યાં એકલવાયી જિંદગી જીવવાની ઉત્કંઠાનો સંપૂર્ણ રીતે નાશ કરવો જોઈએ. સ્વપ્નોમાં પણ આવી ઈચ્છાને આવકારો નહીં.

વિદ્યા તમારીજાતને પહેલાં યાદ કરવાની સલાહ આપે છે. તમારીજાતમાં પરિવર્તન લાવ્યા પછી બીજાને સુધારવાનો પ્રયત્ન કરો. તે સલાહ વિદ્યા તમને આપે છે. બિનસ્વાર્થી સેવા ઈશ્વરની પૂજા તરીકે કરવામાં આવે તો તે દ્વારા ભૌતિક દુનિયા સાથેની ભ્રમિત આસક્તિના મૂળને ઉખેડી શકાય છે. માનવજાતિ તરફની એકનિષ્ઠા અને પ્રેમ કરતાં માતૃભૂમિ તરફની એકનિષ્ઠા, માતૃભૂમિના પ્રેમની ગણના ઓછી કરવામાં આવે છે. સાચી એકનિષ્ઠાનું લક્ષણ બધા સમયે, દરેક સ્થળે, બધા માટેનો પ્રેમ છે.

તમારી પ્રકૃતિ અથવા સ્વભાવ તમારા કાર્યો, તમારા હાવભાવો, તમારો દેખાવ, તમારી વાણી, તમારી ખવડાવવાની ટેવો, તમારો પોશાક, તમારી ચાલવાની ઢબથી છતાં થાય છે. તેથી, તમારી વાણી, તમારી હલચલ, તમારા વિચારો, તમારી વર્તૂણક એકદમ યોગ્ય અને પ્રેમ સભર, સાત્વિક અને જંગલીપણા રહિત અને વાંકીચૂકી ન હોય તેની ખાત્રી કરવામાં ધ્યાન આપો.

બીજા પાસે તમારે ઘણું સારું શીખવાનું છે તે માનવ માટેની નમ્રતા તમારે વિકસાવવાની છે. તમારો ઉત્સાહ, તમારી દ્રઢ મહત્વાકાંક્ષા, તમારો નિશ્ચય, તમારી કામ કરવાની શક્તિ, તમારો જ્ઞાનનો ભંડાર, તમારું ડહાપણ - આ બધાનો સંબંધ બીજા બધાની સાથે છે અને તેનો ઉપયોગ તમારા એકલા માટે કરવાનો નથી. તમારા હૃદયે બીજા બધાને અંદર સ્વીકારી લેવાના છે. તમારા વિચારો પણ તે વિશાલ પ્રકૃતિના ઢબના હોવા જોઈએ.

ખોરાક ખાવો એ પવિત્ર વિધિ, એક યજ્ઞ છે. તે માનસિક તાણ અથવા ચિંતાની ક્ષણોમાં કરવો ન જોઈએ. ખોરાકની ગણતરી ભૂખના દર્દની દવા તરીકે અને જિંદગીના પોષણ તરીકે કરાવી જોઈએ. તમારી સામે આવેલી દરેક મુશ્કેલીને તમારા મનના બળને વિકસાવવાની અને તમને વધુ મુશ્કેલીઓથી મજબૂત કરવાની ભાગ્યશાળી તક તરીકે લો.

'અનેક તરીકે બહાર આવવું' તે પ્રકૃતિનું લક્ષણ છે. ' એકતામાં લક્ષ ખેંચવું' તે દિવ્યતાનું લક્ષણ છે. તેથી, જે કોઈ બીજાને ધિક્કારે અથવા અણગમો કરે, અથવા નીચા પાડે અને બદનામ કરે તે ખરેખર મૂર્ખ છે; કારણ, તે રીતે તે અણગમો કરવો, ધિકકારવું, નીચા પાડવું, બદનામ

કરવું તે પોતાની જાતને જ કરે છે. માત્ર આ સત્યથી તે અજાણ છે. આ સત્યમાં સ્થાપિત થવાની વિદ્યા સલાહ આપે છે અને ગર્ભિત દિવ્યતાને દર્શાવે છે.

હૃદયના બગીચામાં વ્યક્તિએ દિવ્યતાના ગુલાબને, વિન્રમતાના મોગરાને અને ઉદારતાના ચંપાને રોપી પોષવા જોઈએ. દરેક વિદ્યાર્થીએ દવાના ડબ્બામાં, વિવેકની ટીકડી તરત હાજર થાય તેમ રાખવાની, સ્વ-નિયંત્રણના ટીપા અને ત્રણ પાવડરોઃ શ્રદ્ધા, ભક્તિ અને સબૂરી. આ દવાઓના ઉપયોગથી, તે અજ્ઞાન રૂપી ગંભીર માંદગીમાંથી બચી શકશે.

દુનિયામાં ઘણા વિનાશક બળો છે. પરંતુ સદ્દભાગ્યે, તેમની સાથે વિધાયક બળો પણ ત્યાં છે. વિદ્યાના વિદ્યાર્થીઓએ બૉમ્બ અને યંત્રના પૂજારીમાં ફેરવાવું ન જોઈએ. તેમણે તેમની જાતને માધવ (ઈશ્વર) અને મંત્રની પૂજા કરતી ક્રિયાશીલ વ્યક્તિમાં ફેરવી નાંખવાની. સત્તા અને અધિકાર શક્તિશાળી માદક પદાર્થો છે. તેઓ મનુષ્યનો વિનાશ થાય ત્યાંસુધી તેને ભ્રષ્ટ કરી ઝેરી કરે છે. તેઓ કમનસીબને પોષે છે. પરંતુ, વિદ્યા તેમના ઉપર પૂર્ણતા અને સદ્દભાગ્ય બક્ષે છે.

## પ્રકરણ ૯

કોઈપણ વસ્તુમાં આપણે જેટલો વિશ્વાસ મૂકીએ છીએ તેના પ્રમાણમાં આપણે લાભ મેળવીએ છીએ. ઈશ્વરની આરાધનામાંથી, પવિત્ર સ્થળોની જાત્રામાંથી, મંત્રોના ઉચ્ચારણમાંથી અથવા દાક્તરના આશ્રયમાંથી આપણા વિશ્વાસના પ્રમાણમાં આપણને લાભ મળે છે. જયારે કોઈ માણસ પ્રવચનો આપે ત્યારે આપણને તેની વિદ્વતામાં અને પ્રતિપાદકતામાં વધુ ભરોસો હોય છે, તેથી આપણે બહુ સ્પષ્ટતાથી અને સીધે સીધો તે વિષયને આપણા હૃદયમાં ઉતારીએ છીએ અને તે પ્રવચનને વધુ ઊંડાણથી સમજીએ છીએ. શ્રદ્ધા અથવા વિશ્વાસના વિકાસ માટે અને સમજશક્તિના પોષણ માટે હૃદયની શુદ્ધતા અતિ આવશ્યક જરૂરિયાત છે, કારણ તે(શુદ્ધ હૃદય)ચિત્તના સ્તરોનો અને વિચારોનો મૂળ પાયો છે. કારણ દુનિયાની વિવિધ અને ભૌતિક જંજાળોની વચ્ચે જયારે એકાએક સ્વની ખોજ અથવા સ્વ-અસ્તિત્વ આત્માની શોધખોળ લેવામાં આવે, ત્યારે તે પ્રયત્ન નિષ્ફળ જાય છે. કારણ તે ઉત્સુક મનમાંથી ઉદ્દભવ્યું નથી.

ચિત્તને પહેલાં દુન્યવી પ્રપંચમાંથી પાછું ખેંચી લેવું જોઈએ અને તેને અંદર તરફ આત્માની જાગૃતતા તરફ વાળવું જોઈએ. જયારે સારી ખેડેલી જમીનમાં બી વાવવામાં આવે ત્યારે તે જલ્દી ઉગી નીકળે છે. તે જ પ્રમાણે, જયારે આત્મા જ્ઞાનની વિદ્યા તેમાં ઉદ્દભવી શકે છે.

સલાહને માત્ર સાંભળીને સંતોષ માનીને બેસી નહીં રહેતા. જે તમે સાંભળ્યું છે તેના ઉપર મનન કરો અને આ રીતે જે મનમાં છપાઈ ગયું હોય તેને પછી તમારા વિચાર, વાણી અને કાર્યોમાં વ્યક્ત કરી તેનો અનુભવ કરો. માત્ર આ રીતે સત્ય હૃદયમાં સંઘરાઈ રહેશે; અને માત્ર ત્યાર પછી જ તે નસોમાં વહેશે અને તમારા દ્વારા તે પૂર્ણ તેજ સાથે પ્રદર્શિત થશે.

હમણાના સમયમાં, ભાષણો અને પ્રવચનોને સાંભળવા એ એક ચળવળ, રોગ, ઘેલછા માત્ર થઇ ગયા છે. લોકો એમ કલ્પી લે છે કે એકવાર તેમણે સાંભળી લીધા એટલે તેઓ બધું સમજી ગયા છે. પરંતુ સત્યની ખોજનો સાચો હેતુ પોતાની જાતને મુક્ત કરવાનો છે. આકાંક્ષા ઊંડી અને સતત રહેવી જોઈએ. સત્યને જાણવાની અને અનુભવ કરવાની ઉત્કંઠા પછી યોગ બની જશે, જોડાણની ક્રિયા બની જશે.

યોગ ની અંદરનું જોડાણ ધર્મ અને દિવ્યતા વચ્ચેનું છે, કામ, ક્રોધ વગેરે જેવા દુષણો મનુષ્યમાં જેમ વધારે પોષાતા જાય, તેમ તેનામાં દિવ્યતાનો ઘટાડો વધુ પ્રમાણમાં થાય છે.

એટલે એમ કહેવાનુંકે દુષણો જેટલા જલદી વિકસે તેટલું જલ્દી તેનો આત્મમાં વિશ્વાસ ઓછો થતો જાય છે.

શ્રદ્ધા સૌથી વધુ મહત્વની છે. પોતે આત્મા છે તે સત્યમાં વિશ્વાસ અથવા શ્રદ્ધા - તે સાચી વિદ્યા છે. જયારે કામ, ક્રોધ વગેરે ઓછા થઇ અદ્રશ્ય થશે, ત્યારે આત્મામાં અને આધ્યાત્મિક ખોજની યોગ્યતામાં વિશ્વાસ વધવા માંડશે અને નિશ્ચિત થશે. અનાસક્તિ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો મૂળ પાયો છે. નાના બાંધકામ માટે પણ પાયો સ્થિર અને મજબૂત હોવો જોઈએ, નહીંતર થોડા સમયમાંજ તે ઢગલો થઇ પડી જશે. જયારે હાર બનાવવાનો હોય, ત્યારે આપણે દોરો, સોય અને ફૂલો જોઈએ, ખરુંને ? તેજ પ્રમાણે, જયારે જ્ઞાન મેળવવાનું હોય, ત્યારે ભક્તિ (દોરો), અનાસક્તિ (સોય) અને સ્થિર એક ધ્યાન (ફૂલ) જરૂરી છે.

દુનિયામાં દરેક જણ વિજયની ઈચ્છા કરે છે. કોઈપણ હારની ઈચ્છા કરતુ નથી.બધા પૈસા માટે તડપે છે; કોઈપણ ગરીબી માટે તડપતું નથી. પરંતુ કઈ રીતે વિજય અથવા સંપત્તિ મેળવી શકાય? આને વિષે વિચાર કરીને શોધી કાઢવું જોઈએ. અને આપણે તેના ઉકેલ માટે લાંબી શોધ કરવી જોઈએ.. સંજયે, મહાભારત પ્રમાણે, રાજા ધૃતરાષ્ટ્રને રહસ્ય ખુલ્લું કર્યું, ;જ્યાં યોગેશ્વર કૃષ્ણ અને ધનુર્ધારી અર્જુન બન્ને હોય ત્યાં વિજય નિશ્ચિત છે અને સંપત્તિ જીતાય છે.' સલાહ તરીકે આપણે આનાથી વધુ શું જોઈએ? વિજય પ્રાપ્ત કરવાને શારીરિક, માનસિક અને બૌદ્ધિક - ત્રણ પ્રકારની હાડમારીને સહન કરવાની કોઈ જરૂર નથી. તેમજ વ્યક્તિએ ચિંતાતુર કે અસ્વસ્થ બનવાની કોઈ જરૂર નથી. સંપત્તિ કે સમૃદ્ધિ માટે ઝુરવાની પણ જરૂર નથી. ઈશ્વરનો આશરો લો; હિમ્મતનું બાણ ધારણ કરો, એટલે એમ કહેવાનું કે, હૃદયને શુદ્ધ રાખો. તેટલું પૂરતું છે. વિજય અને સંપત્તિ તમારાજ છે. પરંતુ જયારે તમે સંપત્તિ અને વિજયની પાછળ મંડો છો, ત્યારે તમારી જાતને યાદ કરાવો કે તેઓ પડછાયા છે અને સદ્ધર વસ્તુ નથી. જો સૂર્ય તમારી પાછળ હોય, તો પછી ભલે તમે હજારો વર્ષો સુધી તેની પાછળ મંડેલા રહો, તો પણ તમે તમારા પડછાયાને મેળવી નહિ શકો. કારણ તે જલ્દીથી દૂર ભાગી જાય છે અને પહોંચની બહાર છે. સૂર્ય તરફ ફરો અને આગળ ચાલો. પછી, જુઓ શું થાય છે. પડછાયો પાછળ પડશે અને તમને દોરાવાને બદલે તે તમને અનુસરશે. તે તમારા પગલાં ઉપર ગુલામની જેમ ચાલશે. પડછાયાને માયાના પ્રતીક તરીકે ગણો. જ્યાં સુધી તમે માયાને અનુસરશો, માધવ દ્રષ્ટિની બહાર રહી અવગણાશે. તમે તેની દ્રષ્ટિમાં નહિ આવી શકો. તમે જન્મ મૃત્યુના ચક્રમાં ફસાયેલા રહેશો અને કાયમને માટે બંધનમાં રહેશો. આ પરવશતાના વાતાવરણમાંથી, વ્યક્તિએ પોતાની જાતને મુક્ત કરવા

પ્રયત્ન કરવો જોઈએ. અથવા બીજી રીતે, જો વ્યક્તિના બધા પ્રયત્નો ઇન્દ્રિયગમ્ય સુખને મેળવવા માટે જ થતા હોય, તો તે પ્રથમ અજ્ઞાનની સાચી નિશાની છે.

જેઓ બંધનમાં છે તેમણે સૌ પ્રથમ તેમનું બધું કૌશલ્ય અને શક્તિ તેમનીજાતને મુક્ત કરવામાં વાપરવી જોઈએ. બીજી બધી વસ્તુ મેળવવા કરતા આ વધુ કસોટીકારક છે; બીજું બધું ગૌણ છે. હમણાં લોકો સૌથી વધુ પાયાની વાતને ભૂલી જઈ ગૌણ વસ્તુઓની પ્રાપ્તિમાં ડૂબી ગયા છે. તેમણે દરેક ક્ષણને તેમનીજાતને યાદ કરાવવું જોઈએ કે તેઓ આત્મા છે અને શરીર તરીકે જુદા જુદા ભાગોને ભેગા મૂકેલું યંત્ર નથી.

રાજા પાસે તેના મહેલમાં એક રામ પોપટ હતો. તે સોનાના પિંજરામાં રહેતો હતો. તેને રોજ મીઠા ફળો ખાવા મળતા હતા. તેની તરસ છીપાવવા માટે તેની પાસે મધુર પીણાં હતા. દરરોજ, તેને પૌષ્ટિક ખોરાક ખવડાવાતો, પ્રેમથી થબડાતો, અને રાણી પોતે તેની સાથે વાતો કરતી અને રમતી હતી. પરંતુ શું રામ પોપટ તેની જિંદગીને માણતો હતો? બિલકુલ નહીં. તે હંમેશા દિલગીર જ દેખાતો હતો. તેનું કારણ શું? સોનાનું પીંજરું કે મીઠા ફળો કે પીણાંથી તેનું મન ભરેલું ન હતું. રાજ્યની રાણી તેનું પોષણ કરી ઉછેરતી હતી તેનું તેને અભિમાન ન હતું. તેણે આમાંના કોઈ ઉપર ધ્યાન આપ્યું ન હતું. તે એ દિવસની આકાંક્ષા કરતો હતો કે શાંત જંગલમાં લીલા ઝાડની શાખા પાર તે ક્યારે જઈને બેસી શકે. તેના શરીર માટે મહેલના પિંજરામાં સરસ સમય હતો, પરંતુ તેનું મન ગાઢ જંગલ જ્યાંથી તેણે પકડીને લાવવામાં આવ્યો હતો ત્યાં હતું. તેને રાજાઓ અને રાણીઓથી સારીરીતે પંપાળી, વખાણ થઈ, સારી રીતે ખવડાવી પીવડાવી પિંજરામાં રહેવા કરતાં પોતાના કુદરતી સ્થળમાં મુક્ત રીતે એક સામાન્ય પક્ષી તરીકે જીવવું ઘણું વધારે સારું છે. જો મનુષ્ય પાસે આ જાગૃતતા હોય, તો તે ચોક્કસ પોતાના નિવાસ, જે પરમાત્મા છે તેની અપેક્ષા કરે. અને ભૌતિક દુનિયા જ્યાં તે પરદેશી છે ત્યાંથી તે પાછો ફરે.

દેશમાં  વ્યવસ્થા અને કાયદાની જાળવણી માટે કેટલાક લોકોને પકડી રાજકીય કે બીજા કારણો સારુ નજરકેદમાં રાખે છે. તેમનેમોટા બંગલામાં બંદીમાં રાખે, તેમના સામાજિક મોભાને અનુરૂપ તેમની સાથે વ્યવહાર કરવામાં આવે છે. તથા તે પ્રમાણે ખાવાનું વિગેરે આપવામાં આવે છે, આ બધું તેમના સામાજિક અને રાજકીય જિંદગીના સ્તરના સરખા પ્રમાણમાં કરાય છે. તેમને ભોગવિલાસની વસ્તુઓ પણ આપવામાં આવે છે. પરંતુ બંગલાની આસપાસ અને બગીચાની આસપાસ પોલીસ હંમેશા પહેરો ભરાતો હોય છે. તેની જિંદગી જીવવાનું જે પણ ધોરણ અને મન હોય તે તેને આપવામાં આવે છે, તેમછતાં વ્યક્તિ કેદી છે. તે સ્વતંત્ર માણસ

નથી. તે જ પ્રમાણે, વ્યક્તિ જયારે દુનિયાની કેદમાં પૂરાયેલો છે અને ત્યાંની જિંદગીમાં મૂલ્યવાન વિવિધ વાનગીઓ ખાવાને અને બીજી ક્વચિત મળતી એશઆરામનીવસ્તુઓની માટે શક્તિમાન હોય ત્યારે તેણે ફુલાઈ જવાનું નહીં. ઇન્દ્રિયગમ્ય સુખસગવડો જયારે તે ભોગવે છે, ત્યારે તેણે ઉલ્લાસિત થવાનું નહીં. તેણે તેના મિત્રો અને સગાવહાલા માટે અભિમાન કરવાનું નહીં. તે જેલમાં છે તે સત્યને ઓળખી અને તેણે ધ્યાનમાં રાખવાનું છે.

## પ્રકરણ ૧૦

વિશ્વના પ્રશ્નોએ અનજાણ્યું સ્વરૂપ અને વિશાળ પ્રમાણ ધારણ કરી લીધું છે. તેઓ હવે વ્યક્તિગત કે સ્થાનિક રહ્યા નથી. તેઓ સમસ્ત માનવજાતિને અસર કરતા વૈશ્વિક થયા છે. એક તરફ, વિજ્ઞાન અને યંત્રોદ્યોગશાસ્ત્ર વૈશ્વિક વિકાસ કરી રહ્યું છે. પ્લાસ્ટિક દ્વારા ઇલેક્ટ્રોનિક અને કમ્પ્યુટર શાસ્ત્ર ઘણા આગળ વધી રહ્યા છે. જયારે બીજી બાજુએ. માનવજાતિ રાજકીય અને આર્થિક કટોકટી, રાષ્ટ્રીય, પ્રાંતીય, ધાર્મિક, જાતીય અને જ્ઞાતિય રસાકસી, સંકુચિત નિષ્ઠા અને વિદ્યાર્થીઓના રહેઠાણમાં અશાંતિના ઊભરા ફરી ફરી થવાથી દુઃખી થાય છે. આ બધાએ આખી દુનિયામાં ગેરશિસ્ત અને સ્વચ્છદંતા ફેલાવ્યા છે.

આ એક અસ્થિર અને અરસપરસ વિરોધી પરિસ્થિતિ છે. આ બધાનું ખરેખરું શું કારણ છે? શું, મનુષ્યમાં જળવાયેલી ધાર્મિક અને નૈતિક મૂલ્યોની ભયજનક પડતી આને માટે જવાબદાર છે? માનવજાતિ પાસે વિવેક અથવા ડાહપણને અને શાંતિને મેળવવા માટે તેની પહોંચની અંદર ઘણાં સાધનો અને પદ્ધતિઓ છે. તે વેદો અને શાસ્ત્રો, બ્રહ્મસૂત્ર, બાઇબલ, કુરાન, ઝેન્દ અવસ્તા, ગ્રંથ સાહેબ અને બીજા પવિત્ર ગ્રંથો જેની સંખ્યા હજારોથી વધુ છે તેમાંથી અમૂલ્ય માર્ગદર્શન મેળવી શકે છે. આ ભારત દેશમાં મઠો અને ધાર્મિક પંથોના ઉપરી, આધ્યાત્મિક ઉપદેશ અને શિસ્તના તજજ્ઞો, વિદ્વાનો અને માનનીય વડીલોની કોઈ ખોટ નથી. તેઓ પણ વિશાળ સ્થળ ઉપર પ્રચાર કરી જાહેરાત કરે છે. તેમછતાં, મનુષ્યનું મન જિંદગીના નીતિ, આધ્યાત્મિક અને ધાર્મિક ક્ષેત્રમાં સતત અને ઝડપથી ઊતરતી દશાએ પહોંચતું જાય છે. આ પડતીનું કારણ શું છે?

મનુષ્ય પહેલા ન હતો તેવો દુરાચારી હમણાં બન્યો છે. ગત યુગો કરતા ઘણી વધારે તેમની બુદ્ધિ અને કુશળતાનો ઉપયોગ ક્રુરતામાં કરે છે. મનુષ્ય બીજાને દુઃખ પહોંચાડવામાં રચેલો રહી એટલો આનંદ માણે છે કે, ઇતિહાસ ખુલ્લું કરી બતાવે છે કે છેલ્લા ૫૫૦૦ વર્ષ દરમ્યાન ૧૫૦૦૦ યુદ્ધો ખેલાયાં છે. આ ભયંકર સમય બરબાદ કરવાની રીતના અંતની કોઈ નિશાની દેખાતી નથી. માથે તોળાઈ રહેલું અણુ યુદ્ધ સમસ્ત માનવજાતિના સંહારની ધમકી આપી રહ્યું છે. આ બધી ચિન્તા અને ડરનું ખરેખરું કારણ શું છે ? એ સ્પષ્ટ થાય છે કે મનુષ્યમાં રહેલી પશુવૃત્તિ પ્રબળ છે. હજી તેના ઉપર જીત મેળવાઈ નથી. માત્ર જયારે આને મેળવી શકાશે, ત્યારે, આપણો દેશ અને દુનિયા શાંતિ અને આનંદ મેળવી શકશે.

ધિક્કાર, ઈર્ષા, લોભ, બાહ્ય આડંબરની ઈચ્છા અને બીજાની સાથે સરખામણી અને હરીફાઈ - આ બધી દુષ્ટ વૃત્તિઓને જડમૂળથી ઊખેડી નાંખવી જોઈએ. આ વૃત્તિઓ મોટા ભાગના લોકોને જ માત્ર નહિ પણ તપસ્વીઓ, જોગીઓ, ધાર્મિક સંસ્થાના અધિકારીઓ અને પંડિતોને પણ દુષિત કરી રહી છે. આમાં પણ, અદેખાઈ અને લોભ વિકરાળ સ્વરૂપે વધ્યા છે. જયારે આ ગુરુઓ અને ઉપદેશકો, જેઓ પોતાનીજાતને આદર્શ તરીકે મૂર્તિમાન કરે છે, તેઓ આવા હલકા ગુણોને પ્રદર્શિત કરે છે, ત્યારે તેઓ કઈ રીતે દુનિયાને વ્યસ્થિત કરી શકે? તેઓ માત્ર તે દુષણને ઊંડું કરી શકે છે.

આજે દુનિયાને જરૂર છે નહિ કે નવી વ્યસ્થાની, નવા શિક્ષણની , નવી પદ્ધતિની, નવો સમાજ કે નવા ધર્મની. પવિત્રતાથી ભરેલા હૃદયં અને મનમાં તેનો ઉપાય રહેલો છે. દરેક સ્થળે યુવાન છોકરા અને છોકરીઓ અને બાળકોના હૃદયમાં અને મનમાં પવિત્રતાના મૂળ નાંખી વિકસાવવાની જરૂર છે. સારા અને ધર્મનિષ્ઠ લોકોએ આ કાર્યને, મોટી સાધના તરીકે લઇ ને ઉત્તેજન આપવા પ્રયત્ન કરવાનો છે.

માત્ર બ્રહ્મ વિદ્યા દ્વારા જ આ કાર્યમાં સફળતા મેળવી શકાય. પરંતુ મનુષ્યને આજે મેળવવામાં અને એકઠું કરવામાં જ ઊંડો વિશ્વાસ છે. તે છોડી દઈ કે ત્યજી શકતો નથી. તેને સત્યમાં વિશ્વાસ નથી. તે જૂઠાણાંથી આકર્ષાય છે; સત્ય તેને નડતર લાગે છે. તેથી, વ્યક્તિ, તે સમજવાને માટે અશક્તિમાન છે કે મૃત્યુ એ સુંદર જીવનનો સુખી અંત છે. તે ચિંતા અને દુઃખમાં મરી જાય છે. લોકો પોપટની જેમ સત્ય, અહિંસા, સદાચરણ અને પ્રેમના શબ્દો નિરંતર બોલ્યા કરે છે. તેઓ જાહેર કરે છે કે સત્ય કરતા વધારે ઊંચો કોઈ ધર્મ નથી. પરંતુ નવાઈની વાત એ છે કે મનુષ્યને એક વસ્તુની માલિકી મેળવવાની ઈચ્છા થતી નથી અને તે સત્યની.

મનુષ્યને બધું જાણવાની આકાંક્ષા છે; તેને સત્યને જાણવા માટેની ઓછામાં ઓછી ઈચ્છા પણ તે દેખાડતો નથી. તે દિશામાં તે તેનું ધ્યાન આપતો નથી. તેમછતાં પણ જો તે તેમ કરે, તો તે માત્ર તેના ડરો એને પૂર્વગ્રહોને વ્યાજબી પૂરવાર કરવા માટે. તેથી, મનુષ્યનું સૌથી પહેલું કામ તેની નબળાઈઓ અને બીજાને દુઃખ પહોંચાડવાની વૃત્તિને રદ કરવાનું છે.

જે પહેલા અથવા અંતમાં મળતુ નથી, પરંતુ માત્ર વચમાં, મધ્ય ગાળામાં દેખાય છે, તે ખરેખર સાચું હોઈ શકે. તે મિથ્યા છે, સત્ય નથી. વિશ્વ તે દેખાયું તે પહેલાં તેનું અસ્તિત્વ ન હતું, તેમજ તે વિલીન થયા પછી, એટલે એમ કે પ્રલય પછી તેનું અસ્તિત્વ નથી રહેવાનું. એ બેની

વચ્ચે  જે દેખીતું છે તે માત્ર દેખાતું સત્ય, ક્ષણિક અને મર્યાદિત સત્ય હોઈ શકે. તે અપરિવર્તનશીલ સત્ય ન હોઈ શકે.

મનુષ્યએ સૃષ્ટિના દરેક પદાર્થની કિંમત અને સધ્ધરતાની આ રાહે શોધખોળ કરવી જોઈએ. દાખલા તરીકે, શરીર જન્મ પહેલાં હતું નહિ; અને મૃત્યુ પછી તે રહેવાનું નથી. માટીમાંથી બનેલા ઘડાની જેમ, તે થોડા સમય માટે તે નામ અને આકાર સાથે હોય છે અને પછી તેનો માટીનો સ્વભાવ ફરી ધારણ કરે છે. 'ઘડો' એ માટી જ છે, કૃત્રિમ સાધનો દ્વારા આકાર અને નામ તેને જોડાયા છે. સૃષ્ટિની અંદરની દરેક વસ્તુ, પછી તે ગમે તે પદાર્થ હોય તે કાળની અસરને કઠોર રીતે આધિન છે અને તેણે મૃત્યુ અને વિનાશનો સામનો કરવાનો છે. ઝાડ અને જમીન, ઘર અને શરીર, રાજા અને રાજ્ય - દરેકે તે અંતનો સામનો કરવાનો છે. મનુષ્ય પોતાની અંદરના શાસ્વત તત્વ માટે જાગૃત થવાના સાધનોને બેધ્યાન કરે છે. તે ચમત્કારી દુનિયાના જ્ઞાનથી મોહિત થઇ ગયો છે. જેઓ આ સરળ પ્રલોભનોને તાબે થઇ જાય છે તેઓ સ્વર્ગના બાગોને ત્યજી દઈને ઝેરી ઝાડોના જંગલમાં દોડી રહ્યા જેવા છે. તેઓ મૂળ તત્વ, (બિમ્બ), આત્મા તરફ પીઠ ફેરવી રહ્યા છે. તેઓ પોતાની જાતને જાણનાર તરીકે અથવા સત્યના શોધક તરીકે નહીં પણ અજ્ઞાની તરીકે જાહેર કરી રહ્યા છે.

મનુષ્યએ જાણવું જોઈએ કે સાચા સુખનો અંશ માત્ર પણ 'ત્રણ દુનિયાઓ', ત્રણ 'કાળના ભાગો' અને 'રોજિંદી જીંદગીની ચેતનાની ત્રણ અવસ્થાઓ' (જાગૃત, સ્વપ્ન, નિદ્રા) માંથી મેળવી શકતો નથી. મનુષ્યમાં મૂર્ખાઓ જ દુન્યવી પ્રવૃત્તિઓમાંથી મર્યાદિત નકલી સુખ મેળવીને પોતાની જાતને સંતોષ મેળવવાનો પ્રયત્ન કરે છે. ડાહ્યાઓ વધુ  સારું જાણે છે.  જેઓ રસવાળી સ્વાદિષ્ટ દ્રાક્ષના ઝુમખાને છોડી કાંટાળા ઝુંડ તરફ દોડે છે તેઓ 'ઊંટ' છે. તેમનું વર્ગીકરણ બીજા કોઈ પણ પ્રાણીની જાતમાં થઇ ન શકે.

પર્વતના શિખરો દૂરથી મોહક લાગે છે, જયારે તેમની પાસે જવામાં આવે છે, ત્યારે સામે ભય ઉપજાવનારા જંગલો ખડા કરે છે. જ્યાંસુધી મનુષ્ય સંસારના અર્થ અને કિંમતમાં ઉંડો ઉતર્યો નથી ત્યાંસુધી તે મોહક દેખાય છે. પરંતુ  જયારે વિવેકને તેની કિંમત આંકવાને ઊંડો ઉતારવામાં આવે છે ત્યારે સત્ય ખુલ્લું થાય છે કે કુટુંબ રૂપી જંગલ અથવા સંસાર રૂપી જંગલ સાચું સુખ આપી શકતું નથી. માત્ર આત્મા જ તે આશીર્વાદ આપી શકે છે. જ્યાંસુધી મૃગજળ દેખાય ત્યાં સુધી તળાવ આકર્ષક મોહિત લાગે છે, શું તે વ્યક્તિની તરસને છીપાવી શકશે? જો

વ્યક્તિ પોતાની જાતને તે તરસ છીપાવશે એમ ભ્રમિત થઇ તે બિન અસ્તિત્વ ધરાવનારા પાણીના સ્તર તરફ  દોડશે તો તે વધુ તરસ્યો થશે. બીજો કોઈપણ લાભ તેને મળશે નહીં.

તેથી, વ્યક્તિએ આત્મ વિદ્યા શીખવી જોઈએ, જેની ક્રિયા દ્વારા વ્યક્તિ આત્માની સચ્ચાઈ વિષે સભાન બને છે. તેને શીખીને અને તે પ્રમાણે જીવીને, વ્યક્તિ પોતાની તરસને છીપાવી શકશે અને બધી માનવ જાતિની તરસને છીપાવવા મદદ કરી શકશે.

## પ્રકરણ ૧૧

મનુષ્યએ ઘણી બધી વસ્તુ તેની જિંદગીમાં પ્રાપ્ત કરવાની છે. તેમની ઈશ્વરની કૃપા અને ઈશ્વરનો પ્રેમ જીતવો તે સૌથી ઉચ્ચતમ અને અતિ મૂલ્યવાન વસ્તુ છે. ઈશ્વરનો પ્રેમ તેનામાં મુખ્ય ડહાપણનો ઉમેરો કરશે જે તેને અચલ શાંતિ અથવા આંતરિક શાંતિ મેળવવા માટે જોઈએ છે. દરેકે પરમેશ્વરના સાચા સ્વભાવની સમજ મળે તે માટે પ્રયત્ન કરવો જોઈએ છે. ચોક્કસ, મનુષ્ય તેના પહેલાં પ્રયત્નની શરૂઆતમાં જ તે અમૂર્ત સંપૂર્ણ અસાધારણ તત્વને સમજી નહીં શકે. શરૂઆતમાં તો તેણે કોઈ સ્વરૂપને અને ગુણોને સ્થાપિત કરવા જેને તે તેની પહોંચ સુધી લાવી શકે. પછી, તેણે ડગલે ડગલે પોતાનીજાતમાં દૈવી શક્તિને (શક્તિપાત) સંઘરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રયત્નમાં સફળતા મેળવવાનો પ્રયત્ન કરનાર અને ધ્યેયની પાછળ પડવાને લાયક તે એક જ મુમુક્ષુ નથી. તેણે સેવાની ભાવનાને પણ વિકસાવવી જોઈએ અને જેમાંથી લોકોનો આભાર મળે તેવા સારા કર્મોમાં પ્રવૃત રહેવાનું છે. માત્ર, આ રીતે જ તેના ચિત્તના સ્તરોને શુદ્ધ કરવાના કાર્યોને તે પૂર્ણ કરી શકશે અને આધ્યાત્મિક વિજય માટેનો યોગ્ય પાત્ર બનશે.

સન્યાસ અથવા જોગીપણાનો અર્થ જીંદગીની ચોથી અવસ્થાનો અને તેના હક્કો અને ફરજોનો, દુનિયા સાથેના સંબંધોને તોડી જંગલમાં નિવૃત્તિ અને સન્યાસીની તપસ્વી જિંદગી જીવવાનો સ્વીકાર કરવો એવો થતો નથી. સન્યાસીએ લોકોમાં ફરવું જોઈએ અને તે રીતે તેમના દુઃખ અને આનંદોથી સભાન થઇ, તેમને અતિ જરૂરી તેવી સૂચના અને પ્રેરણા આપવી જોઈએ. આ ફરજ સન્યાસીઓએ પૂર્ણ કરવી જોઈએ.

સન્યાસીની માછલી જાતની ગણનામાં સરખામણી કરી શકાય. તળાવના ઊંડાણમાં માછલી આસપાસ ફરતી વખતે, માછલી નાના જંતુઓ અને ઉધઈના ઈંડાઓને ખાઈને પાણીને સાફ કરે છે. તે જ રીતે, સન્યાસીએ ફરતા રહેવાનું, દેશના એક છેડેથી બીજે છેડે મુસાફરી કરવાની છે. તેમના પોતાના દ્રષ્ટાંતથી અને ઉપદેશથી સમાજમાંના દુષણોને સાફ કરવાના છે. તેના ઉપદેશોથી દુર્ગુણ અને દુષ્ટતા રહિતના સમાજમાં તેનું પરિવર્તન કરવું જોઈએ.

વૃક્ષ તેની ડાળીઓનો વિશાળ ફેલાવો કરી શકે છે. પરંતુ જયારે મૂળિયાને પાણી પીવડાવે ત્યારે જ ડાળીઓ ઉપર ફૂલ આવે જેથી ફળને મેળવાય. તેને બદલે, જો ડાળીઓ અને ફૂલો ઉપર પાણી રેડવામાં આવે તો વૃક્ષ વધીને ફેલાઈ શકશે? સમાજ પાસે સમૃદ્ધિ અને

શાંતિ તેના મૂળિયાં તરીકે છે, અને ભક્તિ અને સમર્પણના ગુણો છે. તેથી, શૈક્ષણિક પદ્ધતિએ લોકોમાં આ ગુણોની વૃદ્ધિ થઇ મજબૂત બને તેના ઉપર ધ્યાન આપવું જોઈએ. જે લોકો સત્તાની જગ્યા ઉપર છે તેઓ અધિકારી કહેવાય છે. તે શબ્દનો બીજો અર્થ એ પણ થાય કે અધિક- અરિ, સૌથી ખરાબ દુશ્મન. સાચા અધિકારીએ તે માર્ગને અવગણી અને પોતાના મોભાનો ઉપયોગ પોતાની દેખરેખ નીચેના લોકોની સેવા કરવાનો છે.

જુના વખતમાં, જયારે લોકો કોઈ પણ વિસ્તારમાં ડર કે ચિંતામાં ડૂબ્યા હોય, અથવા આનંદ અને સંતોષના ઉગમ સ્થાનો સુકાઈ ગયા હોય, ત્યારે તેઓ તે આફતના કારણને તે વિસ્તારના મંદિરોમાં ઈશ્વરની થતી પૂજામાં કોઈક ભૂલ કે નિષ્ફળતા ગણતા હતા. તેઓ આ ભૂલને શોધી કાઢી તેને સુધારી દેતા જેથી તેમને આંતરિક શાંતિ મળે. તેઓ માનતા હતા કે સંકટોને આ સાધનો દ્વારા કાબૂ કરી શકાય છે. હમણાં આવા કૃત્યોને એક સાથે એકત્રિત કરીને તેના ઉપર 'વહેમનું' લેબલ લગાડી બાજુ ઉપર મૂકવામાં આવે છે. પરંતુ આ બિલકુલ વહેમ નથી. આધુનિક વૈજ્ઞાનિકો સમજણની એવી દયાજનક અવસ્થામાં છે કે તેઓ આ મહત્વના પ્રશ્નને ઓળખી શકતા નથી. અર્વાચીન પ્રકારના શિક્ષણની પ્રગતિ દ્વારા અવ્યવસ્થાની પ્રાથમિક અવસ્થાને ઉભી કરી છે.

પૂર્વજોએ પરમ સત્યની પ્રમાણભૂતતાનો જાતે અનુભવ કર્યા પછી ગ્રહણ કર્યું છે. આધુનિક લોકોએ તેમછતાં તેમની શોધોને રૂખસદ આપી દીધી છે. કહેવાતા સંસ્કારી દેશોમાં જંગલીપણાના વિકાસનું આ કારણ છે. ઘણાઓએ આ સત્યને માન્ય રાખ્યું નથી. દરેક જીવંત પ્રાણી સુખ માટે તડપે છે; તે દુઃખને ઈચ્છતો નથી. કેટલાક દોલતને એકઠી કરવાની ઈચ્છા રાખે છે, કેટલાક એવું માને છે કે સોનુ તેમને સુખ આપી શકશે. કેટલાક મોજશોખના સાધનોને એકઠા કરે છે, કેટલાક વાહનોને એકઠા કરે છે, પરંતુ વ્યક્તિ જે વસ્તુ તેને આનંદ આપી શકે એમ માને છે તેને મેળવવામાં દરેક જણ લાગી પડયા છે. પરંતુ વ્યક્તિ ક્યાંથી સુખને મેળવી શકે છે તે જાણનારા સંખ્યામાં બહુ થોડા છે. સુખ અથવા આનંદ ત્રણ પ્રકારના છે. એક પ્રકાર એવો છે જે શરૂઆતમાં ઝેર જેવો કડવો છે, પણ પાછળથી તે અમૃતમાં ફેરવાઈ જાય છે. આત્માની જાગૃતતામાંથી આ આનંદને મેળવી શકાય છે; તે સાત્વિક આનંદ છે. એટલે એમ કહેવાનું કે, સામ અને દામ વગેરેની પ્રાથમિક સાધના જે તેને કરવી જોઈએ તે મુશ્કેલ અને અરુચિકર લાગે છે તેમાં સંઘર્ષ અને પ્રયત્નનો સમાવેશ થાય છે. તેથી પ્રતિક્રિયા કડવી હોઈ શકે. યોગ વશિષ્ઠમાં ઋષિ વશિષ્ઠએ એમ કહ્યું છે, 'ઓહ રામ, મનુષ્ય ઘણી સરળતાથી અસીમ સમુદ્રને પીને સૂકો કરી શકે છે. વિશાળ સુમેરુ પર્વતને સરળતાથી ધરતીના પેટ ઉપરથી ઉખેડી શકાય છે. ઘણી

સરળતાથી મોટી વિશાળ આગની જ્વાળાઓને ગળી જઈ શકાય છે. આ બધા કરતા મનને કાબૂમાં લેવું એ ઘણું મુશ્કેલ છે.' તેથી, જો વ્યક્તિ મનને અભિભૂત કરવામાં સફળ થાય, તો વ્યક્તિ આત્માની જાગૃતતાને મેળવે છે. જયારે વ્યક્તિ ઘણી અગ્નિપરીક્ષાઓ અને અસ્વીકારોમાંથી પસાર થાય ત્યાર પછી જ માત્ર તેના પરિણામે સફળતા પ્રાપ્ત ફળ સ્વરૂપે વ્યક્તિ સ્થિર ચેતનાની સંપૂર્ણ સમતામાં (નિર્વિકલ્પ  સમાધિ) સ્થાપિત થઇ જાય છે. અને આનંદ જે તેને ભરી દે છે તે અવર્ણીય છે. તે દેવોનું અન્ન, અમરતાના અમૃત સમાન છે. નિર્વિકલ્પનો અર્થ વિચારો વિનાની ચેતનાની અવસ્થા. યોગ્ય સાધના દ્વારા આ અવસ્થાને પહોંચી શકાય છે તે બે લક્ષણોની છે: સંપૂર્ણ અનુભવમાં અદ્વૈત અને જયારે દ્વૈત વિચારીનો અંત ત્યારે અદ્વૈતની અવસ્થા. પહેલું મનુષ્યને જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયની ત્રિમૂર્તિથી પર લઇ જાય છે; અને માત્ર બ્રહ્મનની વૈશ્વિક બુદ્ધિમાં જાગૃત છે (આ અદ્વૈત ભાવના). જયારે બધા ગુણોનું ઈશ્વર ઉપર આરોપણ કરાય છે અને વ્યક્તિ તે એક, જેમાં તે વિશ્વ અને તેના બધા ઘટકોને સમાવે છે તેમાં વિલીન થઇ જાય છે ત્યારે તે બીજા સ્તર ઉપર પહોંચે છે. (અદ્વૈત સ્થાયી અથવા અદ્વૈત અવસ્થા).

બીજા પ્રકારનું સુખ પણ છે: બાહ્ય પદાર્થોની જ્ઞાનેન્દ્રિય ઉપર જે અસર પડે છે તેને કારણે મધુરતા ઉત્પન્ન થાય તેને આનંદ માનવાની ભૂલ થાય છે. પણ સમય જતા તે આનંદ કડવા અને દુઃખદાયક ઝેરમાં ફેરવાઈ જાય છે. આ રાજસિક સુખ છે. જયારે મનુષ્ય આ રસિક ઇન્દ્રિયગમ્ય સુખને આવકારે છે, ત્યારે તેની શક્તિ, જાગૃતતા, બુદ્ધિ માનવ પ્રયત્નોના ચાર ધ્યેય તરીકે જાણીતા ધર્મ, અર્થ (દોલત), કામ અને મોક્ષને પહોંચવા માટેનો ઉત્સાહ નબળો થાય છે કારણ તેનો રસ ઓછો થાય છે.

ત્રીજા પ્રકારનો આનંદ તામસિક છે. તે બુદ્ધિને શરૂઆતથી અંત સુધી જડ કરી દે છે. તેને નિંદ્રામાં, આળસમાં અને દુષ્કૃત્યમાં સંતોષ મળે છે, અને તેમાંથી આનંદ મેળવે છે. તામસિક વ્યક્તિ આત્માની જાગૃતતા તરફ લઇ જતા રસ્તાને અવગણે છે અને તેની આખી જિંદગી દરમ્યાન તેની તરફ ધ્યાન જ આપતો નથી.

તેથી, સાચું શિક્ષણ તે છે જે મનુષ્યના મનને અને તેની બુદ્ધિને સાત્વિક સુખ તરફ સલાહ આપી તે તરફ દોરે છે. ચોક્કસ, સતત પ્રયત્નો દ્વારા જ ફક્ત તે પ્રાપ્ત કરી શકાય છે. શાસ્ત્રો કહે છે કે :'સુખ દ્વારા સુખ મેળવી શકાતું નથી.' (ન સુખાંત લભ્યતે સુખં) દુઃખમાંથી પસાર થયા પછી જ સુખને મેળવી શકાય છે. વિદ્યા અથવા શિક્ષણ દ્વારા આ સત્યને ધીમે ધીમે મનમાં ઉતારવું પડે

છે. જયારે મનુષ્યને સાત્વિક સુખ જે આનંદ બક્ષે છે તેની ખબર પડે છે ત્યારે વિદ્યા પણ સરળ અને રુચિકારક બને છે.

મનુષ્ય તરીકે જન્મ લેવાથી, બધા પ્રયત્નો અમૃત વિદ્યા(શાશ્વતતાની વિદ્યા) અને તેની સાથે સાથે દુન્યવી પદાર્થ -કેન્દ્રિત વિદ્યા મેળવવા માટે તે તરફ વાળવા જોઈએ, કારણ અમૃત વિદ્યા જ આત્માને પ્રગટ કરી શકે અને મનુષ્યને આત્માનંદનો અનુભવ કરવા માટે શક્તિમાન કરી શકે છે.

મૂળ ધાતુ 'વિદ'માં 'યા' ઉમેરવાથી વિદ્યા શબ્દ બને છે. 'યા'નો અર્થ 'શું' અને 'વિદ' નો અર્થ 'પ્રકાશ'છે તેથી,'તે જે પ્રકાશ આપે' તે વિદ્યા છે. આ શબ્દનો મૂળ અર્થ થાય છે. તેથી, એ સ્પષ્ટ છે કે બ્રહ્મ વિદ્યા એકલું જ તે નામને લાયક છે. પૂર્વજોએ જ્ઞાનને પ્રકાશ અને અંધકારનું સહઅસ્તિત્વ એકી સ્થળે અને એકી સમયે હોય ન શકે, તેમ વિદ્યા અને અવિદ્યા સાથે હોય ન શકે. તેથી, જેઓ બધા પ્રગતિના માર્ગની ઉપર મુસાફરી કરી રહ્યા છે તેમણે તેમના અંતઃકરણને શુદ્ધ કરી અને તેમની જાતને બ્રહ્મ વિદ્યા દ્વારા પ્રકાશિત કરવી પડશે.

ગીતા આપણને વિભૂતિ યોગના વિભાગમાં જણાવે છે 'આધ્યાત્મ વિદ્યા વિદ્યાનામ', 'બધી વિદ્યાઓની અંદર 'હું' આધ્યાત્મ વિદ્યા (બ્રહ્મ વિદ્યા) છું ', એમ પરમાત્માએ જાહેર કર્યું  છે. બીજી બધી વિદ્યા (બ્રહ્મ વિદ્યા) પ્રણાલીઓ નદી જેવી છે; આધ્યાત્મ વિદ્યા એ સાગર સમાન છે. જેમ બધી નદીઓ તેમની પૂર્ણતાને સાગરમાં મળી જઈને મેળવે છે, તે જ રીતે બધી વિદ્યા તેમના અંતિમ ધ્યેયને આધ્યાત્મ વિદ્યાના સાગરમાં મળી જઈને મેળવે છે. આટલું જ પૂરતું નથી. જયારે નદીઓ સાગરને મળે અને તેમાં ભળે ત્યારે તેઓ તેમના અલગ નામ અને રૂપેને ગુમાવી અને સાગરના જ નામ અને રૂપને ગ્રહણ કરે છે. તે જ, રીતે , જયારે બાહ્ય ભૌતિક જગત સાથે સુસંગત વિદ્યા બ્રહ્મ વિદ્યાના વિશાળ સમુદ્રના સંગમ પર પહોંચે છે ત્યારે તેમના અલગ નામ અને રૂપને ત્યજી દે છે.

'વિદ્યા તપોભ્યામ  પૂતાત્મા'- 'વિદ્યા અને તપસના સાધન દ્વારા મનુષ્ય શુદ્ધ આત્મામાં પરિવર્તન પામે છે.' વિદ્યાને બે પાસા છે એમ ગણી શકાય : બાહ્ય વિદ્યા અને બ્રહ્મ વિદ્યા. બાહ્ય વિદ્યા માનવ જીવન માટે પૈસા અને બીજી સામગ્રીઓ પૂરી પાડે છે. માણસ ઘણા વિષયો શીખી શકે, કિંમતી પદવીઓ મેળવી શકે, ઊંચી ઊંચી નોકરીઓ પ્રાપ્ત કરી શકે અને ચિંતા અને ભય વિના તેની જિંદગી પસાર કરી શકે છે. આ પ્રકારની વિદ્યા વ્યક્તિને પછી તે પટાવાળાની કે મુખ્ય મંત્રીની  નોકરી હોય, જ્યાં પણ ચડાવવામાં આવે ત્યાં તેને મદદ કરે છે. જયારે બીજી બાજુએ બ્રહ્મ વિદ્યા, બધા મનુષ્યોને તેમને પોતાની જાત તરફ જે ફરજો બજાવવાની છે તેને સફળતાથી અદા કરવાને શક્તિમાન કરે છે. તે દુન્યવી સંબંધોમાં અને પરની જિંદગીમાં આનંદ તરફ લઇ જતા માર્ગને ખુલ્લો કરે છે. તેથી મનુષ્યને પૃથ્વી ઉપર ઉપલભ્ય બધી વિદ્યાઓમાં બ્રહ્મ વિદ્યા ઘણી જ ઉચ્ચ કક્ષાની છે. બ્રહ્મ વિદ્યા પાસે દરેકને બંધનમાંથી મુક્ત કરવાની દિવ્ય સુપ્ત શક્તિ છે. બાહ્ય વિદ્યા પાસે એવી કોઈ સુપ્ત શક્તિ નથી. બ્રહ્મ વિદ્યા તમને સર્વવ્યાપક,

સંપૂર્ણ, પરબ્રહ્મણ ને જણાવે છે; તપસ તમને તેમાં વિલીન થવાને શક્તિમાન કરે છે. વિદ્યા જ્ઞાન મેળવવાની ક્રિયા છે; તપસ જ્ઞેય છે. પહેલું આડકતરું છે, તે સાધન છે. બીજું ધ્યેય, અંત છે.

ગુરુનો શાબ્દિક અર્થ 'મોટો' માણસ , 'મહાન' માણસ છે. એટલે એમ કહેવાનું કે, ગુરુએ વિદ્યા અને તપસ આ બંને ઉપર પ્રભુત્વ મેળવેલું હોવું જોઈએ. જયારે વ્યક્તિ તેના પહેરેલાં કપડામાંથી એકઠી થયેલી ગંદકીને ધોઈ નાખવાની ઈચ્છા રાખતી હોય ત્યારે સાબુ અને સ્વચ્છ પાણી બંનેની તેને જરૂર પડે છે. તે જ પ્રમાણે, જયારે વ્યક્તિ મનમાં ચોંટેલા મેલને દૂર કરવાને આતુર હોય, ત્યારે વિદ્યા ચેતનાના જુદા જુદા સ્તરોને યોગ્ય રીતે સાફ કરી શકે છે. કોઈ પણ વાહન બે પૈડાં વિના ચાલી શકે નહીં, તેમ જ પક્ષી એક પાંખ ઉપર ઉડી શકે નહીં. તે જ રીતે, કોઈ પણ માણસ વિદ્યા અને તપસ વિના પવિત્ર અથવા શુદ્ધ થઇ શકે નહીં.

તપસનો અર્થ પોતાનીજાતને ઊંધે માથે રાખવી, જમીન પર માથું અને પગ ઉપર આકાશ તરફ, ચામાચીડિયાની જેમ તેવો થતો નથી. નહીં કે માલ મિલકત, પત્ની અને બાળકોને ત્યજી દેવા, અને શરીરને કૂશ જેવું ઓગાળી દેવું, નાકને પકડી શ્વાસને નિયંત્રિત કરવો, એવો થતો નથી. ના, શારીરિક કર્મો, મૌખિક નિશ્ચયપૂર્વકના કથનો અને માનસિક નિર્ણયો - આ ત્રણે એકરાગમાં હોવા જોઈએ. વિચાર, વાણી અને કાર્ય બધા પવિત્ર હોવા જોઈએ. આ સાચું તપસ છે. તેઓ બધાનો એક બીજા સાથે મેળાપ થવો જોઈએ અને તે પણ ફરજની જબરદસ્તી નીચે નહીં. આત્માના સંતોષને માટે અને આંતરિક આકાંક્ષાને સંતોષવા માટે પ્રયત્ન થવો જોઈએ. આ જહેમત એ તપસનો સાર છે.

ગીતાએ આદર્શ ગુરુ અને આદર્શ શિષ્યનું નિરૂપણ કર્યું છે - શિષ્ય અધિકારમૂર્તિ અને ગુરુ અવતાર મૂર્તિ. અર્જુને શીખવાના અધિકારને મેળવેલો; કૃષ્ણ મનુષ્ય તરીકે મનુષ્યને શીખવવા આવેલા. શિષ્ય નરોત્તમ છે અને ગુરુ પુરષોત્તમ છે. શિષ્ય ધનુષ્યને ધારણ કરી ચલાવે છે, ગુરુ બધા કૌશલના રહસ્યને વાપરે છે, યોગ. તે યોગેશ્વર છે. અર્જુન ધનુર્ધર છે. જયારે આ બંને મળે છે ત્યારે વિદ્યા બ્રહ્મ વિદ્યામાં પરિવર્તન પામે છે.

શિષ્ય, અર્જુને, કૃષ્ણના ઉપદેશોને ગ્રહણ કર્યા પછી કહ્યું, ' કરિષ્યે વચનં તવ', 'તમે કહેશો તે પ્રમાણે હું કહીશ.' હવે એણે માત્ર તેનું ગાંડીવ નામનું ધનુષ્ય જ નહીં પણ તેના મહાન મોટા અહંકારને પણ ફેંકી દીધો , તે અહંકાર તેને ભ્રમિત કરતો હતો. ગુરુ સૂત્રધારી - નાટકનો સંચાલક. શિષ્ય, અર્જુન, પાત્રધારી (નાટકનું પાત્ર) હતો. તેને ફરજ સોંપવામાં આવી છે તે માટે

શિષ્યએ અભિમાન નહીં કરવાનું; કારણ જ્યાં સુધી તમે અહંકારી હશો, તમને ગુરુ નહીં મળી શકે. જયારે ગુરુ તમને સ્વીકારશે, ત્યારે તમારો અહંકાર અદ્રશ્ય થઇ જશે.

જયારે વ્યક્તિ તેનું બધું જ આપી દે છે ત્યારે તે ત્યાગની ભાવના માટે વ્યક્તિએ પોતે મહાનતાની લાગણી ના રાખવી જોઈએ અને અભિમાન ના રાખવું જોઈએ. સાચો ત્યાગએ પોતાની જાતને અર્પણ કરવી તે જ છે. પછી જ ગુરુ તેને પોતાની ઈચ્છાને અનુસરવાની સ્વતંત્રતાને માન્ય કરશે, જેમ કૃષ્ણે કહ્યું હતું. 'વ્હાલા અર્જુન, યથેચ્છાસિ, તત કુરુ .' 'તું જેમ ઈચ્છે, તેમ તું કર. બરોબર વિચાર. અને તને ગમે તેમ કર,' કૃષ્ણે તેને કહ્યું. તેમણે એવો અર્થ બતાવ્યો કે તેમણે તેને જરૂરી બધી સલાહ આપી દીધી છે અને અર્જુને જે અહંકારને દૂર કરી દીધો છે તેને પણ તેમણે સ્વીકારી લીધો છે અને તેથી અર્જુનને તે ઈચ્છે તે પ્રમાણે વર્તવાની સ્વતંત્રતા તેને માન્ય કરી છે, કારણ તેની ઈચ્છા તેમની બની છે. જે વ્યક્તિ તે સ્તર ઉપર પહોંચે છે તેને સ્વતંત્રતા આપવી જોઈએ. શિષ્યએ પોતાનીજાત અને બધું ગુરુને અર્પણ કર્યું છે તે કારણે ગુરુએ ખાલી શિષ્યને નિર્દય રીતે હુકમ કરવાનો નથી. લોભી ગુરુ અને આળસુ શિષ્ય બન્ને અધોગતિને પામે છે. ગુરુએ વિત અપહારીમાં સંપત્તિની ચોરી કરનારામાં ફેરવાવું ન જોઈએ; તે હૃદયાપહારી, હૃદય ચોરનાર વ્યક્તિ હોવી જોઈએ. ગુરુએ એલાર્મ ઘડિયાળ થવાનું છે. તેમણે જેઓ અજ્ઞાનની નિદ્રામાં પડેલા છે. તેમને જગાડવાના છે અને તેમને તેમના આત્માના અસ્તિત્વનું જ્ઞાન, આત્મજ્ઞાનના ઉપદેશની ભેટ આપવાની છે.

એક મુસાફર એક ગામથી બીજે ગામ સીમા પાર કરી જતો હતો ત્યાં સામે પૂરથી ભરેલી નદી આવી. પાણી ખળ ખળ વહી વધતા જતા હતા. કઈ રીતે નદી પાર કરી સામે કિનારે જવું તે તેને ખબર ન હતી તેથી તે લાચાર બની ગયો હતો. તેણે તેની નજર ચારેબાજુ ફેરવી જોઈ. તે જ્યાં ઉભો હતો તેનાથી થોડા અંતરે એક ઝાડ નીચે બે માણસને પલાંઠીવાળી બેઠેલા જોયા. તે તેમની તરફ ચાલ્યો. તેણે જોયું કે તેમાનો એક લંગડો હતો અને બીજો આંધળો હતો. તેથી, તેણે અનુમાન કરી લીધું કે તેઓ જાણતા નહીં હોય કે નદી ક્યાં ઊંડી છે અને ક્યાં છીછરી છે કે જેથી પસાર કરી શકાય. તેમને પૂછાય વિના જ તે પાછો ગયો. તેણે ખબર હતી કે તેમના જવાબ ઉપર તે વર્તી નહીં શકે.

શાસ્ત્રો, ભૂતકાળમાં મુમુક્ષોએ જે અનુભવ પ્રાપ્ત કાર્ય હતા તેનો ખજાનો છે, તેમાં ઉપદેશક જેણે પ્રવીણતા મેળવી ન હોય, તે (ઉપદેશક) આ વાર્તાના પેલા માણસનું પ્રતિનિધિત્વ કરે છે. જે માણસે જ્ઞાનને આચરણમાં મૂક્યું નથી અને જાત અનુભવ પ્રાપ્ત કર્યો નથી તેનું પ્રતિનિધિત્વ

લંગડો માણસ કરે છે. સચ્ચાઈમાં શાસ્ત્રનું જ્ઞાન અને તેના વ્યવહારુ ઉપયોગથી જે અનુભવ પ્રાપ્ત થાય છે - આ બે પૂર્ણ માણસ બનાવે છે. માત્ર આવા ગુરુ તેમના ઉપદેશથી અને તેમના દ્રષ્ટાંતથી શિષ્યને બચાવી શકે છે. આ નિષ્કર્ષનું મંડુકોપનિષદમાં વિવરણ કરવામાં આવ્યું છે.

સારા શિષ્યને મેળવવાનું મુશ્કેલ છે તેના કરતા વધુ મુશ્કેલ સારા ગુરુને પ્રાપ્ત કરવાનું કામ છે. માત્ર જયારે સાચા ગુરુ તેમને સ્વીકારે ત્યારે શિષ્યો દાખલો બેસાડી શકે તેવી વ્યક્તિઓ બની શકે છે. શુદ્ધ હૃદયના વિદ્યાર્થીઓ, બિનસ્વાર્થી વિદ્યાર્થીઓ, બિન-અહંકારી વિદ્યાર્થીઓ - આવા આકાંક્ષા રાખનારા શિષ્યો તેમને મળે, ત્યારે ગુરુ ભવોન્માદવાળા આનંદમાં ડૂબી જાય છે. પરીક્ષિત, રાજાએ બધું ત્યજી દઈને ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનું નક્કી કર્યું, અને, બરોબર તે જ ક્ષણે, તેના ધ્યેય તરફ તેને  સીધો દોરી જવા માટે, મહર્ષિ શુક દ્રશ્યમાન થયા. તે જ પ્રમાણે, જયારે સારા શિષ્યોને સારા ગુરુ મળી જાય, ત્યારે તેઓ માત્ર પરમાનંદ મેળવવામાં સફળ નથી થતા પરંતુ સમસ્ત દુનિયામાં શાંતિ સમૃદ્ધિ અને આનંદને બક્ષે છે.

## પ્રકરણ ૧૩

વિદ્યાર્થીઓ, દરેક માણસે પોતાના પ્રયત્નો વડે, આયુષ્યમાન વ્યક્તિ જે, ભ્રમણા અને અંધકારથી પર છે, તેને ઓળખવી જોઈએ. આ પરમાનંદના વારસદાર તરીકે તમે જન્મ લીધો છે. તમે પરમાત્માના મોંઘેરા વ્હાલા બાળકો છો. તમે હવા જેટલા શુદ્ધ અને પવિત્ર છો. તમારી જાતને પાપી તરીકે ઠરાવો નહીં. તમે ઘેંટા નથી પણ સિંહના બચ્ચા છો. તમે અમરત્વની લહેરો છો, નહીં કે પદાર્થોના મિશ્રણનું શરીર. ભૌતિક પદાર્થો તમારું લિલામ કરવાને નહીં પણ તમારી સેવા કરવાને માટે છે; તમારે તેમની સેવા કે લિલામ કરવાના નથી.

વેદોએ ડરાવનારા નિયમો, કાયદાઓ અને ધોરણોનો સમૂહ નક્કી કર્યા છે તેવું તમે વિચારો નહીં. ઈશ્વરે, કાયદા ઘડનારા તરીકે, તે દરેકને નક્કી કર્યા છે. વિશ્વમાં બધા પદાર્થો, દરેક સ્થળે દરેક રજકણ, દરેક ક્ષણે તેમના હુકમ પ્રમાણે કામ કરે છે. આવી માહિતી વેદો આપણને આપે છે. આવા ઈશ્વરની સેવા કરવા કરતા, બીજી કોઈ સ્તુતિ ઊંચી કોટિની અને વધુ લાભદાયક નથી. વ્યક્તિએ ઈશ્વરને પ્રેમ કરવાનો છે, અને તે પણ આ દુનિયામાં અને પછીની દુનિયામાં વ્યક્તિ કોઈપણ વસ્તુ માટે પ્રેમ રાખે તેના કરતાં વધુ પ્રેમ કરવો જોઈએ. તે ફક્ત એક જ છે તે રીતે પ્રેમ કરવો જોઈએ. તેમને આવા પ્રેમ વડે અતિ પ્રેમથી આદરપૂર્વક યાદ કરવા જોઈએ. આ ફળ સાચા શિક્ષણનું પરિણામ હોવું જોઈએ.

કમળપત્ર પાણીમાં જન્મ્યું છે; તે પાણી ઉપર તરે છે; પણ તે ભીનું થતું નથી, માણસે પણ, દુનિયામાં તે પ્રમાણે રહેવાનું છે - તેની અંદર, તેનાથી, તેને માટે, પરંતુ તેના થઈને નહીં. ઉચ્ચ શિક્ષણનું આ વિશિષ્ટ લક્ષણ, તમને આ ભૂમિકા માટે તૈયાર કરે છે.

એટલે એમ કહેવાનું કે, મનુષ્યએ, હૃદયને ઈશ્વરમાં તરબોળ રાખીને, અને હાથોને કામમાં વ્યસ્ત રાખીને આ પૃથ્વી ઉપર જીવવાનું છે. પ્રેમને વ્યાપારની એક ચીજમાં નીચે ઉતારવાનો નથી. પ્રેમની પોતાની પૂર્ણતા પ્રેમમાં છે. હિન્દૂ ધર્મ સંઘર્ષો અને વાદવિવાદ દ્વારા કોઈપણ એક ધર્મ કે તાત્વિક સિદ્ધાંતને સ્થાપવાનો પ્રયત્ન નથી કરતો. તે તો બધા ધર્મો અને તાત્વિક સિદ્ધાંતોની અનુભવના પારસમણિ (પારખવાનું સાધન ) દ્વારા કિંમત આંકવાનો પ્રયત્ન કરે છે.

વૃક્ષની કિંમત તેના ફળથી થાય છે. વર્તણૂકના નિયમો, આધ્યાત્મિક આચરણો અને પ્રેમનું પ્રગટીકરણ આ બધા પાસે બેહદ ગુણો છે જે મનુષ્યની પ્રગતિમાં વધારો કરે છે.

ભારતના મહાપુરુષોના અને આધ્યાત્મિક ગુરુઓના દ્રષ્ટિબિંદુ પ્રમાણે, મનુષ્ય જુઠ્ઠાણાંમાંથી સત્ય તરફ આગળ વધતો નથી, પરંતુ આંશિક સત્યમાંથી પૂર્ણ સત્યમાં આગળ વધે છે. પ્રત્યેક આત્માને ગરુડ પક્ષી તરીકે બોલાવી શકાય. તે ઉંચેને ઊંચે ઉડ્યા કરે, અને અતિ અધિક તાકાત એકઠી કરી, અંતે સૂર્યના બિંબમાં ભવ્યતા અને તેજ સાથે પહોંચે છે.

સર્જનનું મૂળભૂત સત્ય અનેકવિધતામાં એકતા છે. ભારતીયો આને સમજી શકયા છે. બીજા બધા ધર્મોએ ચોક્કસ તાત્વિક સિદ્ધાંતોને સ્વીકારી અને તેના આધારે પદ્ધતિઓ રચી છે. આવા નાના સાંપ્રદાયિક જૂથોને સ્થાપીને તેમને સંતોષે છે. તેમને જે ભાવનાઓ અને લાગણીઓ પ્રમાણભૂત અને કિંમતી લાગી તેને અનુરૂપ તેમણે પૂજાની, પ્રાર્થનાની અને ભક્તિની પદ્ધતિઓ યોજી. દરેક ધર્મએ માનવજાતની જે સેવા આપી છે તે મનુષ્યની ચેતનાને વિસ્તૃત કરી ભૌતિક ક્ષેત્રથી પર કરી તેનામાં પડેલા દિવ્યતાના તણખાને ચીનગારી લગાડવાને માટે છે. ભારતીય પૂજાની ઢબ જયારે વ્યક્તિ જુદી જુદી પરિસ્થિતિ અને અવસ્થાનો સામનો કરતી વખતે જે ઘણાં જુદા જુદા રૂપો અને ઘણાં જુદા જુદા ગુણોને વ્યક્ત કરે છે તેના જ્ઞાનના આધાર ઉપર છે. તેથી દુનિયાના બધા લોકોની અંદર ભારતીયો પાસે બૌદ્ધિક સહિષ્ણુતા છે. તેથી ઈશ્વરનું અસ્તિત્વ છે અને દરેક ધર્મમાં તેને મેળવી શકાય છે તેમ દરેક ખૂણામાં જાહેર કરે છે. આ તેમનું અપૂર્વ સદ્દભાગ્ય છે.

આપણે આપણા પૂર્વજો માટે શરમાવાની જરૂર નથી એવો જીવવાનો એક મૂળભૂત નિયમ છે. જેમ જેમ માણસ ભૂતકાળનો ઇતિહાસ વધુને વધુ વાંચતો જાય, તે યુગનો માનવ પરિસ્થિતિનો ચિતાર વધુને વધુ આંખ સામે ખડો કરે, તો તમારું સ્વાભિમાન ચોક્કસ રીતે વધે છે. તમારા પૂર્વજોના ઉત્કૃષ્ટ પ્રાપ્તિઓનો વિશ્વાસ તમારી અંદર વહે અને નસોની અંદરના લોહીને શક્તિ આપે. તે વિશ્વાસનું બળ તમારા શરીર, મન અને હિંમતને એટલા જ મજબૂત કરે. અસલી સાચી વિદ્યાનું ફળ દરેક જાતિના લોકો અને દરેક ધર્મની પાસે, મૂળભૂત એકતાની સાથે, તેની પાસે પોતાનું કંઈક વિશિષ્ટ પણ આપવાને માટે છે તે જાતની માન્યતા હોય છે. હકીકતમાં, ઇતિહાસમાં બીજો કોઈપણ દેશ નથી જેને ભારત જેટલા લાંબા સમય સુધી પરદેશી સત્તાના રાજથી હેરાન થવું પડ્યું અને દારુણ આફતોનું કેન્દ્ર બનવું પડ્યું છે. આટલું થવા છતાં, ભારતીયો કોઈપણ નવી આપત્તિવાળા તોફાનનો હિંમતથી સામનો કરવાને તૈયાર છે, કારણ તેમની જિંદગી હજી પણ ઓછે વધતે અંશે પ્રાચીન આદર્શો ઉપર દ્રઢતાથી આધારિત છે. તેમની જીવન જીવવાની રીતનો આ સ્થિર પાયો છે. ઈશ્વરમાં વિશ્વાસ એ આત્મામાં વિશ્વાસ છે. કોઈપણ ખચકાટ વિના, તેઓ માને છે કે તે શ્રદ્ધાએ તેમને માર્ગદર્શન આપી અને તેમનું રક્ષણ કર્યું છે.

ભારતીય જીવનના માર્ગદર્શક સિદ્ધાંતો દેશની ભૌગોલિક સીમાથી તેઓ માર્યાદિત થયા નથી. આ દેશના લોકો ઈચ્છે કે ના ઈચ્છે, તેઓ બીજા દેશોમાં પ્રસરી રહ્યા છે. તેઓ તેમના મૂલ્યોને તેમના વિચારો અને લાગણીમાં ધીમે ધીમે ઉતારીને તેમના સાહિત્યનું રૂપ બદલી રહ્યા છે.

પ્રાકૃતિક વિજ્ઞાનો આપણને માત્ર ખોરાક, કપડાં અને તેના જેવી બીજી વસ્તુઓ પૂરી પાડે છે. આધ્યાત્મિક વિજ્ઞાન માત્ર જ આત્મામાં બળ અને દ્રઢ નિશ્ચયતાનો ઉમેરો કરી શકે છે. વિદ્યાર્થીઓએ આ હકીકત ઉપર વિશેષ ધ્યાન આપવું જોઈએ. ખ્યાલ કરો - જયારે વ્યક્તિ પાસે પોતાની અંદર તાકાત અથવા દ્રઢ નિશ્ચયતા ન હોય, ત્યારે ભલે તેની પાસે અઢળક અન્ન, કપડા તથા તેવી વસ્તુઓ હોય, તેનો શો ઉપયોગ છે.

ફરીથી, જયારે દેશની સમૃદ્ધિને વધારવાની ઈચ્છા કરવામાં આવે છે, ત્યારે તમારે તમારી અંદર તમારાથી બની શકે તેટલી આધ્યાત્મિક સંપત્તિ એકઠી કરવી જોઈએ. ભૂતકાળમાં તે જરૂરિયાત જણાઈ હતી, અને જરૂરિયાતને પૂર્ણ કરવાના પ્રયત્નો થયા હતા. ભવિષ્યમાં પણ, આ જરૂરિયાત જણાશે અને પૂર્ણ પણ થશે. એટલે એમ કહેવાનું કે, બધી આદ્યાત્મિક રુચિઓ, માન્યતાઓ અને ઉત્કટ ઈચ્છાઓ જે અત્યારે નબળી અને વેર વિખેર થઇ ગઈ છે તેને એક બીજા સાથે એકત્રિત કરી વધુ મજબૂત કરવી પડશે.

ભારતીય ધર્મનું અનુપમ લક્ષણ મજબૂત પાયાને બનાવે છે. તેઓ આકાશ જેટલા વિશાળ અને પ્રકૃતિ જેટલા સનાતન છે. ધર્મના વિભાગ તરીકે પંથો અને સંપ્રદાયો વૃક્ષની શાખાઓ સમાન અસ્તિત્વમાં હોઈ શકે. વ્યક્તિએ તેને ખોટા તરીકે વખોડવાની જરૂર નથી. પરંતુ કોઈપણ શાખાએ બીજી શાખા સામે ઝગડો કે હરીફાઈ કરવી ન જોઈએ. જયારે તે બનશે, ત્યારે વૃક્ષનો વિનાશ થશે અને બધાનું પતન થશે. જયારે પંથો સ્પર્ધાત્મક રસાકસીમાં ઉતરશે, ત્યારે ધર્મનો નાશ થાય છે, અને દુનિયા પણ નાશ પામે છે. 'એકમ સત; વિપ્રાઃ બહુધા વદંતી.' (માત્ર એક અસ્તિત્વમાં છે; ડાહ્યાઓ તેને અનેક રીતે વર્ણવે છે).

આપણે દરેક જણ પાસે ઈશ્વરનું સ્વરૂપ અને ગુણો, તેમની પ્રકૃતિ અને લક્ષણો વિષે જુદા જુદા વિચારો છે. એક માણસ એવું પણ માને કે ઈશ્વરનું સ્વરૂપ અને લક્ષણો મનુષ્યના છે. બીજો એમ પણ માની શકે કે ઈશ્વરને મનુષ્યનું રૂપ અને નિશાનીઓ નથી પણ છતાં તે દેહધારી પ્રગટ થાય છે. બીજો એમ પણ માની શકે કે તે નિરાકાર છે. આ બધમાંના દરેક જણનાઅભિપ્રાયને

વેદોના વક્તવ્યો ટેકો આપે છે. કારણ બધાંને ઈશ્વરમાં શ્રદ્ધા છે, એટલે એમ કહેવાનું કે, એક અગમ્ય શક્તિ જે બધાનો સ્ત્રોત, આધાર અને પોષણ છે, એ શક્તિ બધાને અંદર સમાવી લે છે. આ સત્યનો વેદોમાં ઉલ્લેખ કરાયો છે અને ઝીણવટથી સમજાવવામાં આવેલું છે.

ઈશ્વર અથવા ભગવાનના નામ અને રૂપ વિષે જે પણ કોઈ ઉપદેશ અપાયો હોય છે તે બહુ મહ્ત્વનો નથી. તે ભેદો અને તફાવતો ઉપર આપણે ઝગડવાની જરૂર નથી. ઈશ્વર વિશેની માહિતી (આપવી) તે પૂરતી સેવા છે. ભારતીયો બીજાઓ જે અભિપ્રાય ધરાવે છે કે દુનિયા, કે જે વિશ્વનો એક ભાગ છે તે હજારો વર્ષ પૂર્વે અસ્તિત્વમાં આવ્યો અને ભવિષ્યમાં કોઈ સમયે તે લય પામશે, તેની સાથે સમંત થતા નથી. તેમજ શૂન્યમાંથી વિશ્વનો જન્મ થયો છે તે કથનને પણ તેઓ સ્વીકારતા નથી. તેઓ માને છે કે પ્રકૃતિ અથવા બહાર આવેલી કુદરત તે શૂન્યતામાંથી જન્મી નથી પરંતુ તે હંમેશા પૂર્ણ અને સંપૂર્ણ છે. તેને શરૂઆત નથી કે અંત નથી; તેને માત્ર સ્થૂળ અને સૂક્ષ્મ રૂપો છે. તે જ્ઞાનની કોઈ નિશાની નથી જેના પરથી અનુમાન કરી શકાય, કારણ ત્યાં કોઈ પૂર્ણ અને સંપૂર્ણનો પૂરાવો નથી, શરૂઆતમાં ત્યાં શૂન્ય હોવું જોઈએ. અસ્તિત્વના બીજા સ્તરોનો પણ વિચાર કરવો જોઈએ.

દાખલા તરીકે, મનુષ્ય તદ્દન શરીર માત્ર જ નથી; તેની પાસે, આ સ્થૂળ શરીરમાં, સૂક્ષ્મ શરીર, મન, અને બીજા શરીરો પણ છે, જે મન કરતા પણ વધુ સૂક્ષ્મ છે, જેનું નામ, જીવાત્મા, વ્યક્તિગત આત્મા અથવા સ્વ છે. આ છેલ્લા પાસે આદિ કે અંત નથી, તેમજ તેનામાં મુત્યુ કે વિનાશનો કોઈ અંશ નથી. ભારતીયો આ સત્યમાં મને છે. આ વિશ્વાસ અથવા શ્રદ્ધા વેદોએ જેનો ઉલ્લેખ કર્યો છે તેના ઉપર આધારિત છે. જયારે આપણે ઈશ્વરની પૂજા કરીએ છીએ ત્યારે આપણે આંખો બંધ કરીએ છીએ. આપણે આપણા મોંને ઊંચું કરી, ઉપર તરફ જોઈને આપણી બહાર ઈશ્વરને શોધવાનો પ્રયત્ન કરતા નથી. બીજાઓ એમ સ્વીકારે છે કે તેમના શાસ્ત્રો દૈવી પ્રેરણા પામેલી વ્યક્તિઓએ લખેલા છે, પરંતુ ભારતીયો માને છે કે વેદો પ્રમાણભૂત રીતે ઈશ્વરનો અવાજ છે, જે ઋષિ મુનિઓના હૃદયમાંથી ઉદ્ભવ્યો છે.

વિદ્યાર્થીઓ, જે કોઈ પોતાની જાતને, દિવસ અને રાત, ક્ષુદ્ર અને નબળા તરીકે વખોડે છે તે કદાપિ કશું પ્રાપ્ત કરી શકતો નથી. જે કોઈ કમનસીબ અને હલકો છે એમ વિચારે છે તે, તે દ્વારા કમનસીબ અને હલકો બને છે. એને બદલે, જયારે તમે જાગૃતતાને વિકસાવો કે તમે ઈશ્વરનો અંશ છો, તમારા અસ્તિત્વમાં દિવ્યતા પોતે જ છે, તો તમે ખરેખર દિવ્ય બની શકો છો, અને બધી શક્તિઓ ઉપર તમારી હકૂમત ચાલી શકે. 'તમે જેવું વિચારો, તેવા બની શકો'(યદ્દ ભાવમ તદ્ ભવતી). તમે કેવી લાગણી અનુભવો છો તે મહત્વનું છે. તેના આધાર ઉપર તમે જે કાંઈ છો તે છે. આત્મા, સ્વમાં શ્રદ્ધા રાખો. મનુષ્ય માટે આ જરૂરી છે. તેની ગેરહાજરીમાં, મનુષ્ય

રાક્ષસમાં નીચો ઉતરશે અને દુર્ગુણ અને દુષ્ટતામાં રાચશે.. તમારા પૂર્વજોએ  માત્ર તે શ્રદ્ધા દ્વારા જ સમૃદ્ધિ, શાંતિ અને આનંદને પ્રાપ્ત કરેલા અને તેમના ધ્યેયને મેળવવામાં સફળ થયા હતા. જયારે લોકો તે શ્રદ્ધાને ગુમાવે છે, ત્યારે તેઓ પડવા માટે નિશ્ચિત છે. કારણ, તે શ્રદ્ધા એ જિંદગીનો મૂળ પ્રાણ છે. જયારે પ્રાણ ન હોય ત્યારે મનુષ્ય શબ બને છે. તે વિશ્વાસના પ્રાણથી, તે દિવ્ય, શિવ જેવો પોતે બને છે. આત્મામાં વિશ્વાસ એ જ મનુષ્યમાં રહેલા શિવ સિદ્ધાંતની અભિવ્યક્તિ છે. તે વિશ્વાસ મનુષ્યને બધા પ્રકારની શક્તિથી યુક્ત કરી શકે અને તેને પૂર્ણ અને સંપૂર્ણ કરે છે. કારણ, આત્મા તેના પોતાના સ્વભાવથી સ્વાવલંબી    અને પૂર્ણ છે. તે અવસ્થાનો અનુભવ કરવા બીજી કોઈ સાધનાની જરૂર નથી.

શુદ્ધતા પણ આપનો સ્વભાવ છે; પરિપૂર્ણતા પણ આત્માનો સ્વભાવ છે. અશુદ્ધતા અને અપૂર્ણતા મનુષ્યને માટે અણજાણી વસ્તુ છે. વિદ્યાર્થીઓએ આ સત્યને અવગણવું કે ભૂલવું ન જોઈએ. સાચા શિક્ષણે આ વિશ્વાસને જાગૃત કરીને દરેક પ્રવૃત્તિમાં આ પૂર્ણતાના જ્ઞાનને અંદર ઉતારવાનું છે. આ અતિ આવશ્યક ધ્યેય છે, સાચા પ્રકારના શિક્ષણનું હાર્દ છે.

બીજું એક સત્ય છે તેને બીજા બધા કરતા વધારે આપણે ધ્યાનમાં રાખવું જોઈએ. ભારતીયો માટે ધર્મ એટલે અનુભવ, તેનાથી કશું ઓછું નહીં. આપણી અવસ્થા એવી છે કે કોઈપણ પ્રાપ્તિ ગણના પાત્ર નથી જ્યાંસુધી  સ્વ પ્રયત્ન દ્વારા મેળવી ન હોય. દરેક અમૂલ્ય વસ્તુને પોતાની જાતે કેળવવી જોઈએ. દિવ્યકૃપા વ્યક્તિગત પ્રયત્ન અને સાધનાની રાહ જુએ છે. ધર્મના ઉપદેશો અને આદેશોને સાચા અનુભવના સાધન દ્વારા આત્મસાત કરવા જોઈએ. વ્યક્તિ પોપટની જેમ તેને બોલવાનું શીખે તે પૂરતું નથી.

સત્યની સાથે એકરૂપ થવું પડે; આ સૌથી પહેલું પગથિયું છે. જેટલા જલ્દી આપણે સત્યને સમજીએ તેટલા જલ્દી ધાર્મિક સંઘર્ષો અને સાંપ્રદાયિક મતભેદો અદ્રશ્ય થઇ જશે. પરાત્પર (પરથી પર), સર્વવ્યાપી, સૌથી નજદીકથી પણ નજદીક; બીજી બધી વસ્તુઓ પાસે હોવા છતાં, ખરેખર દૂર થાય. આ સત્યથી જાગ્રત થવું જોઈએ. માત્ર ત્યાર પછી જ ગ્રંથીઓ જે હૃદયમાં ગૂંચવાયેલી છે ઢીલી પડી શકે છે.

પશ્ચિમની ભાષામાં, મનુષ્ય તેની 'જીંદગી' છોડી દે છે; પરંતુ ભારતીયોની ભાષામાં, મનુષ્ય તેનો  'દેહ' છોડી દે છે. પશ્ચિમના લોકો કબૂલ કરે છે કે તેમની પાસે શરીરો છે અને શરીરો પાસે આત્માઓ છે. ભારતીયો તે પ્રમાણે જાહેર કરતા નથી. તેઓ ખુલ્લે ખુલ્લું એમ કહે છે કે  મનુષ્યને

આત્મા છે અને આત્માને માર્યાદિત સમય માટે શરીરમાં આંતરી દેવાય છે. તેથી, તેમને એવું લાગે છે કે સંસ્કૃતિઓ અને સંસ્કારિતાઓ જે ઇન્દ્રિયગમ્ય સુખ અને સાંસારિક કીર્તિને શોધે તે રેતીના પાયા ઉપર બાંધેલા છે, અને તેઓ તૂટી પડે તે પહેલા થોડા સમય માટે પ્રકાશે છે.

વિદ્યાર્થીઓ, અનુકરણ કદાપિ સંસ્કૃતિ બની નહીં શકે. તમે ભલે રાજાનો ઝભ્ભો પહેરી તે પાત્રને ભજવો; પરંતુ તે અનુકરણના પરિણામ રૂપે તમે રાજા બની શકશો? વાઘનું વસ્ત્ર ધારણ કરેલો ગધેડો વાઘ બની નથી શકતો. અનુકરણ એ કાયરતાની નિશાની છે. તે વ્યક્તિની પ્રગતિમાં વધારો નહીં કરી શકે. ખરેખર, તે અનુકરણ કરવાની વૃત્તિ મનુષ્યને એક એક પગલે બેડોળ રૂપમાં નીચે ઉતારતી જાય છે. તમારે તમારીજાતને જેવી છે તેવી રાખી ઊંચે ચઢાવવાના પ્રયત્નો કરવા જોઈએ. તમે ભારતીયો છો તેનો ગર્વ કરવો જોઈએ. તમારે તમારા પૂર્વજો માટે ગર્વ ધરાવવો જોઈએ. તમારું આનંદસભર આગ્રહપૂર્વકનું કથન કે તમે ભારતીય (ભારતનું બાળક) છો તેમાં તમારા વખાણના પરાક્રમ રહેલા છે. તમારે બીજાનું અનુકરણ કરવાનું નથી અને તેમના વલણની નકલ કરવાની નથી, તેમ છતાં તેમનામાં જે સારું છે તેને મનમાં ઉતારો.

આપણે બીજામાંથી સારી વસ્તુ શીખવાની છે. આપણે જમીનમાં બી વાવીયે છીએ. આપણે તેને માટી, ખાતર અને પાણી આપીએ  છીએ. બીમાંથી અંકુર ફૂટે છે, નાનો છોડ બની વિશાલ વૃક્ષમાં વિકસે છે. તેને માટીમાં મૂકતા તે માટી બનતું નથી, તેમજ ખાતર ખાતા તે ખાતર બનતું નથી, તેમજ પાણીને પીતા તે પાણી બનતું નથી. તે દરેકમાંથી જે લાભકારી છે માત્ર તેને પોતે ગ્રહણ કરી લે છે. પછી તે જરૂરી વિશાળ વૃક્ષમાં, વિકસે છે.

તમે પણ તે પ્રમાણે વિકસો. તમારે બીજા પાસે ઘણું શીખવાનું છે. નાનામાં નાના પાસેથી સર્વોપરીને અને તેને મેળવવાના સાધનોને શીખો. બીજા પાસેથી પ્રગતિશીલ આધ્યાત્મિક સાધનાનું આચરણ કેમ કરવું તે શીખો અને તેમાં તમારીજાતને તરબોળ કરો. પરંતુ બીજા જેવા છે તેના જેવા ન બનો. મનુ સ્મૃતિમાનો આ સામાન્ય ઉપદેશ મનુષ્ય માટે છે. આ પાઠને વિદ્યાર્થીઓએ સમજવાનો છે. આ સૌથી પહેલો અને મુખ્ય, કસોટી કરે તેવો પાઠ છે.

## પ્રકરણ ૧૫

તમે અભ્યાસના અબજ ક્ષેત્રોમાં પ્રવીણ બની શકો, પરંતુ જો તમે વિરક્તિની વૃત્તિ કેળવી નહીં હશે, તો પ્રવિણતાનું કોઈ પરિણામ મળવાનું નથી. બીજા સાથે વહેંચો, બીજાની સેવા કરો, તે વિદ્યાનું મુખ્ય સૂત્ર, તેની સાચી અભિવ્યક્તિ છે. જયારે સેવાની ભાવના મનમાં ઉતારવામાં આવે છે ત્યારે શિક્ષણ ઉમદા બને છે. સેવા જે કરવામાં આવે, તે અલ્પ માત્ર પણ સંકુચિત સ્વાર્થી વૃત્તિ રહિત હોવી જોઈએ. તે પૂરતું નથી. કંઈક બદલામાં લેવાની ઈચ્છાથી સેવાના વિચારને નુકસાન ન પહોંચાડવું. તમે કોઈ મહત્વનો યજ્ઞ કે બલિદાન કરો છો  તે રીતે સેવાનો અમલ કરો. જેવી રીતે વૃક્ષ પોતાના ફળ ખાતું નથી પણ વિરક્તિની વૃત્તિથી બીજાને ખાવા માટે આપે છે, નદી જે પાણીને લઇ જાય છે તેને પીધા વિના, બીજાઓ જેનાથી હેરાન થાય તે તરસને છીપાવી અને ગરમીમાં ઠંડક આપે છે, જેવી રીતે ગાય તેના દૂધને આપે છે, જે મુખ્ય તો તેના વાછરડા માટે પેદા થયું હોય છે, ત્યાગમાંથી જન્મેલી ઉદારતાની ભાવના બીજા સાથે વહેંચે છે, તે જ રીતે જેમને વિદ્યા પ્રાપ્ત કરી છે તેમણે સેવાના હેતુથી પ્રેરાઈને અને તે પણ કોઈ સ્વાર્થના લાભની ગણતરી કર્યા વિના આપવી જોઈએ. માત્ર આરીતે જ તેઓ તેમના સજ્જન 'ઉમદા માણસ' તરીકેની તેમની પ્રતિષ્ઠાને પૂરવાર કરી શકે.

પ્રમાણભૂત વિદ્વાને તેના વિચારમાં પણ, કોઈપણ સમયે અહંકારને મનમાં રાખવાનો નહીં. તેમછતાં, કમનસીબી એ છે કે વિદ્વાનોનો એ વર્ગ અમર્યાદિત અહંકારથી દુઃખ પામી રહ્યો છે. પરિણામ રૂપે, તેઓએ ખોટા આદર્શોને પાળીને ખોટા માર્ગોને અપનાવ્યા છે. તેઓ શિક્ષણના લાભોને માત્ર તેમનીજાત ઉપર અને તેમના સગા સંબંધી ઉપર આપે છે. પરિણામે તેઓ સજ્જન તરીકેની તેમની પ્રતિષ્ઠા અને તે જે માન લાવી શકે તેને જતા કરે છે. વ્યક્તિએ પોતે જે જ્ઞાન, કુશળતા અને સૂક્ષ્મદ્રષ્ટિ પ્રાપ્ત કાર્ય હોય તેને ઉદારતાથી બીજાને આપવા જોઈએ. જો આમ નહિ કરવામાં આવે તે માનવ પ્રગતિ પોતે જોખમમાં મૂકાઈ જશે. જો આમ નહીં કરવામાં આવે તે માનવ પ્રગતિ પોતે જોખમમાં મૂકાઈ જશે. માનવજાતિના ઉત્તમ લાભને ઉત્તેજન આપવા માટે વ્યક્તિએ  પરોપકારની પવિત્ર પ્રેરણાને અને બીજાની સાથે વહેંચવાની વૃત્તિને વિકસાવવી જોઈએ.

'માનવ સેવા એ માધવ સેવા', તે પોપટ વાણી બધા મનુષ્ય સુધી પહોંચતી નથી. જેઓ આ સૂત્રને સહેલાઈથી જલ્દી બોલી નાંખે છે તેઓ કયા માણસને સેવાની જરૂર છે તેની શોધ કરતા નથી. તેમના પોતાના પેટને ભરવા માટે આતુર હોય છે; આ હેતુને માટે તેઓ તેમની

માનસિક ક્ષિતિજને તેમના પોતાના લોકોની જ ઉન્નતિ પૂરતી મર્યાદિત કરી દે છે. આ રીતે, તેઓ તેમણે મેળવેલા મૂલ્યવાન શિક્ષણને બરબાદ થવા દે છે. ઈશ્વર દરેક પ્રાણીમાં અવ્યક્ત સ્વરૂપે વસેલો છે તે હકીકતને મનુષ્ય ભૂલી જાય છે. કોઈપણ માણસને કરેલી સેવા ઈશ્વરને સમર્પણ થાય છે. શિક્ષિતોનો આ મુખ્ય ધ્યેય હોવો જોઈએ.

નર નારાયણ છે. મનુષ્ય ઈશ્વર છે. મનુષ્યના દરેકે દરેક કાર્યને ઈશ્વરની સેવાના કામ તરીકે ઉન્નત કરે છે. પરંતુ આજે વિદ્યાર્થીઓ ખરેખર નારાયણ શું છે અને ખરેખર નર શું છે તેને જાણતા નથી. જયારે વ્યક્તિ નર-નારાયણ સિદ્ધાંતને એકરૂપ કરી શકતો નથી ત્યારે તે શિક્ષિત છે એમ દાવો કઈ રીતે કરી શકે? તે અસ્તિત્વ ધરાવતી વસ્તુઓને ઉપનિષદો 'ત્વં અને 'તત' તરીકે સૂચવે છે. 'તમે' અને 'તે'. આ બે વિષે જેને ખ્યાલ નથી તે પોતાનીજાતને જાણે છે તેવો દાવો કરી નહીં શકે. જે શિક્ષણ વ્યક્તિને પોતાનીજાતને જાણે છે તેવો દાવો કરી નહીં શકે. જે શિક્ષણ વ્યક્તિને પોતાનીજાતને સ્પષ્ટ દેખાડી નહીં શકે, તો પછી બીજી કઈ વસ્તુને દેખાડવામાં તેનો ઉપયોગ થઇ શકશે? પરંતુ આપણા કમનસીબે, કેળવણી પામેલા કેળવણીકારો, આપણા ઉત્તમ લાભોને વધારવા અને આપણી સેવા કરવાને બદલે તેમને જોઈએ તેટલી વધુ પ્રમાણમાં બિનસેવા કરવામાં રોકાયેલા છે. તે ઘણી નવાઈની વાત છે. કેળવાયેલા લોકો માટે જેઓ તેમને મદદ કરે છે તેમની સેવા કરવાની નથી પણ જે તેમને નુકસાન કરે તેની પણ સેવા કરવાની છે. આ વૃત્તિ સેવાને બેવડી પવિત્ર કરે છે. જેઓ આપણી સેવા કરે છે તેમની સેવા કરવી તે કુદરતી પ્રતિક્રિયા છે. જેઓ આપણને નુકસાન કરે તેમની સેવા કરવી તે શ્રેષ્ઠતર ગુણ છે. આ પાછલી ક્રિયામાં આપણા પોતાના ઉત્તમ લાભની ઊંડી સમજ સમાયેલી છે અને સમય, સ્થળ અને પરિસ્થિતિની જાગરૂકતાના ખ્યાલનો પણ તેમાં સમાવેશ થાય છે. શિક્ષણે આ ગુણોને આપી વિકસાવવા જોઈએ.

અસંસ્કારી પ્રજા કે લોકો સાથે વ્યવહાર કરવાનો હોય, ત્યારે વ્યક્તિએ સાવચેતી વાપરવાની છે. તેવી જ રીતે, કૃતઘ્ની લોકો જેઓ એ તેમનું સારું કર્યું છે તે ભૂલી જાય છે તેવા સાથે પણ સાવચેત રહેવાનું છે. જે લોકો ખોટું કરે છે તેમને શિક્ષા કરવા માટે સરકાર કાયદા રૂપી સાધનનો ઉપયોગ કરે છે. પરંતુ શિક્ષિત વ્યક્તિ અને વિદ્યાર્થીઓએ તેને તદ્દન વખોડવા ન જોઈએ. તેણે તેના વિરક્તિના કુદરતી ગુણને વ્યક્ત કરવો અને મદદગાર થવાની લાક્ષણિક વૃત્તિને આચરવી જોઈએ.

માતૃભૂમિનું રક્ષણ કરવું એ ઉમદા ફરજ છે. દરેક વિદ્યાર્થીની તે પ્રાથમિક ફરજ છે. વિદ્યાર્થી એવો દાવો નહીં કરી શકે કે તે ઘણું શીખી ગયો છો જ્યાંસુધી તેની ફરજને શોધી અને અદા ન કરી શકે અને જયારે પરિસ્થિતિ એવા નિર્ણયની  માંગણી કરે કે તેનું તાકીદનું કાર્ય જે હોય તેનો અમલ કરે. શિક્ષિત માણસે અને ભણતા વિદ્યાર્થી બંનેએ સાદાઈ કેળવવાની છે; તેમણે આડંબરને દૂર રાખવો જોઈએ. જો તેમને આડંબરની ટેવ પડી ગઈ હોય તો તેઓ તેમના અસલી સ્વભાવને અથવા તેમના વ્યક્તિત્વને ગુમાવે છે. વિદ્યાર્થીઓએ આ મુદ્દાને બરોબર ધ્યાનમાં રાખવાનો છે. તે ઘણાં વિજ્ઞાનોમાં પ્રવીણ હોય કે મહાન બુદ્ધિશાળી તરીકે વિખ્યાત હોય, પરંતુ જો તેના બીજા સાથેના વ્યવહારમાં વિનમ્રતા અને શિસ્ત ન હોય તો તેની ચોક્કસ વિદ્વવાનો અને પંડિતોની બહાર ગણતરી થશે. આવી વ્યક્તિઓને સમાજ પણ માન નહીં આપે. થોડા સમય પૂરતું તેમને માન મળે પરંતુ તે વૃત્તિ બહુ જલ્દી ક્ષીણ થશે. આવું માન તેને કોઈ પ્રતિષ્ઠા મેળવશે નહીં. માત્ર નિષ્કપટતા અને સાદાઈ સન્માન  મેળવશે. તેઓ આનંદદાયક સન્માનને આપશે. વિદ્વતાનો દીવાનો દેખાવ માત્ર થોડા સમયની ખ્યાતિ અને ઉપહાસ લાવે છે. જયારે વ્યક્તિ આડંબરને ત્યજી દે છે, ત્યારે વ્યક્તિ લોકો તરફથી કાયમી માનને મેળવે છે. સાચું શિક્ષણ ત્યાગની ભાવનાનું જ્ઞાન, આડંબર માટે અણગમો, અને બીજાની સેવા કરવાની ઉત્કંઠા આપે છે.

કેટલાંક લોકો જેવું થોડું પણ જ્ઞાન પ્રાપ્ત કરે કે મોટું  માથું  લઈને ફરે છે. તેઓ દરેક ક્ષેત્રમાં નિપુણ હોય તેવો ઢોંગ કરે અને આખો દિવસ તેમની પ્રાપ્તિની બડાઈ માર્યા કરે છે. જાણે તેઓ બધું જાણે છે તેવો ડોળ કરી દમામ ભેર ચાલે છે. 'પતરાવળ જેના ઉપર આખું ભોજન પીરસવામાં આવે છે તે જમીન ઉપર નીચે પથરાય  છે. પતરાવળ જેના ઉપર કશું પણ મુકાયું નથી તે પવનના દરેક ઝાપટા સાથે ઊંચે ઉડે છે'. કહેવતમાં આ કહ્યું છે. તે જ પ્રમાણે, જે વ્યક્તિ પાસે ઘણી વિદ્વતા અને ઘણું કૌશલ્ય હોય છે તે નિરાભિમાની જિંદગી જીવશે. પરંતુ જેણે સાચું શિક્ષણ અને તે જે બળને બક્ષે છે તેને મેળવ્યા નહીં હોય તે દંભ અને ગર્વમાં જીવે છે. તેના દોષો બીજાને ખબર ન પડી જાય તે ઢાંકવા માટે ઘણી જેહમત ઉઠાવે છે. અંતે તે જહેમત સફળ થતી નથી. તેને બેવડું નુકસાન થાય છે - તે આનંદ અનુભવતો નથી તેમજ તે બીજાને આનંદ આપી શકતો નથી. તે હાંસીનું પાત્ર બની જાય છે.

તેથી, આડંબરની ઈચ્છાને તમારા મનમાં પ્રવેશ થવા ન દો. અહંકારને તમારી પાસે આવવા ન દો. નમ્ર રહો અને ઊંચા આદર્શોને વફાદાર રહો. પછી જ માત્ર તમે વિશ્વ શાંતિ અને સમૃદ્ધિના ઉદ્દેશ્યની સેવા કરી શકશો. 'શ્રેયસ્તે વિશ્વશ્રેયઃ' માત્ર જયારે વ્યક્તિ સારી બનાવામાં સફળ થશે ત્યારે જ દુનિયા પણ સારી બની શકશે. જે વ્યક્તિ સારા શિષ્ય બનાવામાં આતુર હોય

તેણે પોતાની સમક્ષ વિશ્વ શાંતિ અને સમૃદ્ધિના આદર્શને રાખવાનો. તેણે નિરાડંબરી બનવાનું છે. બીજાની સેવાનું તેણે વ્રત લેવાનું છે. સાચા શિક્ષણ અથવા વિદ્યાનો આ સાર છે.

વિદ્યા પ્રાપ્ત કરતા વિદ્યાર્થીમાં દયા, કરુણા અને દરેક જીવંત પ્રાણી તરફ પ્રેમ હોવા જોઈએ. પ્રાણી માત્ર તરફ દયા તેનો મૂળ સ્વભાવ હોવો જોઈએ. જો તેની હાજરી ન હોય, તો તે ગમાર બને છે. વિદ્યા એટલે બીજી બધી વસ્તુઓ કરતાં જીવંત પ્રાણી માત્ર તરફ કરુણાનો ગુણ વધુ. જો કોઈ માણસ બીજી કોઈપણ વ્યક્તિ તરફ દ્વેષ રાખે, તો તેના શિક્ષણનો કોઈ અર્થ નથી. ગીતામાં સલાહ અપાઈ છે, 'અદ્વેષ્ટા સર્વ ભૂતાનામ ', 'કોઈપણ પ્રાણી કે બધા તરફ દ્વેષ ભાવ નહીં' સમાન સંદેશાનો આશય છે. તે જ રીતે, ગીતા એના ઉપર પણ ચેતવણી આપે છે કે કોઈ પણ જીવંત પ્રાણીનું અપમાન, અથવા ઇજા અથવા તેના તરફ કરેલું બેધ્યાનનું કાર્ય ઈશ્વરનું કરેલું અપમાન, ઇજા અથવા બેધ્યાન બરોબર છે. 'સર્વ જીવ તિરસ્કારમ કેશવમ પ્રતિગચ્છતિ'. પ્રેમ અને કરુણા માત્ર માનવજાતિ પૂરતા મર્યાદિત હોવા ન જોઈએ. તેમને દરેક જીવંત પ્રાણીને તેમની બાથમાં લેવા જોઈએ .

ગીતા કહે છે,'સુની ચૈવ સ્વપેક્ષા, પંડિતઃ સમદર્શિનઃ' એટલે એમ કહેવાનું કે, શિક્ષિત માણસ જેને વિદ્યા દ્વારા વિનમ્રતા પ્રાપ્ત કરી છે તેને ગાય, બ્રાહ્મણ, હાથી, કૂતરો અને કૂતરાનું માંસ ખાનાર બધાની સાથે સમાન કરુણા અને ધ્યાન સાથે વર્તવું જોઈએ. આ રીતે બતાવેલી સમાન કરુણા પોતાનું પરિવર્તન કરીને મેળવનારું સમાન રીતે કલ્યાણ કરે છે. બધાનું શુભ ઇચ્છવું એ જેણે વિદ્યા પ્રાપ્ત કરી છે તેની નિશાની છે. જાતિ પૂરતી મર્યાદિત છે તેવી સંકુચિત દ્રષ્ટિને છોડી દેવી જોઈએ. ભારતીય સંસ્કૃતિ ઉત્તમ સત્ય, વિશાલ દ્રષ્ટિબિંદુ ઉપર ભાર મૂકે છે. વિદ્યાનો હેતુ આ આદર્શને શીખવવો એવો ભારતનો નિયમ સ્થપાયેલો છે. બીજા કોઈપણ દેશે તેના લોકોની સામે આવો ઉમદા બધાને સમાવી લેતો, લાભકારી આદર્શ મૂક્યો નથી.

આજના દિવસે, દેશ વિનાશનો સામનો કરી રહ્યો છે કારણ આ આદર્શને અવગણ્યો છે. વિદ્યાને સંપૂર્ણ રીતે મર્યાદિત કરી દીધી અને શિક્ષણ પદ્ધતિ સમગ્ર સામાજિક તંત્રને સંકુચિતતા અને કુટિલતાથી ભ્રષ્ટ કરી રહ્યું છે. તેથી, પદ્ધતિમાં નોંધનીય  ફેરફાર કરવાની જરૂર છે. અત્યારે આપણી પાસે માત્ર પુસ્તકિયું શિક્ષણ છે. પરંતુ જે પુસ્તકમાંથી શીખાયું છે તેને સામાજિક જીવનમાં આચરણ કરી તેની ખાત્રી કરી સુધારવું જોઈએ. માત્ર ત્યાર પછી જ મનુષ્ય અને મનુષ્ય વચ્ચેની સમાનતાનું જ્ઞાન મેળવી શકાય છે. તે દ્વારા ભણતરનું વિદ્યામાં પરિવર્તન થાય છે. ફક્ત વાંચન, લખાણ અને ગણિતમાં પ્રવીણતા મેળવવાથી વિદ્યા પ્રાપ્ત થતી નથી.

દરેક વિદ્યાર્થીએ, બૌદ્ધિક ખોજ કર્યા પછી, કયો ધ્યેય ઉત્તમ છે અને તેને વ્યવહારમાં લાવવા કઇ પ્રવૃત્તિ ઉત્તમ છે તે દરેક પ્રસંગ દરમ્યાન તેના માર્ગદર્શનને નક્કી કરવાનો છે. ધ્યેય અને પ્રવૃત્તિ બન્નેએ સમાજની જરૂરિયાતને  અને તેની પ્રગતિને મદદ કરવા જોઈએ. લોકો અન્યાય , હિંસા અને અનૈતિકતામાં સંડોવાવા ન જોઈએ. તેમજ તેમણે તેમના પોતાના લાભને પ્રથમ ધ્યાનમાં લેવો ન જોઈએ.

વિદ્યાર્થીઓએ  એક બીજા મહત્વના ગુણ તરફ મુખ્ય ધ્યાન આપવાનું છે - અંદરની અને બહારની બન્ને સ્વચ્છતા. જો આ બેમાંથી એકની પણ હાજરી ન હોય તો, તે વ્યક્તિ કોઈ પણ કાર્ય માટે નકામી થઇ જાય છે. તે જે કપડાં પહેરે, તે જે ચોપડીઓ વાંચે અને તેની આસપાસનું વાતાવરણ સ્વચ્છ હોવું જોઈએ. આ બહારની સ્વચ્છતા થઇ. એટલે એમ કહેવાનું કે, વ્યક્તિએ જીવવા માટે જે ભૌતિક પદાર્થોની સાથે વ્યવહાર કરવાનો હોઈ તે દરેકને સ્વચ્છ રાખવાના. દાંત અને આંખો, ખોરાક અને પાણી, તે બધા મેલથી મુક્ત હોવા જોઈએ. આ બધાને પરિણામે વ્યક્તિ તંદુરસ્ત હોય શકે છે. શરીરને દરરોજ ઘસીને નાહવું   જોઈએ, નહીંતર, ધૂળના થપ્પાથી ખંજવાળ અને ફોલ્લા નીકળશે. બીજાને ચેપ લગાડવાની તેઓ શરૂઆત કરશે. અને વ્યક્તિની પરિસ્થિતિ દુઃખદાયક બની જશે. ભલેને વ્યક્તિ પાસે એક કે બે જોડી કપડાં હોય, પણ તેમને પહેરતા પહેલાં ધોઈને સાફ કરવાની દરકાર લેવી જોઈએ. તેમણે મેલને એકઠો નહીં કરવાનો .

વ્યક્તિએ ગમે તેમ અભ્યાસ કરવાની ચોપડીઓને ગમે ત્યાં ફેંકવાની નહીં.  પાના ઉપર લીસોટા પાડવાના નહીં. કાગળ સ્વચ્છ અને ડાઘ વિનાનાં જાળવી રાખવાના. જે કોઈ તેમને જુએ તે વિદ્યાર્થીઓ વસ્તુને સ્વચ્છ રાખવામાં કેટલી દરકાર લે છે તેના વખાણ કરે. જે રૂમમાં તે રહે છે તેમાંથી ગંદી વાસ ન આવવી જોઈએ. વિદ્યાર્થી બધાનો પ્રેમ પોતાની તરફ ખેંચવાને શક્તિમાન હોવો જોઈએ. જે ઓરડામાં વિદ્યાર્થી રહે તે અને તેની આસપાસ ના વિસ્તારને સ્વચ્છ રાખવા જોઈએ. અને ઓરડાની અંદર દીવાલો ઉપર બીભત્સ ચિત્રો લટકાવવા ન જોઈએ. જે ચિત્રો ઉદાત્ત પ્રેરે અને ઊંચા આદર્શોને આંખની સામે દેખાય તેમ રાખવાના.

વ્યક્તિ, ગમે તેટલી પણ પૈસાવાળી હોય, પણ તંદુરસ્તી વિના તે સુખી નહીં હોય, તેની પાસે જે પૈસા છે તેનો પૂર્ણ આનંદ તે મેળવી શકતો નથી. એક ભોજન (ખાણું) તેને થકવી નાંખે છે;  ભોજન વિના તેને નબળાઈ લાગે છે. આ રીતે તે કદી પણ સુખી થયા  વિના ઘસડાયા કરે છે. તેથી, બાહ્ય સ્વચ્છતા તંદુરસ્તી અને સુખ બન્નેમાં વધારો કરાવે છે.

હવે પછી, આપણે આંતરિક સ્વચ્છતા ઉપર વિચાર કરીએ - એટલે એમ કહેવાનું કે, મન અને બુદ્ધિને ગંદકીથી મુક્ત, શાંત અને પવિત્ર રાખો. જયારે વિચારો અને લાગણીઓ અશુદ્ધ અને ક્ષુબ્ધ હોય, ત્યારે વ્યક્તિ શાંત સ્વસ્થ અને આનંદિત ન હોઈ શકે. જયારે મન મેલું થઇ જાય છે ત્યારે પ્રતિક્રિયા પણ ગંદી થઇ જાય છે. મનને સ્વચ્છ રાખવા, વ્યક્તિએ જેમાં બીજાઓ જે પ્રવૃતિઓમાં સંડોવાયા હોય તે પરિસ્થિતિનું સહાનુભૂતિપૂર્વક પૃથક્કરણ કરવાનું અને પછી તેની સામે કેમ પ્રત્યાઘાત કરવો તે નક્કી કરવાનું. વ્યક્તિએ નિર્ણય બાંધવામાં ઉતાવળા થવાનું નહીં. બીજાની પ્રતિક્રિયાઓને અપનાવવી તે ઇચ્છનીય નથી. વ્યક્તિએ બુદ્ધિપૂર્વક ભેદને પારખી અને ખોજ કર્યા પછી કોઈ પણ ક્રિયા કરવાનો નિર્ણય લેવાનો. 'કેટલાક કેટલીક ક્રિયાના પ્રવાહને અનુસરે છે કારણ તેઓ આપણા છે, તેથી, આપણે પોતે પણ તેને અનુસરીએ.' આ વલણ હલકું અને નીચું પાડવાવાળું છે, તે નબળાઈની નિશાની છે. તે મૂળભૂત અજ્ઞાનતાનું પરિણામ છે. ઘેટું તે રીતે વર્તે છે.

મનુષ્ય તરીકે જન્મી, શિક્ષિત વ્યક્તિ તરીકે ફર્યા પછી છતાંપણ ઘેંટાની માફક બીજાને મૂર્ખાની જેમ અનુસરીએ અને બીજાની વાણીના ઉછીના લીધેલાં વિચારોથી મનને મલીન કરે એવી વસ્તુઓને  અવગણવી જોઈએ.

બીજાના વિચારો અને જાહેરાતો ઘણીવાર અંગત હોય, અથવા લોકો વચ્ચે ધિક્કારની લાગણીને શરુ કરવા માટે હોઈ શકે. એને આપણી તરીકે શા માટે સ્વીકારી લઈ અને આપણે આપણી લાગણીઓને તે રીતે વાળીએ? આપણે આપણી વર્તવાની રીતને અને લાગણીઓને તે બીજાની તરીકે પૂરવાર થાય તે રૂપે ન વાળીએ. આપણે આપણી  શ્રદ્ધા, આપણો અનુભવ અને આપણી જન્મજાત પવિત્રતાને જતી ન કરવી જોઈએ.

હંમેશા આપણી શ્રદ્ધા માટેનું કારણ આપણે જાણી શકતા નથી. તે પેદા થઈને આપણા પોતાના ગણા અને અણગમા અને પ્રબળ લાગણીઓથી આકાર પામે છે, પરંતુ આપણે ગુસ્સો; ધિક્કાર, ઈર્ષ્યા અને દુષ્કૃત્યો જેમાં તેઓ ઘસડી જાય તેના લક્ષ્ય બનવાનું નથી. વિદ્યાર્થીએ વિશાળ અને અંદર સમાવી લે તેવી લાગણીઓને વિકસાવવાની છે. માત્ર ત્યાર પછી જ તે ઉચ્ચ શિક્ષણને પ્રાપ્ત કરવાનો અધિકારી બને છે. માત્ર ત્યાર પછી જ તે સમાજમાં માન  મેળવી શકશે. તેણે પોતાનીજાતને સંકુચિત, સ્વાર્થી વિચારો, લાગણીઓ અને યોજનાઓથી દૂર રાખવી જોઈએ.

## પ્રકરણ ૧૭

બધી ચિંતાઓ અને આફતોનું મૂળ કારણ ઈર્ષા છે. આપણે ભગવદગીતામાંથી શોધી શકીએ કે કૃષ્ણ વારંવાર અર્જુનને ચેતવે છે કે, 'અર્જુન, તારે ઈર્ષા રહિત થવાનું છે. ઈર્ષાનો ચેપ લગાડતો નહીં. ધિક્કાર ઈર્ષાના સંગાથમાં ચોક્કસ હોય છે. આ બે જોડિયા ખલનાયકો છે. તેઓ ઝેરી જીવાણુ છે. તેઓ માણસના વ્યક્તિત્વના મુખ્ય મૂળ ઉપર હુમલો કરે છે.

વૃક્ષ ફળ અને ફૂલોથી આંખને આંજી નાંખે એટલું સુંદર લાગે છે. પરંતુ જયારે નુકસાનકારક જીવાણુ તેના મૂળ ઉપર હુમલો કરવા લાગી ગયા હોય, તો વિચાર કરો તેની ભવ્યતાને શું થશે? આપણે એની સુંદરતાને વખાણ કરતા જોતા હોઈએ, ત્યારે ફૂલો ચીમળાઈ જાય, ફળો ખરી પડે અને પાંદડા પીળા થઇ પવનથી વેરવિખેર પડે છે. અંતે, વૃક્ષ પોતે સુકાઈ જાય છે, તે મરણ પામે અને પડી જાય છે. તે જ પ્રમાણે પણ, જયારે ઈર્ષ્યા અને ધિક્કાર હૃદયને ચેપ લગાડી કામ કરવા માંડે, ત્યારે તે માણસ ગમેતેટલો બુદ્ધિશાળી અને ઘણું ઊંચું શિક્ષણ મેળવેલો હોય, પણ તે પડે છે. તે સમાજના દુશ્મનમાં ફેરવાઈ જાય છે. તે મશ્કરીનું પાત્ર બને છે કારણ હવે તે માનવ રહેતો નથી. જાતિના સભ્ય તરીકે તેની ગણના થતી નથી. અંતે, તેના વિશ્વાસપાત્ર મિત્રો પણ તેણે છોડી તેના દુશ્મન બને છે. તેના જૂથના સભ્યોનું તે માન ગુમાવી દે છે અને બીજા પાસેથી સામાન્ય વિવેકનો ભાવ પણ મેળવતો નથી. તે તેના દિવસો કાયમને માટે દુઃખમાં ગાળે છે.

ઈર્ષા જેટલો દગાખોર કોઈ દુશ્મન પણ હોય નહીં શકે. જયારે વ્યક્તિ કોઈ માણસને વધુ શક્તિશાળી, અથવા વધુ જ્ઞાની, અથવા વધુ ખ્યાતિવાળો, અથવા વધુ સંપત્તિવાન અથવા વધુ સુંદર, અથવા સારા કપડાં પહેરેલા હોય તેણે તે જુએ છે તો તે ઈર્ષાની વેદનાથી પીડાય છે. વ્યક્તિને તે પરિસ્થિતિને માન્ય કરવાનું કે સ્વીકારવાનું મુશ્કેલ થઇ જાય છે. વ્યક્તિનું મન તેમને નીચા પાડવા અને લોકોના અભિપ્રાયમાં નીચા પાડવાના સાધનોને શોધે છે. આવા વલણો અને દુષ્ટ વૃતિઓ એ વિદ્યાર્થીઓના અને શિક્ષિતોના મનમાં મૂળ નાંખવા ન જોઈએ. આ બધી વસ્તુઓ તેમના ચારિત્ર્યને ભ્રષ્ટ કરે જ છે.

જયારે બીજાઓને સારા તરીકે વધાવે અને તેમના ગુણો અને આદર્શો જેને તેઓ પ્રિય ગણી પકડી રાખે છે તેણે માટે માન અપાય ત્યારે વિદ્યાર્થીઓએ આનંદ સભર ખુશ થવાનું શીખવું જોઈએ. તેમણે દ્રષ્ટિનું મોટાપણું અને હેતુઓની શુદ્ધતાને વિકસાવવી જોઈએ. તેમણે હંમેશ

જાગૃત રહેવાનું છે કે ઈર્ષાનો રાક્ષસ તેમના ઉપર કાબૂ નહીં જમાવે. તે રાક્ષસ ચોક્કસ તેમનામાં જે કિંમતી છે તેનો વિનાશ કરશે. તે તેમની તંદુરસ્તીની પાયમાલ કરશે અને પાચનશક્તિને હાનિ પહોંચાડશે. તે તેમની ઊંઘને હરામ કરશે. તે તેમની શારીરિક અને માનસિક શક્તિને શોષી લેશે  અને દીર્ઘકાલિન ક્ષયરોગીની અવસ્થામાં  તેને ક્ષીણ કરશે.

વિદ્યાર્થીઓએ જેઓ તેમના કરતાં વધુ સારુ કરે છે તેમનું અનુકરણ કરી સમાન વખાણ મેળવવાનો નિશ્ચય કરવો જોઈએ. તેમણે જ્ઞાનને પ્રાપ્ત કરવા અને બીજા જેટલા ગુણ (Marks) મેળવવા ખૂબ  પ્રયત્ન કરવો જોઈએ. તે યોગ્ય મહત્વાકાંક્ષા છે. તેને બદલે, જો તેઓ બીજાઓની પડતીની ઈચ્છા કરે, તેમને બાદ કરી પોતે એકલો જ માત્ર સફળ છે, તો તેઓ તેમના સંસ્કારહીન સ્વભાવને વ્યક્ત કરે છે. તે તેમને અધોગતિ તરફ લઇ જશે. તે ખતરનાક ઝેરી રોગ છે.

પોતાનીજાતના વખાણ કરવા અને બીજાને વખોડવા તે પણ તેના જેટલું જ પ્રાણઘાતક છે. પોતાની કૃપણ વૃત્તિને અને દુષ્ટતાને સંતાડવી અને સારાપણાનો મુખવટો પહેરવો, પોતાની ભૂલોનો બચાવ કરવો અને પોતાની પ્રાપ્તિને વિસ્તારીને કહેવી - આ બધા વિશિષ્ટ લક્ષણો છે. બીજામાં જે સારુ છે તેને અવગણવાની ટેવ અને તેમના દોષો શોધવામાં સતત મંડ્યા રહેવું એ એટલું જ ઝેરી છે. કોઈને પણ હલકા કરે તેવા શબ્દો કદાપિ બોલો નહીં. જયારે આપણને બીજા સાથે વધુ મિત્રતા હોય અને  તે ઘણાં ગમતા હોય, ત્યારે આપણને તે જે કાંઈ કરે તે સારુ જ લાગશે. જયારે પવન દિશા બદલે ત્યારે તે જ વ્યક્તિ ગમે નહીં  અને તે જે સારુ કરે તે પણ આપણને ખરાબ જ લાગે. આ બન્ને પ્રતિક્રિયાઓ ઊલટી સમજાય છે. તેઓ બિલકુલ સ્તુતિને પાત્ર નથી. સુમતિ શતકમાં આ પાઠનો બોધ આપતો એક શ્લોક છે. 'ઓ સુમતિ, (સદબુદ્ધિ વાળી વ્યક્તિ ) જાણ કે જયારે મિત્રતા ગાઢી છે ત્યારે ખોટું ખરું છે અને મિત્રતા ગુમાઈ જાય છે ત્યારે ખરું ખોટું છે.'

વિદ્યાર્થીએ પોતાનીજાતને સુમતિમાં  ફેરવવાની છે. તેને દુર્મતિમાં ફેરવાઈ જવાનું ટાળવાનું છે. અગ્નિના નાના સરખા તણખલાથી બળતણના મોટા ઢગલાને ભસ્મમાં ફેરવી દેવાય છે. ઘડો ભરેલું દૂધ ઝેરના એક ટીપાથી તદ્દન નકામું થઇ જાય છે. ઈર્ષ્યા અને ધિક્કારના તણખલા છે જે મનુષ્યમાં રહેલા ગુણોના ઝૂમખાંનો નાશ કરે છે.

વિદ્યાર્થીઓએ  તેમની લાગણીઓ અને પ્રતિક્રિયાઓ ઉપર સતત સાવધાની રાખવાની છે. તેમણે સ્વાર્થીપણું, ઈર્ષ્યા, ક્રોધ, લોભ અને એના જેવી બીજી દુષ્ટ વૃત્તિઓને દૂર રાખી તેમને મનમાં દાખલ થવા દેવાની નહિ. આ બધી જાળો છે જે વ્યક્તિને ફસાવી દે છે. આ દુષ્ટતાઓ મનુષ્યની પવિત્રતાને કચડી નાંખી તાબામાં લઇ લે છે, જેથી હવે પછી તેની કોઈ અસર એના (મન) ઉપર થાય નહીં. વ્યક્તિ પોતાની જાતને ભૂલી જે અને માણસ ચિત્તભ્રમમાંપડ્યો હોય તેમ ખરાબ માણસની જેમ વર્તન કરશે, સારા કે ખરાબની અસર - કશાનો વિચાર કર્યા વિના તે તેની જીભ જેમ ફરમાવે તેમ લવારો કરશે. તે તેના હાથો જેની તરફેણ કરે તે કામમાં પરોવશે.

આટલા તોફાનથી ઈર્ષ્યા અટકતી નથી. બીજાની બદનક્ષી કરાવવાના આનંદમાં તે આપણને આનંદ અપાવશે. યુવાનોમાં આ અનિષ્ટ બહોળી  રીતે ફેલાયેલું છે. તે કુદરતી રીતે તેમનામાં આવે છે, કારણ, તે અજ્ઞાનની નિશાની છે. આ ટેવમાંથી મુક્ત થવા માટે, વ્યક્તિએ વહેલા સ્વરમાં અને રાત્રે સૂતા પહેલા થોડો સમય ફાળવી, મનને તપાસવું અને જે અનીષ્ટોએ ત્યાં પગપેસારો કરી લીધો છે તેને શોધી કાઢવાના. વ્યક્તિએ ઈશ્વરને પ્રાર્થના કરવાની કે તેને આ વૃત્તિમાંથી બચાવે. જયારે આપણે એકવાર ઈશ્વરની કૃપાને પ્રાપ્ત કરી હોય, તો આવી મૂર્ખતાઓ આપણા ચારિત્ર્યને બગાડશે નહીં. જે સારાની સોબત રાખે, સારા કામમાં તે આનંદ મેળવે અને સારા શબ્દો તે ઉચ્ચારે તેની વિવેકી વિદ્યાર્થી તરીકે પરખ થઇ શકે છે.

આ કારણથી હું (સ્વામી) ઘણાં પ્રસંગોએ ભારપૂર્વક કહું છું, 'આંખો જે અનિષ્ટને  શોધે છે, કાં જે અનિષ્ટને જુએ છે, જીભ જે અનિષ્ટને માટે વલખા મારે છે, નાક દુર્ગંધને આનંદથી ભોગવે છે, અને હાથોને અનિષ્ટ આનંદ આપે છે - આ બધાને સંપૂર્ણ રીતે ટાળી દેવાના.' જે કોઈની પાસે આમાંનું કોઈ હોય તો તેને દૂર કરી દેવાનું. અન્યથા, વ્યક્તિનું ભવિષ્ય આફતભરેલું હોય છેજ. પાંચે ઇન્દ્રિયોના ખોટાનું પરિણામ પાંચ પ્રાણોનો વિનાશ અને પાંચ કોષોનો નાશ છે. ચોક્કસ, ઇન્દ્રિયો ક્ષણિક આનંદ અને સુખ આપે છે, પણ જેમ કહેવત કહે છે,'ઘડપણ રાહ જોઈ રહ્યું છે'. ઇન્દ્રિયગમ્ય આનંદ બહુ થોડા સમયમાં મોટું દુઃખ લાવે છે.

બીજા બધા મહત્વના ગુણો કરતાં પણ વધુ વિદ્યાર્થીઓને માટે આત્મવિશ્વાસની જરૂર છે. આત્મવિશ્વાસની ગેરહાજરી વ્યક્તિની પડતીની શરૂઆતનું ચિન્હ છે. આજે, દુનિયા વિનાશ અને પસ્તીનો સામનો કરી રહી છે કારણ લોકોએ પોતાનો આત્મવિશ્વાસ ગુમાવી દીધો છે. આત્મવિશ્વાસ એકલો દરેક માણસને શાંતિ અને સમૃદ્ધિ આપવા માટે શક્તિમાન છે. દરેક સ્થળે તે સારું જ મેળવશે. તે દરેક સ્થળે માન મેળવશે. તે જેને અડકશે તે સોનું બની જશે. જો વ્યક્તિને

પોતાનામાં જ વિશ્વાસ ન હોય, તો તે કઈ રીતે બીજામાં વિશ્વાસ મૂકી શકે? જયારે પણ તેને આવો વિશ્વાસ હોય, તો તે પ્રામાણિક અને દ્રઢ ન હોઈ શકે. વધુમાં વધુ તો તે કુત્રિમ અને ઉપરચોટિયો હોય છે. આવી વ્યક્તિને તેના માં, બાપ, પત્ની અને બાળકો કોઈમાં પણ વિશ્વાસ હોઈ શકે નહીં. તે માનવાનો ખાલી ઢોંગ કરે, એટલું જ બસ. તેથી તે દગાબાજ રીતે વર્તે અને તેના માં-બાપને હાનિ પણ કરી શકે.

તેથી આત્મવિશ્વાસ દરેક વિદ્યાર્થી માટે હોવો જરૂરી છે. જે વ્યક્તિઓ ન્યાયને વળગી રહ્યા અને સીધી જિંદગી જીવી ગયા તેવી વ્યક્તિઓ વિષેના પુસ્તકોનો વિદ્યાર્થીઓએ અભ્યાસ કરવો જોઈએ. તેમને ધર્મ શાસ્ત્રમાં લખાયેલા નૈતિક નિયમોને અવગણવાને બદલે તેમાં વિશ્વાસ કેળવવો જોઈએ. પુરાણો આપણા કલ્યાણ અને પ્રગતિ માટેના પાયાના આદર્શોને પૂરા પાડે છે.

શિક્ષકો દિશા અને ધ્યેયને ખુલ્લા કરે છે. વિદ્યાર્થીઓ રસ્તો તૈયાર કરે અને ભાવિમાં મુસાફરી કરે છે. માનવજાતિની કુશળતા અને બળ, પ્રતિષ્ઠા અને વ્યક્તિત્વ શિક્ષકોના ચારિત્ર્ય મનુષ્યની માન્યતાની અધિકૃત છાપ છે. શિક્ષકોએ તેમના શિક્ષણને અને જ્ઞાનને વિદ્યાર્થીઓના જ્ઞાનના અને કૃત્યોના સ્તરને ઊંચી અવસ્થા પર ચઢાવવાના મહાન કાર્યને માટે અર્પણ કરવા જોઈએ. તેઓ તેમનો વિદ્યાર્થીઓમાં જે ગુણોને અંદર ઉતારવા મદદ કરે છે તે સમાજના ઉત્થાન્ન માટે પણ આવશ્યક છે. જયારે ગુણો હૃદયમાં સ્થપાઈ જાય છે, ત્યારે મનુષ્ય પૂર્ણ વૈભવથી પ્રકાશે છે. સારા ચારિત્ર્ય વિનાની જીંદગી દીવા વિનાનું મંદિર, નકલી સિક્કો, તૂટેલા દોરાવાળા પતંગ બરોબર છે.

# પ્રકરણ ૧૮

જે શિક્ષકો તેમને મળતા પગારને ધ્યાનમાં લઇ શીખવે છે, અને વિદ્યાર્થીઓ તેમને કેવી નોકરી મળશે તેના વિચારો રાખી શીખે છે તે બન્ને ખોટા માર્ગને અનુસરી રહ્યા છે. ખરેખર તો, શિક્ષકનું કાર્ય શીખવવાની તેમની ફરજને બજાવી અને વિદ્યાર્થીઓને પ્રેરવા જેથી તેઓ તેમની સુપ્ત શક્તિને વિકસાવે અને તેમના કૌશલ્યમાં પરિપૂર્ણતા લાવી આગળ વધે. વિદ્યાર્થીનું કાર્ય તેની અંદરની દિવ્યતાને પ્રગટ કરે અને પોતાનીજાતને પોતાના જ્ઞાન અને કૌશલ્ય વડે સમાજની સેવા કરવા તૈયાર કરે.

મનુષ્યને ત્રણ સાધનોની બક્ષિસ મળી છેઃ મન જે તેને વિચારોમાં લપેટે છે, વાક્શક્તિ જે તેના વિચારોની આપ લે કરવામાં મદદ કરે છે, અને કાર્ય કરવાની શક્તિ જે દ્વારા તે તેના વિચારોનો , ક્યાં તો એકલા અથવા બીજા સાથે, પોતાને માટે અથવા બીજાને અમલ કરે છે. મન વિચારો ઘડે છે જે ક્યાં તો મદદગાર હોય અથવા નુકસાનકારક હોય છે. મન મનુષ્યને ઈચ્છાઓ અને નિરાશાઓમાં ઊંડા સંડોવીને બંધનમાં દોરી જઈ શકે છે. મન ગમા અણગમાનો જથ્થો છે. મનસ(મન) એ મનનની બેઠક છે.

મન બે પ્રવૃત્તિમાં રોકાયેલું છેઃ આલોચના અથવા આયોજન અને સંભાષણ અથવા સંવાદ. આ બન્ને જુદા માર્ગને અનુસરે છે. રોજના મનની સામે જે પ્રશ્ન આવીને ઉભા રહી જાય છે તેના ઉકેલ માં આતુર છે. સંવાદ પ્રશ્નોની વૃદ્ધિ કરે અને ઉકેલોને મર્યાદિત કરી ગૂંચવાડો પેદા કરે અને તેનો ઉકેલ લાવવાને ખોટા અને વિનાશક સાધનો અપનાવે છે. સવાર થી સાજઃ જ્યાં સુધી નિદ્રા મન ઉપર કાબુ નહીં જમાવે ત્યાંસુધી આંતરિક વાર્તાલાપ અને વિવાદસ્પદ બકવાસ ચાલુ રહે છે. તે નાદુરસ્તી ઉત્પન્ન કરે અને અકાળ વૃધાવસ્થા લાવે છે. બકવાસનો વિષય મૉટે ભાગે બીજાના દોષો અને ઉણપો, તેમનું નસીબ અને કમનસીબ હોય છે. આ સતત ચાલતો સંવાદ મનુષ્યના બધા દુઃખોના પાયામાં છે. તે મનને જાડા અંધકારના આવરણથી ઢાંકી દે છે. તે બહુ જલ્દીથી જંગલી રીતે ફેલાય છે અને મનુષ્યત્વની સાચી કિંમતને દબાવી દે છે.

જાગૃત અવસ્થા દરમ્યાન જે વાતો મનમાં રહે છે તે સ્વપ્નોમાં પણ ચાલુ રહી મનુષ્યનો આવશ્યક આરામ પણ હરિ લે છે. આ બધાનો અંતે સરવાળો, સાચું બોલવાનું, શૂન્ય. જ્યાં સુધી આ અવગુણમાંથી મુક્ત થવાને માણસ સફળ નહીં થાય ત્યાંસુધી કોઈ પણ માણસ પોતાને પૂર્ણ અને મુક્ત કહી નહીં શકે.

આંતરિક શાંતિના વિઘ્નમાંથી મુક્ત થવા માટે ઉપનિષદોમાં કેટલીક ઉપચારક સાધનાની સૂચના આપી છે. પહેલી સાધના પ્રાણાયામ, શ્વાસો શ્વાસનું નિયમન છે. પ્રાણાયામ કોઈ વ્યાયામ નથી, તેમજ મુશ્કેલ કસરત નથી. શ્વાસ અંદર લેવો તે પૂરકમ; ઉચ્છવાસ એ રેચકમ. એ બેની વચ્ચે શ્વાસને રોકી રાખવો તે કુંભકમ. શ્વાસને રોકી રાખવાના સમય દરમ્યાન, શ્વાસને અંદર લેતા અને ભાર કાઢતા મનને એકાગ્ર ચિત્ત  કરવાનું. જયારે ધ્યાન સ્થિર થાય ત્યારે અપ્રસ્તુત વસ્તુની આંતરિક વાતોનો અંત આવશે અને માનસિક તાકાત મેળવાશે.

બીજી સાધના ઉપયોગી પ્રવૃત્તિના કર્મમાં ડુબી જવું તે છે - એટલે એમ કહેવાનું કે, અહંકારની ભાવનાને ઓછી કરે, જે કાર્યો સારા અને દૈવી હોય તેવાથી લોકોની સેવા કરવાની. જયારે વ્યક્તિના વિચારો આવી પ્રવૃતિઓમાં રોકાઈ જાય, ત્યારે મન જે વાતોમાં ખૂંચેલું હોય તેમાંથી બહાર આવે છે.

ફરીથી, શ્રવણ, મનન અને નિદિધ્યાસન, જપ અને તપસનીસાધનાને શાસ્ત્રોએ નિયત કર્યા છે વધારે તો મનના  આ બકવાસને, માનસિક વાતોને શાંત કરવા, તત્વને સમજવાને માટે અને નહીં કે તેના સાક્ષાત્કાર માટે, કારણ જયારે મન સ્વચ્છ થઈને સ્પષ્ટ થાય ત્યારે જ તે આવા ઘન કામને પ્રાપ્ત કરી શકે છે. માત્ર ત્યાર પછી જ જે બોધો આપવામાં આવે અને અનુભવો અનુભવાય તે શુદ્ધ અને લાંછન વિનાના થઇ શકે છે.

મનુષ્યને પોતાનીજાતને ઉન્નત કરવા વાચાની – (શબ્દોનો ઉપયોગ), બક્ષિસ મળી છે તે બીજું સાધન છે. વાણી અનહદ શક્તિથી ભરેલી છે. વાણી દ્વારા જયારે આપણે કોઈ માણસને કંઈક આંચકો આપીએ છીએ, શબ્દો તેના શારીરિક બળ અને માનસિક હિંમતને નીચવી નાખે છે. તે ઉભા રહેવાને અશક્તિમાન થઇ જમીન ઉપર પડી જાય છે. બીજી તરફ, જયારે આપણે વાણી દ્વારા કંઈક ખુશીની ખબર આપીએ, અથવા અણધારેલી આનંદની, તો તે હાથીની તાકાતને મેળવી લે છે. શબ્દોને ખરીદવાને કોઈ કિંમત નથી પરંતુ તેઓ અમૂલ્ય છે. તેથી તેમને દરકારથી વાપરવાના છે. ગપ્પા, જે નિરુપયોગી છે તેને માટે તેનો ઉપયોગ કરવાનો નથી, પરંતુ શુદ્ધ અને માતબર હેતુઓ માટે જે ઉપયોગ કરવાનો છે, વાણીના દુષણોની શુદ્ધિ માટે પૂર્વજો મૌન વ્રતની ભલામણ કરતા હતા. ઈશ્વરના આંતરિક દર્શન માટે મનને અંદર તરફ વાળ્યું હોય અને વાણીને બાહ્ય દર્શન તરફ વાળી હોય, તો બન્ને આધ્યાત્મિક બળ અને સફળતા મેળવવામાં વધારો કરશે.

## પ્રકરણ ૧૯

મનુષ્ય વિચારવા, બોલવા અને કાર્ય કરવા જે ત્રણ સાધનોનો ઉપયોગ કરે છે તેમાં વિચાર જે વાણી દ્વારા વ્યક્ત થયો તેનો અમલ કરવાને હાથોવાળું શરીર ત્રીજું સાધન છે. મનુષ્ય જે બધા સુખ અને દુઃખમાં ગૂંચવાઈ ગયો છે તેનું મૂળ સ્ત્રોત કૃત્ય, કામ, મજૂરી જેમાં મનુષ્યના હાથો રોકાયેલા છે તે છે. મનુષ્ય ખાત્રીથી કહે છે કે તે સુખી છે અથવા તે ચિંતાતુર અને ગભરાયેલો છે અથવા તે મુશ્કેલીમાં છે. આ પરિસ્થિતિઓનું કારણ તે પોતાની જાત સિવાય બીજી કોઈ વ્યક્તિ ઉપર આરોપણ કરી દે છે. આ માન્યતા ખોટા પાયા ઉપર આધારિત છે. સુખ અને દુઃખ મનુષ્યના પોતાના કર્મોને કારણે છે. વ્યક્તિ આ સત્યનો સ્વીકાર કરે કે તેનો અસ્વીકાર કરે, પરંતુ વ્યક્તિએ પોતાના બધા જ કર્મોના પરિણામને ભોગવવા પડે છે. આ કુદરતનો નિયમ છે. વ્યક્તિ ઉનાળો કે શિયાળામાં, અગ્નિ કે વરસાદમાં નહીં માને, પરંતુ તે ગરમી અને ઠંડીમાંથી બચી નહીં શકે. તેમછતાં, તેમની અસર તેના ઉપર પડશે. તેથી, ઉત્તમ માર્ગ તો આપણી પ્રવૃત્તિઓને યોગ્ય રસ્તે વાળવી તે છે.

માનવ પ્રવૃત્તિ અથવા કર્મમાં માત્ર હાથો જ એકલા અવયવો અથવા સાધનો ગૂંથાયેલા છે એવું નથી. જે કાંઈ કરાય છે, જે કાંઈ જોવાય છે, જે કાંઈ સંભળાય છે, તેની પવિત્રતા માટે વ્યક્તિએ સાવધ રહેવાનું છે. વિચાર, વાણી અને કર્મો, અહંકાર, લોભ અને ધિક્કારથી મુક્ત હોવા જોઈએ. વ્યક્તિ જે શબ્દો બોલે તે આ દોષ રહિત હોવા જોઈએ. વ્યક્તિ જે વાતો સાંભળવા માટે આતુર હોય છે તે આ ઉપરછલ્લી આકર્ષક ગુણોથી મુક્ત હોવી જોઈએ; વ્યક્તિ જે સુખને મેળવવાનો પ્રયત્ન કરે છે તે અનિષ્ટથી દુષિત થયેલું ન જોઈએ. વિદ્યાર્થીઓએ પહેલાં આ માનસિક બોધને આત્મસાત કરવા જોઈએ અને તેની અસર તેમની વાણીમાં પ્રદર્શિત કરવી જોઈએ. જે બોધ શબ્દો દ્વારા શીખવાય છે તેને તેમણે તેમના કૃત્યોમાં ઉતારવા જોઈએ.

આજે કોઈ પણ રીતે, શિક્ષણ પરિવર્તન કરતું નથી. કાન દ્વારા સાંભળવાના ક્રમથી જ તે અટકી જાય છે. જે કાનમાં પ્રવેશે છે તે મનમાં સ્પષ્ટ નહીંપણ થતું હોય; અને તે મનમાં માત્ર અસ્પષ્ટ રૂપે જ પહોંચતું હોઈ શકે. તેથી આખું શિક્ષણ એવી રીતે આપવું જોઈએ કે મન તેને સ્પષ્ટ રીતે સ્વીકારે. આ ધ્યેયને પ્રાપ્ત કરવા, માથા, જીભો અને હાથો જે પવિત્ર હોય, કોઈ કલંક વિકૃત નહીં કરતું હોય તેમની દ્વારા તેને પહોંચાડવું જોઈએ. માત્ર ત્યાર પછી જ શિક્ષણ સ્પષ્ટ થશે અને ડહાપણ પ્રકાશિત થશે.

વિદ્યાર્થીઓ માત્ર થોડા વર્ષો માટે અભ્યાસ કરે છે. પરંતુ શિક્ષકોએ તેમના ધંધામાં ચાલુ રહેવાનું ન્યાયી ઠરાવવા માટે, હંમેશા તેમણે  અટકયા વિના અભ્યાસમાં રત રહેવું પડે  છે. તેથી એકલા શિક્ષકોની જ સાચા વિદ્યાર્થી તરીકે ગણના થાય છે. સાચો વિદ્યાર્થી કોણ છે તે પ્રશ્નનો જવાબ 'શિક્ષક' છે. 'હું આદર્શ વિદ્યાર્થી બની શકું જેનું મારા વિદ્યાર્થીઓ અનુકરણ કરે; આ મુદ્રાલેખ હોવો જોઈએ જે શિક્ષકને પ્રેરણા આપે. આવા શિક્ષકે જરૂર તેમની ફરજને જાણી લીધી છે. શિક્ષકે વિદ્યાર્થીના સ્ટાર ઉપર નીચા આવવું જોઈએ. જો તે તેમ ન થાય અને શીખવવાનું ચાલુ રાખે, તો વિદ્યાર્થીના ભાવિની કલ્પના કરી લો.

આ પ્રક્રિયાને 'અવતરવું' (નીચે ઉતરવું) કહે છે. તેનો અર્થ એવો નથી થતો કે ટોચ ઉપરથી નીચે જમીન ઉપર ઉતરી પડવું. એનો અર્થ એટલો જ કે જે વ્યક્તિને લાભ થવાનો છે તેના સ્તર સુધી નીચે આવવાનું સ્વીકારવું. જયારે માતા બાળકને પોતા પાસે આવવા બોલાવે છે, ત્યારે જમીન ઉપરનું બાળક માતાના હાથમાં પહોંચવા માટે કૂદી નથી શકતું. જો માતાને એવું લાગે કે, હું મોટી છું. હું વાંકી નહીં વળી શકું' તો તે બાળકને લઈ શકતી નથી. નીચા નમવાથી માણસ નાનો બની નથી જતો. શિક્ષક પણ જયારે વિદ્યાર્થીને શીખવવા માટે તેના સ્તર સુધી નીચે ઉતરે છે ત્યારે તે કંઈ પોતાની જાતને નીચી પાડતો નથી. તે તો માત્ર પ્રેમનું સ્તુત્ય ચિન્હ છે.

ઘણાં શિક્ષકોને આજના સમયમાં એવું કહી દેવાની ટેવ પડી ગઈ છે. 'જુઓ, આજને માટે મેં એક વિષય ઉપર એક પાઠ તૈયાર કર્યો છે. મારી ફરજ તેના ઉપર બોલવાની છે. હું તેટલું જ કરીશ અને ચાલી જઈશ.' છોકરાઓએ તે પાઠને યોગ્યરીતે ગ્રહણ કર્યો છે? કયો વિષય કઈ રીતે અને કઈ પદ્ધતિએ શીખવવો જોઈએ? આ પ્રશ્નો તેમને હેરાન કરતાં નથી. તે ઉપરાંત તેમણે પણ એવો વર્તાવ કરવો જોઈએ જેવો તેઓ વિદ્યાર્થીને સલાહ આપે છે તથા તેમની પાસે તેવા વર્તનની આશા રાખે છે. જયારે તેમને પાઠો પ્રેમ સહિત શીખવવામાં આવે છે ત્યારે શિક્ષક માટેનું તેમનું માન પણ વધે છે. દરેક શિક્ષકે બાળકના સમગ્ર વિકાસને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમણે તેમનું પોતાનું હૃદય પ્રેમ દ્વારા વિશાળ કરવું જોઈએ, અને પોતાના લાભને વધારવા માટે પોતાની જિંદગીના વર્ષો બગાડવા ન જોઈએ.

શિક્ષકે ભાગલા પાડવાની વૃત્તિને વિકસાવવી ન જોઈએ. પ્રાચીન સમયના ઋષિઓ અને સંતો તેમના વિદ્યાર્થીઓ અને તેમના પોતાના સંતાનો સાથે સરખા પ્રેમથી વર્તતા હતા. શિક્ષકો આ સ્વભાવના છે તેવો વિશ્વાસ આજે આપણા ગુમાવી દીધો છે. જયારે આચાર્યનો દીકરો એક

હોલમાં પરીક્ષાના પ્રશ્ન પત્રનો જવાબ લખતો હોય ત્યારે તે હોલમાં આચાર્યનો નિરીક્ષક તરીકે નહીં રાખવાના, નહીંતર તે તેના દીકરાને ખરા જવાબ લખાવી દે અને સારા ગુણ મેળવવામાં મદદ કરે. પરંતુ અસલના સમયમાં આશ્રમોમાં ગુરુ આવો કોઈ પક્ષપાત કે પસંદગી બતાવે તેવી કોઈ શંકા ઉત્પન્ન થતી ન હતી. આજે ભ્રષ્ટતા વિચાર, વાણી અને કર્મોમાં દરેક સ્તર ઉપર પ્રવેશી ગઈ છે. તેથી આ સાવચેતીઓ શિક્ષકોએ પોતાની લાગણીઓને શુદ્ધ કરવા સાધનાની જેમ અપનાવવી જોઈએ. જેનાથી તેઓ ગુરુ તરીકેની પ્રતિષ્ઠા અને અધિકારને મેળવી શકે. સાચા ગુરુએ વિદ્યાર્થીને યોગ્ય અને સુખી જીંદગી તરફ દોરી જવા જોઈએ. સાચા વિદ્યાર્થીએ આતુરતાથી અને પૂજ્યભાવથી પ્રતિક્રિયા કરવાની છે.

વિદ્યાર્થીના ચારિત્ર્ય અને પ્રવૃત્તિના લક્ષણ માટે શિક્ષકો જવાબદાર છે. કારણ તેઓ તેમની વિદ્વતા અને નેતાગીરીથી યુવાનો ઉપર ઊંડી છાપ પાડે છે. તેથી તેમણે સ્વસત્તાના વધારામાં અને રાજકીય દાવપેચમાંથી ચોખ્ખા રહેવાનું અને જિંદગીમાં આધ્યાત્મિક જ્ઞાન એકલાને જ તેમના આદર્શ તરીકે રાખવાનું. બધા શિક્ષક સભ્યોએ પોતાની વચ્ચે ભાઈ જેવો સંબંધ રાખવાનો. વિદ્યાર્થીઓ શિક્ષકો વચ્ચેની હરીફાઈ અને મતભેદોથી વાકેફ થઇ જાય છે. ચોક્કસ, મતભેદો અનિવાર્ય છે અને ઉપયોગી પણ બની શકે છે. પરંતુ તેમણે અન્યોન્યના સંબંધોને બગાડવા ન જોઈએ, તેમજ સંસ્થાની પ્રગતિને રોકવાની નહીં અને શિક્ષણના અને શીખવાના ક્રમોને ઉલટી રીતે અસર કરવાની નહીં. આ ક્ષેત્રોમાં તેઓએ એક બીજા સાથે મસલત કરી સહકાર કરવો જોઈએ.

વિદ્યાર્થીઓમાં પણ હેતુની એકતાની ભાવના અને ભાઈચારાનો સંપ આપણને તે મળતો દેખાતો નથી. સદ્દભાવ અને સત્સંગ જૂજ બન્યા છે; આપસમાં પ્રેમ અને સારી સોબત માટેની આતુરતા નબળી પડી ગઈ છે. 'જેવો રાજા, તેવી પ્રજા', કહેવત કહે છે. 'જેવા શિક્ષક, તેવો વિદ્યાર્થી', તેના જેટલું જ સાચું લાગે છે. તેથી, શિક્ષકોએ ત્યાગમાં તરબોળ જીંદગી અને ઊંચી વિચારસરણીમાં રસ રાખવાનો છે. રસાયણશાસ્ત્ર કે ભૌતિકશાસ્ત્ર જે વ્યક્તિ નિષ્ણાત હોય તે જીવવિદ્યાવિજ્ઞાનમાં જે નિષ્ણાત હોય તેના જેટલું તે શાસ્ત્રમાં જાણકાર નહીં હોય. પરંતુ તેઓ બધાએ મળી સંપીને મૈત્રી ભાવે એક જૂથ થઇ કામ કરવાની જરૂરત છે. વ્યક્તિએ જે કોઈ વિજ્ઞાનમાં નિપુણતા મેળવી હોય છતાંપણ આત્માનું વિજ્ઞાન, જે વિજ્ઞાન અંતિમ સત્ય તરફ લઇ જાય છે તેમાં પણ નિપુણતા મેળવવી જોઈએ. અટોમિક રિસર્ચ સેન્ટરમાં મેં કહ્યું હતું કે દરેક વસ્તુમાં શક્તિ સુપ્ત પડેલી છે - કાગળના એક ટુકડામાં પણ તે છે, કપડાંની એક પટ્ટીમાં પણ તે છે. જયારે તે સુપ્ત શક્તિ ખલાસ થઇ જાય ત્યારે મૃત્યુ થાય છે. જયારે શક્તિનો સંચાર થાય છે,

ત્યારે જન્મ થાય છે. સત્ત - ચિત્ત - આનંદ શક્તિ છે. આપણે (સત્ત) (ચિત્ત) સુખી (આનંદ) છીએ. શક્તિ બધું છે અને શક્તિ ઈશ્વરમાંથી મેળવાય છે. તે જ મનુષ્યનો મૂળ પાયો (આધાર) છે. હમણાં, આપણે ઉપરના ચણતરનું કામ પાયા ઉપર નહીં પણ બીજી કોઈ જગ્યાએ કરી રહ્યા છીએ. દિવ્ય સિંદ્ધાતના મૂળ પાયાને જ આપણે અવગણી રહ્યા છીએ. આપણે વિષયો અને તેનો અભ્યાસ જે આપણું પેટ ભરવાને અને ભૌતિક રીતે સુખી અને શક્તિશાળી બનાવવાનું વચન આપે છે તેનાથી મુગ્ધ થઇ ગયા છીએ. પરંતુ કઠોર સત્ય તો બધાની નીચે દિવ્યતા છે. આ બધાની પાછળ એક તત્વ છે તે પરમ સત્ય માણસે જાણવું જોઈએ. અથવા ભાઈચારા અને પ્રેમનું વ્યવહારુ સત્ય જાણવું જોઈએ. આ બે મુદ્દાઓ મર્યાદા છે જેને શિક્ષણે કાયમ મનમાં રાખવા જોઈએ - જે શરૂઆતમાં બિંદુ છે અને અંતિમ ધ્યેય છે.